# ધર્મમંગળ

વ્યાખ્યાનકાર

ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી મહારાજ

સંપાદક

શ્રીયુત સુશીલ

# ધર્મમંગળ

વ્યાખ્યાનકાર

ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી મહારાજ

સંપાદક

શ્રીયુત સુશીલ


પ્રકાશક :—

શાહ વનેચંદ ધરમશીભાઈ

શાહ દેવશીભાઈ વેલશીભાઈ

ભાવનગર.

વીર સં. ૨૪૭૦ ] ∴ [ વિ. સં. ૨૦૦૦

લીંબડીવાળા સ્વર્ગસ્થ શાહ ધરમશી
ઝુંઝાભાઈના સ્મરણાર્થે તેમના સુપુત્ર
ભાઈ વનેચંદ ધરમશીભાઈ તરફથી
૫૦૦ કોપી ભેટ

મુદ્રક—
શેઠ ગુલાબચંદ દેવચંદ
આનંદ પ્રી. પ્રેસ-ભાવનગર.

# ધર્મમંગળ

org

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥

—અહિંસા, સંયમ, તપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. જેનું મન સદા એ ધર્મમાં લાગેલું છે તેને દેવો પણ નમે છે.

× × × ×

શ્રમણસંસ્કૃતિ મંગળ-પ્રધાન છે. સુખની પાછળ દોડનાર ખરું જોતાં તો મૃગજળ પાછળ જ દોડતો હોય છે. પણ સુખ કરતાં મંગળને જેણે ઉત્કૃષ્ટ માન્યું, સંયમ-તપ ને અહિંસામાં ઉત્કૃષ્ટ ધર્મમંગળ છે એવી શ્રદ્ધા સ્થાપી તેને આકુળતા મૂંઝવી શકતી નથી. સંયમી-તપસ્વી અહિંસક નિરાકુળ બની જાય છે. અને જેણે જીવનમાં નિરાકુળતા અનુભવી તે મંગળ-માર્ગનો પથિક બનવા સાથે, પોતાની અંદર ઘૂઘવતા અનંત સુખ-શાંતિના મહાસાગરની શીતળ લહેરો માણે છે. એટલે જ શ્રમણસંસ્કૃતિના જ્યોતિર્ધરોએ મેઘગંભીર સ્વરે ગાન કરેલ છે:

સર્વમંગળમાંગલ્યં સર્વકલ્યાણકારણં
પ્રધાનં સર્વધર્માણાં જૈનં જયતિ શાસનમ્

# અનુક્રમ


| | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | આસક્તિ | ૧ |
| ૨ | સંયમ | ૧૪ |
| ૩ | આધ્યાત્મિક આરોગ્ય | ૨૭ |
| ૪ | ધર્મ સમાજનું રક્ષણ કરે છે | ૩૭ |
| ૫ | જીવનનો મૂળપ્રશ્ન | ૪૯ |
| ૬ | સમ્યગ્દર્શન | ૫૮ |
| ૭ | નમો અરિહંતાણું | ૬૮ |
| ૮ | ક્રાંતિકારી ત્રિપદી | ૭૯ |
| ૯ | અનેકાંતવાદ | ૮૮ |
| ૧૦ | ધર્મ અને સમાજ | ૯૭ |
| ૧૧ | તપ અને જ્ઞાન | ૧૦૭ |
| ૧૨ | ભાવશૂન્ય ક્રિયા | ૧૨૦ |
| ૧૩ | ગુણસ્થાન | ૧૩૧ |
| ૧૪ | સંઘસેવક | ૧૪૧ |
| ૧૫ | ભ૦ મહાવીર | ૧૪૯ |

# ભૂમિકા

ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી મહારાજ કચ્છી સં. ૧૯૯૮નું ચાતુર્માસ ભાવનગરમાં રહ્યા હતા. એ વખતે એમનો વિશેષ પરિચય થયો. એમના વિચારોનીઉદારતા અને ગુણગ્રાહકતા જોતાં તેઓ સર્વ પક્ષાગ્રહોથી પર છે એવી કોઇ પણ શ્રોતાના દિલ ઉપર છાપ પડ્યા વિના ન રહે. એમના વ્યાખ્યાનોમાં પણ શ્રમણસંસ્કૃતિના સૂર ઝણઝણી ઊઠે છે. મતાગ્રહ કે સંકુચિત સ્થિતિચુસ્તતા એમને મુદ્દલ પ્રિય નથી. વાર્તાલાપ અને વ્યાખ્યાનોમાં પણ મુખ્યત્વે તેઓ આત્મકલ્યાણ, સામાજિકતા અને સંઘ–સંગઠનના જ પ્રશ્નો ચર્ચે છે. ચાતુર્માસ દરમિયાન એમણે આપેલા વ્યાખ્યાનોની ટૂંક નોંધ કે જે ભાઈ રસિકલાલ નરોત્તમદાસ ખંધારે રાખેલી તે મને જ્યારે સુપ્રત કરવામાં આવી અને એ ટીપ્પણ ઉપરથી વ્યાખ્યાનો તૈયાર કરવાની સૂચના મળી ત્યારે મને એક પ્રકારનો આનંદ થયો. ઉપાધ્યાયજી મહારાજના વિચારોથી હું પરિચિત હતો. મેં એ વ્યાખ્યાનોમાં ખૂટતી કડીઓ ઉમેરી વ્યાખ્યાનો બોધક ને માર્ગદર્શક બને એ પદ્ધત્તિએ આ પુસ્તકમાં ગૂંથ્યાં છે. ઉપા. મહારાજ વિહાર કરી ગયેલા હોવાથી દરેક વ્યાખ્યાન એમની નજર નીચેથી પસાર કરાવવાનું બની શક્યું નથી, એટલે પૂરતી કાળજી રાખવા છતાં ઉપા. મહારાજને ક્યાંય અન્યાય થવા પામ્યો હોય તો તેને માટે હું જવાબદાર છું. એ સિવાય આ પુસ્તક વિષે મારે બીજું તો શું કહેવાનું હોય?

સુશીલ

## શ્રી વૃજપાળ જૈન પુસ્તક પ્રકાશન કાર્યાલયના

# મૌક્તિકો

૧ કર્તવ્ય કંકણ.
૨ મૃગાવતી સતીનો રાસ.
૩ તત્વાવતાર (સંસ્કૃત)
૪ વિવિધ પુષ્પવાટિકા.
૫ તત્ત્વાર્થ સૂત્ર-સાર્થ.
૬ સિદ્ધાંતરહસ્ય ભાગ ૧ લો.
૭ વિવિધ વિષય રત્નાવળી.
૮ વિદ્યમાન તીર્થંકર=વિંશતિ
૯ યાને સંગ્રહશતક (સાર્થ). પોષધ વ્રત
૧૦ ગહુંલી સંગ્રહ.
૧૧ ઠાણાંગ સૂત્ર ભાગ ૧ લો.
(પત્રકારે મૂળ અને ટીકાના ભાષાંતર સહિત).
૧૨ ધર્મમંગળ યાને વ્યાખ્યાનસંગ્રહ.

# ધર્મમંગળ

# આસક્તિ

**માણસે** ધર્મ અને વ્યવહાર વિષે ઊહાપોહ કરવા માંડ્યો ત્યારથી એક ગંભીર પ્રશ્ન હંમેશા તેને મૂંઝવે છે. દુઃખ અને પાપ એ શી વસ્તુ છે? ખરેખર જ જો પાપ ને દુઃખ હોય તો તે શી રીતે ઉત્પન્ન થયાં? માણસ વિચાર કરવા લાગ્યો ત્યારથી તે આજની ઘડી લગી એ કોયડો ઉકેલવા મથે છે. જેમને બહુ ઊંડા વિચાર કરવાની ટેવ કે ફુરસદ નથી હોતી તેમનામાં દુઃખ તેમજ પાપ વિષે કેટલાક વિચારો રૂઢ જેવા બની ગયા હોય છે. સુખ અને દુઃખ એ બન્ને આપેક્ષિક શબ્દો છે. આ અપેક્ષા નથી સમજાતી ત્યાં ઘણી વાર ભ્રમ અને વહેમ ઘુસી જાય છે. એ ભ્રમ અને વહેમમાંથી છૂટવા પહેલાં તો આપણે સુખ–દુઃખ જ સમજી લેવાં જોઈએ.

તમે ઘણી વાર જોયું હશે કે એકને જે સુખરૂપ લાગે છે તે જ બીજાને દુઃખરૂપ લાગે છે. સાહિત્ય કે કાવ્યની ચર્ચામાં, અભ્યાસમાં તરબોળ રહેનારો માનવી ગમે તેવું ખાઈ–પીને ચલાવી લેશે. એને સારું કાવ્ય, સાહિત્ય કે નવલિકા વાંચવા મળે તો તે ભૂખ્યો–તરસ્યો પણ તેમાં

તલ્લીન બની જશે. વસ્ત્રો મેલાં કે ફાટેલાં હશે તો પણ તેની પરવા નહિ કરે. પણ જેણે સારાં મિષ્ટાન્ન ખાવામાં આનંદ માન્યો છે, નવાં-કડકડતા ઈસ્ત્રીબંધ વસ્ત્રોથી દેહને શણગારવામાં મોજ માની છે તે પેલા કવિ કે સાહિત્ય-પ્રેમી પ્રત્યે દયાની નજરે જોશે. તે કહેશે કે: " આખો દિવસ પોથામાં જ આંખો ફોડે છે-બિચારાને ખાવા-પીવાનું કે પહેરવા-ઓઢવાનું પણ ભાન નથી. સાવ વેદીયો છે." સાહિત્યના અભ્યાસીને પેલા શોખીન માનવીનું જીવન દયાજનક લાગશે. એ કહેશે કે: " ભાઈ સાહેબ ટાપટીપ-માંથી જ નવરા નથી થતા. સાહિત્ય કે કાવ્યનો દૈવી આનંદ એના ભાગ્યમાં જ નથી-ખાવું-પીવું ને ફક્કડ થઈને ફરવું એ જ એમને મન જીવનસાર્થકય છે." સાહિત્યરસિક પેલા વૈભવીને તુચ્છ-દુઃખી ગણે છે જ્યારે વૈભવી પેલા સાધુજીવન ગુજારનારને કંગાળ માને છે. ત્યારે એ બેમાં ખરું કોણ ?

આપણે બીજાઓની વાત જવા દઈએ. આપણી પોતાની જાત વિષે વિચાર કરીએ તો પણ એક દિવસ આપણે જેને સુખરૂપ માનતા હતા તેને બીજે દિવસે દુઃખ-રૂપ નથી માનતા ? નાના હતા ત્યારે નાની-નજીવી રમકડા જેવી વસ્તુમાં આનંદ લેતા, પણ એ આનંદ ઊડી ગયો. તે પછી કુટુંબ-પરિવાર અને સમાજ કે જ્ઞાતિની પટે-લાઈમાં રસ લેવા લાગ્યા, પરંતુ થોડો કડવો-મીઠો અનુ-ભવ થતાં જ આપણે એનાથી કંટાળીએ છીએ. ગુરુદેવ કે મુનિમહારાજ પાસે જઈને શાસ્ત્રશ્રવણ કરવા અને

આત્મહિત સાધવા–તપ, વિરાગમાં ધ્યાન પરોવવા પ્રયત્ન કરીએ છીએ. આપણી સુખની ભાવના અને દૃષ્ટિ એ પ્રમાણે પલટાતી જ રહે છે.

તમે અરણિક મુનિની વાત તો સાંભળી હશે. અરણિક મુનિ ધોમ તાપમાં ગોચરી કરવા નીકળ્યા છે. તાપ અસહ્ય લાગવાથી એક છાપરા નીચે થોડી વિશ્રાંતિ લેવા ઊભા છે. એટલામાં એક ગણિકાના આમંત્ર્યા તે એના વિલાસભવનમાં જાય છે અને ત્યાં જ રહી જાય છે. એમની પાછળ એમની માતા ગાંડી નારીની જેમ અરણિકની શોધમાં નીકળે છે. પોતાના દેહનું ભાન ભૂલેલી માતા 'અરણિક! અરણિક!' ના જાપ જપતી, અરણિકને પળે પળે સાદ કરીને બોલાવતી શેરીએ શેરીએ ભમે છે. પાછળ છોકરાનાં ટોળાં કૌતુક કરતાં ફરે છે.

એક છોકરો કહે છે: " આ રહ્યો અરણિક!" વિવશ માતા એ તરફ જુએ છે અને ઝાડના ઠુંઠાને, પત્થરના પાળિયાને પોતાનો પુત્ર માની એની ઉપર વહાલ વરસાવે છે. પણ બીજી જ ક્ષણે જ્યારે એને લાગે છે કે આ ખરો અરણિક નથી–આ તો ઠુંઠું માત્ર છે ત્યારે તે સાચા અરણિકની પાછળ ફરી ભટકવા મંડી જાય છે. એકને મૂકી બીજાને પકડવા છતાં અરણિક જેમ આઘો ને આઘો જ રહે છે તેમ આપણે પણ એક સુખનો હજી પૂરો ઉપભોગ કરી છૂટીએ તે પહેલાં જ એ સુખને તુચ્છ ગણી બીજા જ વિષય તરફ વળીએ છીએ. અરણિકની માતા જો ગાંડી હતી તો

આપણે સુખની શોધમાં ભમતા અને ઘડીએ પળે નિરાશ બની બેસનારા, ઓછા પાગલ નથી.

પણ એ વાત જવા દઈએ. રોગ, શોક, જરા, મૃત્યુ જેવાં દુઃખની તો કોઈથી પણ ના પાડી શકાય નહિ. એવાં દુઃખો છે કે જેને દુઃખ જ કહેવા પડે—જે માણસની શકિત કે ઇચ્છાબહારની વાત ગણાય. આવાં દુઃખ ક્યાંથી આવી પડતાં હશે ? એક વર્ગ એમ કહે છે કે ઈશ્વરની ઈચ્છા જ જો એવી હોય તો પામર માનવી શું કરે ? ઈશ્વરની મરજી પાસે આપણું શું ચાલે ?

ઈશ્વર જો સર્વશક્તિમાન અને મંગળમય હોય તો માનવજાત સાથે સંકળાયેલાં આ દુઃખો કેમ સાંખી લે ? એ સર્વશક્તિમાન હોય તો પણ જગતનાં ઘણાં દુઃખો ટાળવાને અસમર્થ છે. જગત જ્યારે બાલ્યાવસ્થામાં હતું ત્યારે ઈશ્વરના કર્તૃત્વ ઉપર ખૂબ ભાર મૂકેલો. ઈશ્વરને રાજી રાખવા પશુ–પ્રાણીનાં બલિદાનો આપવાની રૂઢીઓ પણ પાડેલી, પરન્તુ ઇશ્વર સંબંધી એ પુરાણી કલ્પના આજે કોઇને સંતોષ આપી શકતી નથી. ઈશ્વર જો મંગળમય હોય તો એના રાજ્યમાં દુઃખ, અન્યાય, અત્યાચાર, રોગ–મહામારી કદિ ન સંભવે. એટલે વિચારોનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ માણસને પોતાનાં કરેલા કર્મોનું જ ફળ ભોગવવું પડે છે એ નિશ્ચય વધુ ન્યાય-સંગત લાગ્યો.

કર્મ એટલે આ ભવનાં કર્મ કે પૂર્વભવના કર્મના

પરિપાક એવો પ્રશ્ન થશે. પણ આપણે અહીં એ શાસ્ત્રીય ચર્ચામાં નહિ ઉતરીએ. આપણા ધર્મચિંતકોએ રાગ-દ્વેષાદિને દુઃખના બીજરૂપ માન્યા છે. જેણે આ બીજને બાળ્યાં છે તેમને સંસારમાં અવતરવાપણું કે સંસારના સુખદુઃખ વેઠવાપણું નથી રહેતું. રાગાદિ અંતરશત્રુને જેણે હણ્યા છે તે જ સર્વશક્તિમાન છે–તે જ મંગળમય છે. એ સર્વશક્તિમાન અને મંગળમય પ્રભુનું ધ્યાન, સ્મરણ કે ચિંતન કરવાથી આપણામાં રાગાદિ શત્રુ સામે ઝુઝવાની અને દુઃખમાંથી છૂટવાની પ્રેરણા તેમજ શક્તિ મળે છે.

પણ તમે કહેશો કે રાગ–દ્વેષાદિ દુઃખનાં મૂળ છે એમ અમારે શા સારુ માની લેવું ?

એનો ઉત્તર સમજવા તમારે બહુ ઊંડા પાણીમાં ઉતરવાની જરૂર નથી. ધારો કે તમારે એક વસ્તુની જરૂર છે. ખરે વખતે તમને તે નથી મળતી ત્યારે તમને સહેજે ક્રોધ ચડે છે. જેણે અંતરાય ઊભો કર્યો હોય તેના પ્રત્યે પણ તમને અણગમો છૂટે છે. એક વસ્તુ પ્રત્યેના રાગે–મોહે તમારા ચિત્તની પ્રસન્નતા ડોળી નાખી. તમે સમજદાર હો–વિવેકી હો તો તરત જ તમારી મનોવૃત્તિ મલિન બની છે, અને હવે ચિત્તની શુદ્ધિ તેમજ સ્થિરતા મેળવવી જ જોઇએ એવો નિશ્ચય કરશો. પણ જો તમે રાગ–દ્વેષના રસ્તે આગળ વધો, રાગ અથવા આસક્તિના પ્રેરાયા તમે નીચે જ ગબડતા જાઓ તો આખરે દુઃખની ખાઈમાં જ ડૂબવું પડે. ‘ગીતા ’કારે એ અધોગતિનો ક્રમ બરાબર સમજાવ્યો છે:

ध्यायतो विषयान् पुंसः संगस्तेषूपजायते,
संगात् संजायते कामः कामात् क्रोधोऽभिजायते ।
क्रोधाद्भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः,
स्मृतिभ्रंशात् बुद्धिनाशः बुद्धिनाशात् प्रणश्यति ॥

પહેલાં તો માણસ વિષય, ભોગોપભોગ તરફ આકર્ષાય છે. લક્ષ્મી, વૈભવ, વિલાસ પ્રાપ્ત કરવા, ભોળું બાળક દીવાની જ્યોતને પકડવા મથે તેમ મથે છે. રાતદિવસ જેને સુખની સામગ્રી માની લીધી હોય છે તેનું ચિંતન–રટણ કરવા મંડે છે. આ રટણ, આ રાગ, આ આસક્તિમાંથી પ્રબળ વાસના–લાલસા પ્રકટે છે. ક્રમે ક્રમે એમાંથી કામ, ક્રોધ, મોહ, કર્તવ્યમૂઢતા વિગેરે જન્મે છે. એની સ્મૃતિ, જ્ઞાન, લક્ષ્ય ડોળાય છે. આખરે એ સર્વનાશની અંધારી ખાઈમાં ગબડી પડે છે.

આપણા અંતરમાં પળે પળે રાગ–દ્વેષનાં જે વાવાઝોડાં ઊઠે છે અને જે વાવઝોડા આપણી વિવેક કે બુદ્ધિને પણ આવરી લે છે તેની સામે સતત સાવચેતી રાખીએ; આસક્તિ, કામ, ક્રોધ, મોહની વૃત્તિના અંકુરને ઊગતાની સાથે જ ડાંભી દઈએ તો પેલા તોફાનો, મોટા પર્વત ઉપરથી પસાર થતી આંધીની જેમ આપણને ચળાવી કે ડોલાવી શકે નહિ. જે નિશ્ચય કરીને બેસે છે કે રાગ–દ્વેષના ગમે તેટલા પ્રચંડ વાવાઝોડા આવે, પણ આપણે તો ચિત્તની પ્રસન્નતા અથવા શાંતિ તજવી જ નથી તેને એ

તોફાનો કંઇ હાનિ કરી શકતા નથી. પણ જેઓ વાતવાતમાં ક્રોધાંધ બની જાય છે, વાતવાતમાં લોભ-લાલચને વશ બની, મદારીના માંકડાની જેમ નાચવા મંડી પડે છે તેમનાં મન, ગરીબ લોકોના ખડના ઝુંપડાની જેમ સામાન્ય પવન-ના સુસવાટા લાગતાં જ અસ્તવ્યસ્ત બની જાય છે. આવા લોકો હાથે કરીને પોતાની દશાને દયાપાત્ર બનાવતા હોય છે. માણુસ જ્યારે પોતાની માનવી તરિકેની સ્થિતિ ભૂલી જાય છે-પોતે વૃત્તિઓના પ્રવાહમાં તણાવા માટે નથી જન્મ્યો, પણ બની શકે એટલા બળથી ઝઝુમીને પણ સામે કાંઠે પહોંચવામાં જ ખરું પુરુષાર્થ છે એ વાત વિસરી જાય છે ત્યારે તે સૂકા પાનની જેમ અહીંથી તહીં અથડાય છે-માનવજન્મનું સાર્થક્ય સાધી શકતો નથી.

શ્રીમાન શિવનાથ શાસ્ત્રીએ પોતાના એક પ્રવચનમાં જાત-અનુભવનું આવું એક ઉદાહરણ આપ્યું છે :

મારા એક સંન્યાસી મિત્ર સાથે એકદા જેલ જોવા ગયો. સંન્યાસીએ સ્વાભાવિકપણે ગેરૂઆ રંગનાં વસ્ત્રો પહેર્યાં હતાં. જેલના જુદા જુદા વિભાગો જોતાં છેવટે અમે સખત મજૂરી કરતા કેદીઓની કોટડી પાસે ગયા. ત્યાં પહોંચ્યા કે તરત જ એક કેદી અમારી સમિપ આવ્યો અને મારા સંન્યાસી મિત્રના પગમાં માથું ઝુકાવી એક બાળકની જેમ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. થોડી વારે સંન્યાસી મિત્રના સમજાવવાથી એ શાંત થયો. પણ તેની સાથેની વાતચીત ઉપરથી અમને એટલું સમજાયું કે એ કેદી એક દિવસે

ગેરૂઆ વસ્ત્રવાળો ભેખધારી હતો–સંસારત્યાગી હતો; પણ કોણ જાણે કેમ એક સ્ત્રીના સહવાસમાં આવ્યો અને એનું એટલી હદ સુધી અધઃપતન થયું કે નારી પ્રત્યેના અત્યંત રાગને લીધે તે ઘાતકીમાં ઘાતકી કામ કરવા લલચાયો. અદાલતે તેને કાળાં પાણીની સજા ફરમાવી હતી. જે માણસે આત્મસાધના અર્થે એક દિવસે સાંસારિક રાગ–દ્વેષથી છેક અલગા રહેવાનો નિશ્ચય કર્યો હતો તે માણસની આવી અધોગતિ સંભવતી હોય તો સામાન્ય પામર માણસનું શું ગજું ? રાગ અથવા મોહની પાછળ ક્રોધ, લોભ, માયા, કૂડ–કપટનું મોટું લશ્કર ધસી આવે છે–અને ધાડુપાડુની જેમ જ માનવીની અંતરલક્ષ્મી લૂંટી લઇને તેને કંગાળ બનાવી દે છે.

આ રાગ, મોહ અથવા આસક્તિ કેવી ચોરી–છુપીથી દિલમાં પ્રવેશ કરે છે તે પણ આ પ્રસંગે સમજી લેવું જોઇએ. એનું સાચું સ્વરૂપ કળવામાં ન આવે તો જાણ્યે-અજાણ્યે એના પંજામાં સપડાઇ જવાય.

કોઇ એક વસ્તુ તરફ હૃદયનું આકર્ષણ થાય અને તે વસ્તુની પ્રાપ્તિમાં આનંદ તથા અપ્રાપ્તિમાં કલેશ થાય તે આકર્ષણ તેમજ ઉદ્વેગ આ રાગનું મૂળબીજ છે. સુખની લાલસા અને મનઃસંયમની નબળાઈ એ બન્ને આ આસક્તિના ઉપાદાનો–મૂળ સામગ્રી છે. જે વસ્તુ અથવા જે સ્થિતિને માનવી સુખકર માને તેને મેળવવા, તેને પોતાની બનાવવા મથે એ સ્વાભાવિક છે. ઉનાળાના દિવસોમાં

તમે ઘણા માણસોને શીતળ હવાવાળા બગીચામાં બેઠેલા જોશો. એમને કોઇ બોલાવવા નહોતું ગયું. પણ એમને એમ થયું કે તાપમાંથી બચવા–વિશ્રાંતિ લેવા સારુ આ સુંદર સ્થાન છે એટલે જ તેઓ વગર આમંત્રણે આવીને બાગમાં બેસી ગયા. સુખની લાલસા જ તેમને અહીં સુધી ખેંચી લાવી.

દારૂનો વ્યસની દારૂને સારી વસ્તુ તો નથી જ માનતો. જેના સેવનથી પોતાનાં તન, મન ને ધનની બરબાદી થતી હોય તેને સારી વસ્તુ કોણ કહે? એવી ઊંધી ખોપરીનો કોણ હોય? છતાં ખરેખરો દારૂડીયો, દારૂના પીઠાનું મૌન આમંત્રણ પાછું વાળી શકતો નથી. દારૂ પીધા પછી ભાનમાં આવતાં એ જ વ્યસની ઘણી વાર પોતાની અને પરિવારની દુર્ગતિ જોઇને ચો–ધાર આંસુએ રડતો હોય છે. 'દારૂ હરામ છે' એમ કહીને પ્રતિજ્ઞા પણ કરે છે કે કોઈ દિવસ એનો ઓછાયો સરખો પણ નહિ લઉં. પણ પેલું વ્યસનનું ભૂત એને કયાંય જંપવા દેતું નથી. પેલી એક કહેવત છે તેમ "હું તો મૂકું, પણ હવે એ મને નથી મૂકતું" એવી એની દશા થાય છે.

આપણે પોતે પણ કેટલીક વાર મનના નિશ્ચય પ્રમાણે વર્ત્તી શકતા નથી. પ્રલોભનની સહેજ હવા લાગતાં આપણા નિર્ણયના મહેલ ડગમગી જાય છે. એક તરફ સુખની લાલસા–ક્ષણિક સુખનું આકર્ષણ અને બીજી તરફ શિથિલઢચુપચુ મનોવૃત્તિ–આ બેનો લાભ લઇને રાગદશા અનર્થો-

ની પરંપરા ઊભી કરી વાળે છે. લોભ–લાલચના હાથમાં જે કોઈ એક વાર બંદી બને છે તે સહેજે છૂટી શકતો નથી.

તમે પૂછશો કે "ત્યારે શું અમારે સુખ માત્રનો સદંતર ત્યાગ કરવો? સુખને માત્ર મૃગજળ જેવું જ માની લેવું?"

સુખ મેળવવાનો, આનંદમાં તરબોળ રહેવાનો પ્રાણીમાત્રનો જન્મસિદ્ધ હક્ક છે એની કોઈ ના નથી પાડતું. પણ સુખના વિષયમાં બુદ્ધિમાનોએ થોડો તો વિવેક રાખવો જ જોઈએ. દારૂ કે ગાંજાનો વ્યસની સુખની આશાએ માદક પદાર્થોનું સેવન કરે છે પણ એ સુખ પરિણામે કેવી દુર્દશા તરફ લઈ જાય છે તે કોણ નથી જાણતું? ક્ષણિક, અસ્થાયી ઠગારા સુખને સુખ કહેવું એ નરી ભ્રમણા છે. એ છેતરપીંડીમાંથી બચવું હોય તો માણસે નિત્ય અને અનિત્ય સુખનો વિવેક રાખવો જોઈએ. એ વિવેકને જ શાસ્ત્રોએ અંતરના દીપક તરિકે ઓળખાવ્યો છે.

એક દાખલો આપું. ધારો કે એક જુવાન પરદેશમાં ગયો છે.મા–બાપની, સ્નેહી–આપ્તજનની, ભાઈભાંડુની શીળી છાંય મૂકીને પરદેશમાં વેપાર–ધંધો કરે છે. એના મનમાં એક જ અભિલાષા હોય છેઃ જો થોડી મૂડી થઈ જાય તો પાછો સ્વદેશ જઉં અને વૃદ્ધ માતાપિતાને નિશ્ચિંત બનાવીને તેમની યથાશક્તિ સેવા–શુશ્રૂષા કરું. પરદેશમાં એને બરાબર ગોઠતું નથી, પણ એનું ધ્યેય તો દ્રવ્યસંચયનું છે. રાતદિવસ મહેનત કરે છે. ભાગ્યયોગે થોડું ધન કમાય છે. એવામાં કુસંગતનો ચેપ એને લાગે છે.

મૂળ ધ્યેય ભૂલી જાય છે અને પોતાના દોસ્તોની સાથે રંગરાગમાં તણાય છે. જેની ખાતર ભાઈ–ભાંડુઓનો પણ ત્યાગ કર્યો અને મા–બાપ પણ જેની રાહ જોતાં વરસ વરસ જેવડા દિવસ વીતાવી રહ્યા હતા તે ધન સ્વચ્છંદમાં વેડફાઈ જાય છે. નિત્ય સુખનું ધ્યેય જેઓ ભૂલી જાય છે અને તેને બદલે ક્ષણિક–અનિત્ય સુખ–વિલાસની પાછળ દોડવા મંડે છે તેમની પણ એવી જ દુર્દશા સમજવી.

સરખે સરખી સાહેલીઓના ધ્યેય વિષે આનંદઘનજી મહારાજે પોતાના એક પદમાં બહુ મજાની વાત કહી છે. ચાર–પાંચ પનીહારીઓ ચાલી જાય છે–માથે પાણીભરેલાં બેડાં મૂકયા છે. રસ્તે જતાં વાતો કરતી–આનંદ કલ્લોલ કરતી, એક બીજીને તાલી આપતી ચાલી જાય છે, છતાં માથા ઉપર પાણીનું બેડું છે તે ધ્યેય નથી ભૂલતી. સુખની અભિલાષા તો સૌ કોઈ પ્રાણીને હોય પણ આપણું ધ્યેય તો સ્થાયી–નિત્ય સુખ મેળવવાનું છે–ક્ષણિક સુખની મોહિનીમાં ભૂલીને દુઃખની પરંપરા વહોરવાનું નથી.

સુખની ઈચ્છા એ બૂરી વસ્તુ નથી, પણ અનિત્ય સુખની ખાતર આપણે આપણા મૂળ ધ્યેયને ભૂલી જઈએ તો દશ દૃષ્ટાંતે દુર્લભ એવો માનવદેહ વ્યર્થ જ ગુમાવી દીધો ગણાય. ભક્તિમાર્ગના અનુયાયીઓએ પણ પ્રકારાંતરે એ જ વાત કહી છે. તેઓ કહે છે કે પગમાં એક કાંટો વાગ્યો હોય તો તેને કાઢવા બીજો કાંટો વાપરવો પડે. પછી તો બન્ને કાંટા ફેંકી દેવાના છે. પણ પ્રારંભમાં જો અનિત્ય

સુખની લાલસા ન છૂટતી હોય તો એ વૃત્તિને ઈશ્વરભક્તિમાં વાળવી જોઈએ. સંસારના પદાર્થોમાંથી મનને છૂટું પાડીને ભક્તિમાં પરોવવું જોઇએ. ઘણા ભક્તો ઈશ્વરભજન કરતાં પોતાના દેહનું પણ ભાન ભૂલી જાય છે. કેટલાકો એટલા તલ્લીન બની જાય છે કે સંસાર એમને ઘેલા–ગાંડામાં જ ગણી કાઢે. મુખ્યત્વે એમનો ઉદ્દેશ અનિત્ય આનંદમાંથી નિત્ય–શાશ્વત સુખ–આનંદ મેળવવાનો હોય છે.

ભ૦ મહાવીર અને ગૌતમબુદ્ધ જેવા પુરુષોએ પણ સંસારને નિત્ય સુખનો અને વિરાગ–વિવેક–ત્યાગ–સંયમનો એવો જ સંદેશ સુણાવ્યો છે. એ બન્ને શ્રમણસંસ્કૃતિના જ્યોતિર્ધરો મૂળ તો ક્ષત્રિયકુમારો–રાજકુમારો હતા. સમૃદ્ધિ અને વૈભવની એમને ત્યાં ઊણપ નહોતી પણ એમને લાગ્યું કે સંસારનાં દુઃખ, સંતાપ, જન્મ, જરા, મૃત્યુમાંથી બચવું હોય તો રાગ–દ્વેષ, આસક્તિ, મોહ, મમતાના પંજામાંથી છૂટવા સિવાય બીજો કોઈ રાજરસ્તો નથી, એટલે પોતે રાજમહેલના સુખ–વૈભવ તજી વિરાગનો પંથ લીધો. અનિત્યમાંથી નિત્યમાં જવાનો, ગામે ગામ ફરીને સંદેશ સંભળાવ્યો. ધરતીનો કે રાજ્યલક્ષ્મીનો વિજેતા એ કંઈ સાચો વિજેતા નથી. અંતરના અરિઓને એટલે કે રાગાદિ શત્રુઓને હણનારો એ જ સાચો વિજેતા છે, એટલું જ નહિ પણ એવા વિજેતા બનવાની દરેક માનવીમાં સ્વાભાવિક સત્તા તેમ જ યોગ્યતા રહેલી છે એ વાત એમણે એક યા બીજી રીતે ભારપૂર્વક ઉચ્ચારી. અર્હંતને નમસ્કાર એ જ ખરા. સર્વશક્તિમાન

અને મંગળમય પ્રભુને નમસ્કાર છે. પાખંડીઓ અને યક્ષોની પૂજા–ભક્તિમાં જગત જ્યારે મશગૂલ હતું ત્યારે એ શ્રમણ-સંસ્કૃતિના સમર્થ પ્રચારકોએ આત્મબળ અને આત્મા-વલંબનની અમર વાણી સંભળાવી. આજે એ વાણી ભલે જૂની બની હોય પણ એની ઉપયોગિતા ઘટવાને બદલે વધી છે. આપણે જોઈએ છીએ કે વિજ્ઞાને આજે પારવિનાનાં સાધનો ઊભા કરી વાળ્યાં છે—જંગલો, પર્વતો, દરિયા જેવા જબ્બર અંતરાયો આજે કંઈ જ બીસાતમાં નથી છતાં માનવજાત પહેલાં કરતાં વધુ સુખી, નિશ્ચિંત કે નિરુપાધિક બની હોય એમ કોઈ કહી શકશે ? સાચી વાત તો એ જ છે કે દારૂ પીને મદોન્મત્ત બનેલા જેવા લોભ–લાલસા અને બીજા અંતરરિપુઓએ આજે વિશ્વમાં ઉલ્કાપાત મચાવ્યો છે. આજે નહિ તો આવતી કાલે પણ એ જડવાદના પૂજારીઓ-ને અર્હંતનું શરણ સ્વીકારવું પડશે. અંતરના રિપુઓનું દમન કર્યા વિના સંસારના જીવોને સારુ બીજો એકે તરણોપાય નથી.

# સંયમ

**પશ્ચિમના** વિજ્ઞાને માનવીના સુખ–સગવડની ખાતર અનેક પ્રકારની શોધો કરી પરંતુ આપણે આજે પ્રત્યક્ષપણે એટલું જોઈ શકીએ છીએ કે વિપુલ પ્રમાણમાં સાધન સામગ્રી ઉપજાવવા છતાં માનવજાત સુખી બની શકી નથી. જે સુખનાં સાધનો હતાં તે સાધનોએ જ ચોતરફ નારકીય યાતનાઓ ઊભી કરી વાળી છે. સંસારમાં ખાન–પાનની સામગ્રીનો કે વસ્ત્ર, વાહન વિગેરેનો મુદ્દલ તૂટો નથી, છતાં માનવ–જગત્ આજે અનેક પ્રકારની વિટંબણાએથી ઘેરાઈ ગયું છે. કારણ એક જ લાગે છે. પશ્ચિમે વિજ્ઞાનના બળે યંત્રો અને સાધનો સર્જ્યાં, માત્ર કેમ જીવવું–સંયમી છતાં સુખમય જીવન કેમ ગાળવું તે બતાવવામાં પશ્ચિમની સંસ્કૃતિ નિષ્ફળ નીવડી છે.

આર્ય સંસ્કૃતિ કહે છે કે સાધનો ઓછાં હશે તો ચાલશે, પણ જો સંયમપૂર્વક જીવશો અને બીજાને જીવવા દેશો તો તમારા જીવનની સ્વસ્થતા, આરોગ્ય અને ઉલ્લાસને કોઈ લૂંટી કે હરી શકશે નહિ. સંયમ સુખપ્રાપ્તિનો મૂળ મંત્ર છે.

સંયમ અને ધર્મને નિકટનો સંબંધ છે એ વાતની હું ના નથી પાડતો. પણ આજે એ વાત નથી કરવી. રોજના વ્યવહારિક જીવનની સાથે સંયમને કેવો સંબંધ છે અને એ સંયમ માનવજીવનને કેવા સુવર્ણ રંગે રંગી શકે છે તે જ મારે તમને કહેવું છે.

હવા, અન્ન, પાણી ને વસ્ત્ર એ જીવનની પ્રાથમિક જરૂરીયાતો છે. હવા–પાણી વિના કોઈ પ્રાણી વધુ વખત જીવી શકે નહિ. પ્રકૃતિ પણ એટલી ઉદાર છે કે પ્રાણીને હવા–પાણીની ખોટ ન ખમવી પડે તેવી ગોઠવણ કરી છે. અંધારી ગલીમાં, અંધારા ઓરડામાં રહેનાર માણસ પોતાનાં અજ્ઞાન કે વહેમને લીધે દુઃખી થાય એ જૂદી વાત છે, બાકી કુદરતી હવાપ્રકાશ ને પાણીની ભેટ તો પ્રકૃતિમાતાએ છૂટે હાથે કરી છે.

બાકી રહ્યાં અન્ન–વસ્ત્ર. હિંદુસ્તાન જેવા ખેતીપ્રધાન દેશમાં અન્નની તંગી તો કોઈ દિવસ ન હોય અને જે દેશમાં રૂ પુષ્કળ પ્રમાણમાં ઊગતું હોય, તેમ અવકાશના વખતમાં કાંતણ–પીંજણ અને વણાટ ચાલતાં હોય ત્યાં વસ્ત્રની તાણ કેમ પડે? પણ આ તો સ્વાભાવિક સ્થિતિ થઈ. હવે અન્ન ને વસ્ત્રની બાબતમાં આપણે પૂરતો સંયમ ન જાળવીએ તો મધ્યમ તેમજ ગરીબ ભાઈઓને મોંઘવારીની કેવી ભયંકર નાગચૂડમાં ફસાવું પડે તેનો અનુભવ આ યુદ્ધસંયોગોએ સૌને થોડેઘણે અંશે કરાવ્યો છે. આજે વસ્તુઓની તંગી નથી, પણ જ્યાં સ્વેચ્છ-

પણે સંઘરો કરવાની વૃત્તિ મુખ્ય હોય ત્યાં પીડન અને અવ્યવસ્થા સિવાય બીજું શું પરિણામ આવે? ધનિકો પૈસાના જોરે બીજાના મોઢાનો કોળીયો ઝુંટવી લે, ગરીબોને દેહ ઢાંકવા પૂરાં વસ્ત્ર ન મળે અથવા તો બળવાનો ડંડો બતાવીને નબળાનાં અન્ન-વસ્ત્ર પડાવી લે તો તેમાં સંયમ તો નથી જ, પણ સામાજિકતા અથવા વ્યવસ્થાના નામે પણ મોટું મીંડું મૂકાય.

આપણે ઇંદ્રિયસંયમ ઉપર ખાસ ભાર મૂકીએ છીએ. આપણા ધર્મજીવનનો પાયો જ સંયમ છે. એના આધ્યાત્મિક સ્વરૂપની હું ના નથી પાડતો.

પણ તે સાથે, જો સંયમનો અર્થ અને આશય બરાબર સમજાય તો આપણા સામુદાયિક જીવનમાં પણ એની અદ્ભૂત અસર થયા વિના ન રહે. જીવનની જરૂરીયાતોને ટુંકાવી દેવી એ સંયમ છે. એનો અર્થ એ થયો કે બીજાઓ પોતાના જીવનની જરૂરીયાતો પૂરી કરી શકે એવી એમને સગવડ આપવી. આ પ્રમાણે જરૂરીયાતો વહેંચી લેવાથી કોઇને બીજાનું ઝુંટવી લેવાનો-લૂંટી લેવાનો કે સંગ્રહ કરવાનો લોભ નથી થતો. સમાજનું ગાડું સહજપણે ચાલે છે. બીજા શબ્દોમાં કહીએ તો સંયમ, જીવવાનો અને જીવવા દેવાના સિદ્ધાંતનો વ્યવહારિક અમલ છે.

રશીયા જેવા સામ્યવાદી રાષ્ટ્રે મુડીવાદના શોષણને અટકાવવા કાયદાની અને શાસનદંડની સહાય લીધી છે. એટલું છતાં એ કોયડો હજી પૂરેપૂરો ઉકેલાયો નથી. પરિગ્રહ પરિ-

માણ એ શ્રમણ સંસ્કૃતિનો એક સિદ્ધાંત છે. આ ભાવના, જો આપણે શાંતિથી વિચારીએ તો મૂડીવાદના સ્વચ્છંદને રોધવા માટે રામબાણ ઉપાય છે. પરિગ્રહ ઉપર સંયમ રાખનાર જેમ પોતાની મનોવૃત્તિ ઉપર વિજય વર્ત્તાવે છે તેમ બીજી તરફ સમાજને પણ સુખી અને સ્વસ્થ બનાવે છે. એ ભાવનાઓ આપણામાં હતી એટલે જ કોઈ ઐતિહાસિક કે પૌરાણિક કાળમાં સમાજના બે વર્ગો વચ્ચે કયાંઈ વૈમનસ્ય કે વિરોધ નથી દેખાતો. કૃત્રિમ સામ્યવાદ કેટલીક વાર શક્તિશાલીને કુંઠિત બનાવે છે, પણ પોતાની જરૂરિયાતોની મર્યાદા આંકનાર સંયમી માનવી પોતે પોતાની શક્તિનો વિકાસ સાધે છે એટલું જ નહિ પણ પોતાના ઔદાર્યથી સમાજનું પણ હિત સાધે છે.

સમુદાયમાં કે રાષ્ટ્રમાં બધા જ કંઇ એક સરખી શક્તિવાળા નથી હોતા. કોઇ બુદ્ધિશાલી હોય, કોઈ બળવાન હોય, કોઈ સાહસિક હોય, કોઈ સેવાભાવી હોય તો કોઈ પામર કે અશક્ત પણ હોય. બુદ્ધિશાલીઓ અથવા સાહસિકો જો જીવનની જરૂરિયાતોનો હદ કરતાં પણ વધુ સંચય કરે કિંવા ધન-સંપત્તિ ભેગી કરવામાં જ સમજે તો શરીરમાં એક ઠેકાણે ખૂબ લોહી ભરાઈ જાય, અને શરીર વિકૃત દેખાય તેવી જ સમાજની પણ સ્થિતિ થાય. બે-ચાર કે પાંચ-પચીશ મોટા શ્રીમંતો-ધનવાનો હોય તેથી કરીને આખો સમાજ ધનવાન છે એમ ન કહેવાય; પણ

જો ધનસંચયની સાથે સંયમની ભાવના કેળવવામાં આવે તો આજની આર્થિક ગુંચવણો ઘણેખરે અંશે ઉકલી જાય. વર્ગ વર્ગ વચ્ચે જે અસંતોષ તેમજ વૈમનસ્ય જોવામાં આવે છે તે ભૂંસાઈ જાય–ભ્રાતૃભાવ સહજ બને.

સંયમની સાથે આત્મવિકાસને અત્યંત નિકટનો સંબંધ રહેલો છે. જે સાચો સંયમી છે તે પોતાને એકલાને જ જીવવાનો અધિકાર છે–બીજાનું ગમે તેમ થાય એવી હલકી મનોવૃત્તિ નહિ રાખે. સાચો સંયમી પોતે પુણ્યનાં ફળ ભોગવે છે એમ માની બીજા દીન ભાઈઓ તરફ અવજ્ઞા કે તિરસ્કારની દૃષ્ટિથી નહિ જુએ. એ તો પગલે પગલે પોતાની જેમ જ દરેકે દરેક પ્રાણીને જીવવાનો–સુખથી જીવવાનો કુદરતી હક્ક છે એમ માનશે–તે બીજાનો કોળિયો ઝુંટવીને પોતે બડભાગી અથવા બહાદૂર છે એમ નહિ માને.

સંયમ અથવા આત્મશુદ્ધિનો જેટલો સંબંધ આત્મા, ધર્મ, અને પરલોક સાથે છે તેટલો જ સમાજ તથા રાષ્ટ્રની સાથે પણ છે એ આપણે ન ભૂલવું જોઈએ. “ હું એકલો છું–મારું કોઈ નથી અને હું કોઇનો નથી ” એ ભાવના વિરાગ, ઔદાસિન્ય કેળવવાને સારુ ઠીક છે પણ એ નકારાત્મક ભાવનામાંથી સ્વતઃ એવી ભાવના ઊગી નીકળવી જોઇએ કે : “ મારી તો દરેક ભૂત–પ્રાણી–માનવની સાથે મૈત્રી છે–મારા જેવું જ ચૈતન્ય પ્રાણધારી માત્રમાં–એકેંદ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના જીવોમાં ધબકી રહ્યું છે–

મારી સુદીર્ઘ ભવયાત્રામાં કોણ જાણે કેટલાય પ્રાણીઓની સાથે આત્મીયતા–કુટુંબભાવનાની સુંવાળી ગાંઠથી બંધાયો હોઈશ. આજે એ સંબંધો યાદ નથી પણ એથી કરીને જેમને રોતા મૂકીને આવ્યો છું અથવા જેમની ખાતર મેં અનેક વાર આક્રંદ કર્યાં છે તેમની સાથે મારે કોઈ પ્રકારનો સ્નેહસંબંધ જ નહોતો કે નથી એમ થોડું જ કહી શકાય ? મારે કોઈની સાથે લેવાદેવા નથી એમ માનવું એ તો સ્વાર્થાંધતાની પરાકાષ્ઠા છે. આપણાં સુખ, દુઃખ, હર્ષ, શોક સમાજ તેમજ દેશની સાથે ફૂલગુંથણીની જેમ જ ગુંથાયા છે. આપણે ભલે ભરત ચક્રવર્ત્તીના અરીસા ભુવન જેવા મહેલમાં રહેતા હોઈએ અને શાલિભદ્રની જેમ દેવતાની ઋદ્ધિસમૃદ્ધિ ભોગવતા હોઈએ, પણ આસપાસ દાવાનળ સળગી ઊઠે, મોટો રોગચાળો ફાટી નીકળે અથવા તો ઉલ્કાપાત જેવી અણધારી આફત વરસે ત્યારે એની ઝાળ આપણને સ્પર્શ્યા વિના નથી રહેતી. હજારો ગાઉ દૂર ચાલી રહેલા યુદ્ધની અસરમાંથી આજે કોણ મુક્ત રહી શક્યું છે ? એટલે કે "મારાં પુણ્ય ભોગવી રહ્યો છું" એમ માની સમાજ કે દેશની અવગણના કરવી એ નરી અજ્ઞાનતા છે.

હવે જો દરેકે દરેક માનવી આવી આત્મીયતા કેળવે અને બની શકે એટલા સંયમથી જીવવાનું સ્વીકારે તો આજની દુનિયાની અર્ધ કરતાં પણ વધુ સમસ્યાઓ આપોઆપ ઉકેલાઈ જાય. "મારું કોઇ નથી" એમ

માનવા છતાં, પાસે બે પૈસા હશે તો ઉપયોગી થશે એ વૃત્તિ તો છૂટતી જ નથી. માણસાઇ કરતાં પણ પૈસાની શક્તિ વિશેષ છેઃ પાસે પૈસો હશે તો સેવા–ચાકરી કરનાર કોઇક મળી આવશે એ પ્રકારની આપણી મનોવૃત્તિ આપણ-ને માર્ગવિમુખ બનાવે છે અને માણસાઈ જેવી કોઈ વસ્તુ જ દુનિયામાં નથી એવી આપણા અંતરમાં રહેલી છૂપી નાસ્તિકતાને ઊઘાડી પાડે છે. અલબત્ત, એ વાત ખરી છે કે આજે દર્દીનો પાર નથી રહ્યો. આરોગ્ય અને બળની ખુમારી દાખવતો માનવી કયારે બીછાનાવશ બનશે તે કહેવાય નહિ–એ પોતે અને એના આશ્રિતો કયારે કફોડી સ્થિતિમાં મૂકાશે તે પણ ન કહેવાય. આવી ડામાડોળ સ્થિતિમાં એક માત્ર આશ્રયરૂપ ધનસંચયનું શરણ ન લે તો માનવી બીજું કરે પણ શું ?

સાધર્મી જેવું સગપણ બીજું એકે નથી એ સૂત્ર યાદ કરો. સાધર્મી એટલે એક જ ધર્મ કે એક જ સિદ્ધાંત-ને માનનારો એવો સંકુચિત અર્થ કરવાની જરૂર નથી. જેઓ એક–બીજાની સાથે વિના સંકોચે મળીહળી શકે છે–એક બીજાના સુખ–દુઃખમાં ભાગ લઇ શકે છે તેઓ બહોળા અર્થમાં સાધર્મી જ છે. ખરી રીતે તો જે મનુષ્ય છે તે દરેકનો સાધર્મી જ છે. સમાજમાં આવા સાધર્મીઓ સારી સંખ્યામાં હોય–સુખ–દુઃખના પ્રસંગોમાં, આફત કે લાચારીની સ્થિતિમાં તેઓ દિલોજાનીથી ભાગ લઈ શકતા હોય તો ધનસંચયને જે નકામું મહત્ત્વ મળી ગયું છે–

ઘણીવાર જે ઠગારું અને મુશીબતમાં મૂકનારું બને છે તે ઘણું ઓછું થઈ જાય. દ્રવ્ય પ્રત્યેની મોહ–મમતારૂપી નાગચૂડમાંથી સમાજનો મોટો ભાગ છૂટી જાય.

એ રીતે જો સંયમની સાથે સેવાભાવ ભળે તો દૂધમાં સાકર ભળ્યા જેવું થાય–દ્રવ્યસંચય કર્યો હોય તો જ સઘળી સુખસામગ્રી અને અનુકૂળતા મળી રહે એ વિચાર માનવતાનો ઘાતક છે. આજે અર્થશાસ્ત્ર અને રાજકારણ પરસ્પરમાં એવા ગુંચવાઈ ગયા છે કે એકલી આર્થિક મૂંઝવણનો કે એકલી રાજનીતિનો વિચાર જ નથી આવતો. આજના યુગબળે અથવા તો આજની સરકારી રાજનીતિએ દ્રવ્યનો મહિમા ઘણો વધારી દીધો છે. ધનની મોહિનીએ જાણે કે સૌની ઉપર એક જાતની ભૂરકી નાખી દીધી છે. આપણા સામાજિક સંબંધોમાં આત્મીયતાભરી જે સહાનુભૂતિ ઉભરાતી હતી તે આજે લોભ–લાલચના અગ્નિસ્પર્શથી ઘણે ભાગે સૂકાઈ જવા પામી છે. શ્રમણયુગના શ્રેષ્ઠીઓ નિર્લોભ કે નિર્ધન તો ન હતા–એમણે ધનના ભંડારો ભર્યાં હતાં; પરંતુ એમણે ધનનો જે સદુપયોગ કર્યો છે તે જોતાં એ ધનભંડારોની માલીકી કોઇ એક વ્યક્તિ કે એક કુટુંબની નહિ પણ સમસ્ત સમાજની હતી એમ લાગ્યા વિના ન રહે. શ્રમણ–તપસ્વીઓના ઉપદેશ અને પ્રેરણાના બળે એ ધનકુબેરોએ સામાન્ય ભોગોપભોગ ભોગવવા છતાં મુખ્યત્વે તો સમાજની વિવિધ જરૂરિયાતો પૂરી પાડવામાં જ ધનની સાર્થકતા જોઈ છે. એવા મહાનુભાવોનાં જે

છૂટાંછવાયાં ચરિત્રો મળે છે તે ઉપરથી એટલું સહેજે સિદ્ધ થાય છે કે પોતાની સ્વાર્થવૃત્તિ ઉપર જે સંયમ રાખે છે અને પોતાના બીજા માનવબંધુઓનું સુખ વધારવા પ્રયત્ન કરે છે તે પોતાનું અને માનવજાતિના સુખનું પ્રમાણ વધારે છે. પિતા પુત્રને અર્થે થોડો સંયમ સ્વીકારે છે, પુત્રને સુખ આપવા મથે છે. પુત્ર મોટો થાય, રળતો–કમાતો થાય અને માતપિતાની સેવા–ચાકરી કરે એ ભાવના તો એમાં રહેલી જ છે. પરંતુ એવી રીતે જેમની પાસેથી સુખની આશા રાખી શકાય તેમને જ સુખી બનાવવાનો પ્રયત્ન કરીએ તો સમાજમાં સ્વાર્થનું જ સામ્રાજ્ય વર્તે. ધારો કે આપણે રસ્તે જતાં મોટા ખાડામાં પડી જઇએ અને પોતાની મેળે બહાર નીકળી શકીએ નહિ એવે સમયે પુત્ર કે સગો–સંબંધી મદદે આવે એવો નિયમ નથી. રસ્તે જતાં કોઈ પણ રાહદારી પાસેથી આપણે સહાયની આશા રાખીએ. માનવજાત જો છેક જ સ્વાર્થી બને તો પછી કોઈ કોઇને સહાય જ ન કરે–એ પ્રમાણે સંસાર નરકાગાર બની જાય.

સંસારને સ્વર્ગ જેવો બનાવવો હોય તો પ્રત્યેક માણસે પોતાની આસપાસના માનવસમાજના સુખનો પ્રથમ વિચાર કરવો જોઈએ. ધારો કે એક ગામમાં માત્ર બે જ માણસો વસે છે–જેઓ એક–બીજાને ઓળખતા જ નથી અથવા તો ઓળખવા છતાં પરસ્પરના સુખ–દુઃખમાં ભાગીદાર બનવું જ જોઇએ એ સિદ્ધાંત નથી સ્વીકારતા.

ભાગ્યયોગે એક જણ માંદો પડે છે. એને પાણી પાનારું કોઈ નથી મળતું. એમની પાસે ગમે તેટલી ધન-સંપત્તિ હોય તો પણ શું કામની? એથી ઊલટું એક ગામ એવું કલ્પો કે જેમાં બે માણસ રહેતા હોય અને એક-બીજાના સુખ-દુઃખના હંમેશા ભાગીદાર હોય. આ બન્ને ભલે ગરીબ હોય તો પણ એક-બીજાની સેવા-સંયમની હુંફે તેઓ પોતાનો સંસાર સુખથી ચલાવી શકવાના.

પણ તમે કદાચ કહેશો કે માનવીના પરસ્પરના સંબંધમાં સંયમની વાત સમજાય છે, પરંતુ શ્રમણ સંસ્કૃતિએ પ્રાણી-પશુ માત્રની સાથે મૈત્રી ભાવના કેળવવાની જે વાત કહી છે તે અવ્યવહારુ નથી?

આત્મા અમર છે અને ઘણા કાળથી દેહ બદલતો આવ્યો છે એ વાત જેમને માન્ય હોય તેમને એકેંદ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના પ્રાણીઓ સાથેની મૈત્રી મુદ્દલ અવ્યવહારુ નહિ લાગે. એકેંદ્રિય જેવા જીવો અને મૂંગા પશુ-પ્રાણી બોલી શકતા નથી, પણ તેમને લાગણી હોય છે એ વાત વિજ્ઞાને સિદ્ધ કરી બતાવી છે. બીજી વાત એ પણ છે કે સંયમની મર્યાદા આંકવા જઈએ તો વળી પાછા આપણે સ્વાર્થના કીચડમાં લપટાઈ જઈએ. સંયમ અને સુખનો સંબંધ જો સમજાયો હોય તો પછી સંયમ કિંવા ઉપકારની મર્યાદા બની શકે એટલી વિસ્તૃત બનાવવી જોઈએ. વિશ્વના પ્રાણી-માત્રને જેણે આત્મવત્ માન્યા તે પોતે વિરાટ બની જાય છે. તે પોતાના સંયમ અથવા

ત્યાગની સીમાની સંભાળ રાખવા નથી બેસતો. ખરી વાત તો એવી છે કે જેણે સંયમના સુખ–સૌંદર્યનો એક વાર થોડો પણ રસ ચાખ્યો હોય તે પોતાના સંયમ અને ત્યાગને પણ આકાશ જેટલા ઉદાર અને વ્યાપક બનાવવા મથે છે.

સંયમી બન્યા વિના કોઈ માણસ સ્વાભાવિક સુખ કે સૌંદર્યનો ઉપભોગ કરી શકતો નથી. ભાણા ઉપર જમવા બેસનાર જો કેવળ પેટભરો જ હશે તો તે ભોજનના રસ કે આહ્‌લાદનો પૂરો અનુભવ નહિ કરી શકે–તે તો અકરાંતીયાની જેમ પેટનો ખાડો પૂરવા મંડી જશે. પણ જેણે પોતાની જીભ ઉપર કાબૂ મેળવ્યો છે, જેણે પોતાની રુચિ સંયમપૂર્વક કેળવી છે તે ઊણોદર રહેવા છતાં ભોજનના રસાસ્વાદનો પૂરો ઉપભોગ કરી શકશે. ભૂખ–તૃષા એ આપણી અને પ્રાણીમાત્રની સ્વાભાવિક લાગણી હોય છે, પણ સભ્ય ગણાતી માનવજાતિએ સંયમ અને રુચિ કેળવતાં ભૂખ અને તૃષા ઉપર પણ પોતાનો વિજય વર્ત્તાવ્યો છે. ભૂખ કે તૃષા લાગે એટલે ગમે ત્યારે–ગમે તેવું ખાઈ–પી લેવું એને આપણે સભ્યતા નથી માનતા. ભક્ષ્યાભક્ષ્યનો જે આપણે વિવેક કેળવ્યો છે, વ્રત–તપનાં જે નિયમો અંગીકાર કર્યાં છે તે બધામાં આપણી સ્વાભાવિક સંયમભાવના દેખાઇ આવે છે.

બીજા પ્રાણીઓ કરતાં માનવી વધુ બુદ્ધિશાલી અને શક્તિશાલી છે, પણ એ બુદ્ધિ કે શક્તિનો ઉપભોગ જો આપણે

સ્વચ્છંદ કે અસંયમ કેળવવામાં કરીએ તો માનવમાં ને દાનવમાં કંઇ લાંબો ફેર ન પડે. શક્તિ અને બુદ્ધિબળ જ્યાં વિશેષ ત્યાં સંયમ અને ત્યાગની માત્રા પણ વિશેષ પ્રમાણમાં રહેવી જોઈએ. એ જ માનવતા છે.

એક સંયમી અને એક શીકારીને એક ઝાડીમાં ફરતા કલ્પો. અચાનક ત્યાં કોયલનો ટહુકાર સંભળાય છે. સંયમી માણસ પેલા શીકારીને કહેશે: "મિત્ર ! સાંભળ ! કોકીલાના પંચમ સ્વરમાં કેટલી મીઠાશ છે ?" શીકારીના હાથમાં તીર-કામઠું હશે તો તેની વૃત્તિ કુદરતી રીતે કોયલને હાથમાં સપડાવવાની થશે. એને સમજાવનાર કોઈ ન હોય તો તે પહેલી તકે કોયલનું નિશાન તાક્યા વિના નહિ રહે. ઘણી વાર શીકારીઓ શોખની ખાતર કુદરતના આવાં સુંદર-રમણીય પંખીઓની હત્યા કરે છે—જીભના રસની ખાતર સ્વચ્છંદે ઊડતા એ પ્રાણીઓના પ્રાણ લઈ લે છે. એ પ્રકારના શીકારી કરતાં સંયમી પુરુષ—કે જે શાંતિથી એક ખૂણામાં ઊભો રહી, એ નિર્દોષ પંખીનું ગીત સાંભળે છે તે શીકારી કરતાં હજારગણો રસ અને સૌંદર્યનો ઉપભોગ કરતો હોય છે. એ ઉપભોગ પણ એટલો પવિત્ર છે કે તે રસોપભોગ કાવ્યરૂપ બની જાય છે.

સ્વાર્થ, હિંસા, સંચય એ બધા સૌંદર્ય અને સુખના શત્રુઓ છે. સાધનો અને સગવડો વિગેરેમાં માનવજાતિ ગમે તેટલી પ્રગતિ કરે તો પણ શ્રમણસંસ્કૃતિએ સ્વીકારેલું આ સૂત્ર તો ત્રિકાલાબાધ્ય છે કે જ્યાં સુધી બુદ્ધિમાન–

શક્તિમાન માનવી સંયમ નહિ કેળવે, પોતાના સુખની અપેક્ષાએ બીજાના સુખનો વિચાર નહિ કરે ત્યાં સુધી જીવન અને જીવનની સિદ્ધિઓ તેનાથી મૃગજળની જેમ દૂર ને દૂર જ રહેવાની. ' જીવો અને જીવવા દો ' એટલું જ બસ નથી–હું જીવીશ તો પણ બીજાની ખાતર : જીવીશ પણ બીજાને જીવાડવાની ખાતર એ સિદ્ધાંત જીવનમાં વણાઈ જવો જોઇએ.

## સુભાષિતં

જ્યાં તપ, સંયમ ને વિરાગ વસે છે ત્યાં અભિમાન કે મોહ–મમતા ટકી શકતા નથી. તમારા સંયમ કે તપની એ રીતે કસોટી કરી જોજો.

卐 卐 卐

વ્યસનને નાનું કે નજીવું ન ગણી કાઢતા. દેખાય છે કીડી જેવું, પણ એમાંથી જ હાથીનું ખોળિયું ઘડાય છે.

卐 卐 卐

જ્ઞાન તપથી અને તપ જ્ઞાનની આરાધનાથી શોભે છે.

卐 卐 卐

બીજાને ઓળખવા કરતાં પોતાને જ ઓળખવા પોતાનું અંતઃકરણ સંશોધવું એમાં બધું સમાઇ જાય છે.

—ઉપા૦ શ્રી દેવચંદ્રજી

[ ભાવનગર મુકામેના વ્યાખ્યાનમાંથી ]

# આધ્યાત્મિક આરોગ્ય

**શા**રીરિક આરોગ્ય હોય ત્યાં સ્વાભાવિક બળ, સ્ફુર્ત્તિ ને ઉત્સાહ પણ હોય. ટાઢ, તડકો ને બીજા ઉપદ્રવો સામે ઝુઝવાની જે શક્તિ તેનું જ બીજું નામ આરોગ્ય. બીમાર માણસ, જેણે સાહસ, સ્ફુર્ત્તિ ગુમાવ્યાં છે તે નાનું સરખું જોખમ ખેડવાને ભાગ્યે જ તૈયાર થશે. શારીરિક આરોગ્ય જેવું જ આધ્યાત્મિક આરોગ્ય પણ છે એમ કહીએ તો ચાલે. માત્ર એનો કર્ત્તવ્યપ્રદેશ જુદો હોય છે. આવું આધ્યાત્મિક આરોગ્ય માનવપ્રાણી સિવાય બીજા કોઈ પ્રાણીના ભાગ્યમાં લખાએલું જાણ્યું નથી. આધ્યાત્મિક આરોગ્ય જેણે મેળવ્યું હોય છે તેના સંવેદનો બીજાઓ કરતાં વધુ ગંભીર, પવિત્ર અને તીવ્ર હોય છે. એક-બે દૃષ્ટાંત આપવાથી એ વાત વધુ સ્પષ્ટ થશે.

એક ભાઈએ એક દિવસે વાતવાતમાં કહ્યુ :

" મારા પિતા મૂળથી જ ધાર્મિક વૃત્તિના અને સરળ પ્રકૃતિના હતા. એક વાર તેઓ બહારથી ઘરના આંગણામાં આવીને ઊભા રહ્યા તે જ વખતે ઝાડ ઉપર પાનના ઝુંડ વચ્ચે બેઠેલા એક સુંદર પક્ષી તરફ તેમની નજર ગઈ.

મારા પિતા ભાગ્યે જ કોઈ પ્રાણીને દુભવતા, પણ તે દિવસે કોણ જાણે કેમ પણ એવી અવળી બુદ્ધિ એમને સૂઝી કે એ પંખીને પકડવાની લાલચ થઈ આવી. પક્ષી પણ બહુ ઊંચે ન હતું–નિર્ભયપણે નમેલી ડાળ ઉપર હીંચતું હતું. મારા પિતાથી ન રહેવાયું. એક કીડીને પણ કદિ ન દુભવનાર પિતાજીનું અંતરનું આરોગ્ય બગડયું કે કોણ જાણે શું થયું. પંખી પકડવાના મેલા મનોરથથી તેઓ છૂટા રહી શકયા નહિ. સૌ પ્રત્યે સ્નેહ–મમતા ધરાવનાર પિતાજીએ ધીમે ધીમે જઈને પાછળથી ઝડપ મારીને પંખી પકડી લીધું. બંદીવાન બનેલા પંખીએ પાંખો તો ખૂબ ફફડાવી પણ તેનો કંઈ દી ન વળ્યો, બહુ જોર કરવા જતાં એક પાંખ તૂટી ગઈ, સાવ નરમઘેંસ જેવું બની ગયું. નિર્દોષ પંખીને મૃતવત્ સ્થિતિમાં સંડોવાયેલું જોઈને પિતાનું હૈયું ભરાઈ આવ્યું. એમને પોતાની ભૂલ સમજાઈ. એ વખતે પોતે કેટલા ઘાતકી બન્યા હતા તેનું ભાન થતાં એમનું અંતર પશ્ચાત્તાપથી વલોવાઇ ગયું. પણ હવે શું થાય? પંખીને છૂટું તો મૂકી દીધું પણ ઘવાયેલું પ્રાણી ઊડવાની શક્તિ ગુમાવી બેઠું હતું. હવે એ દૃશ્ય જોવા જેટલી હિમ્મત પણ એમનામાં નહોતી રહી. દીન વદને તેઓ ઘરમાં આવ્યા. કઈ પણ બોલ્યા વિના પોતાના સ્થાને જઈને છાનામાના બેસી ગયા. આ એક જ પ્રસંગે એમણે પોતાનું આધ્યાત્મિક સ્વાસ્થ્ય ગુમાવ્યું હતું, પણ તે દિવસ પછી એમના મ્હોં ઉપરનો ઉલ્લાસ સદાને માટે

ઊડી ગયો. રોજ પ્રસન્ન દેખાતા પિતાજીના જીવનમાં જાણે કે આ ઘાતકી કૃત્યે હળાહળ ભરી દીધું. એ વાતને ઘણા દિવસો વીતી ગયા. પણ અમે જોતા કે કોઈ કોઈ વાર પંખી ઉપરના જૂના અત્યાચારનો દેખાવ એમની નજર આગળ ખડો થઈ જતો અને માથામાં ચકરી આવતી હોય એવી તીવ્ર વેદના અનુભવતા. જીવ્યા ત્યાં સુધી એ પશ્ચાત્તાપને ન ભૂલી શકયા.

એક દિવસે અમારે ત્યાં એક કન્યાનો જન્મ થયો. બન્યું એવું કે જન્મતાં જ એનાં બન્ને પગ ખોટા પડી ગયેલા. મારા પિતાએ જ્યારે એ વાત સાંભળી ત્યારે એમને જે દુઃખ થયેલું તેનું વર્ણન થઈ શકતું નથી. ભારે સંકટોને વિષે અડગ રહેનાર એ મહારથી તે દિવસે ગાંજી ગયા. એમની આંખમાંથી આંસુની ધાર ચાલી નીકળી. એમણે કહેલું પણ ખરું કે "દુનિયા જાણે કે ન જાણે, પણ પાપનું ફળ મળ્યા વિના નથી રહેતું. હવે તો એ પાપનું પ્રાયશ્ચિત્ત વેઠી લીધા વિના બીજો કોઈ માર્ગ નથી."

આ અનુતાપ, આ પશ્ચાત્તાપ, આ તીવ્ર અને ગંભીર સંવેદન એ આધ્યાત્મિક આરોગ્યનું એક ચિહ્ન છે. માનવ-પ્રાણી સિવાય આવો અગ્નિ સમો પશ્ચાત્તાપ આપણે બીજે ક્યાંય નહિ ભાળીએ. માણસ સદા કાળ સાજો-નરવો નથી રહી શકતો તેમ તેનું આધ્યાત્મિક આરોગ્ય પણ હંમેશા એકધારું નથી રહેતું—જીવનમાં નબળાઈની પળો પણ આવે છે. પરંતુ એક વાર ભૂલ કે દોષ થયા પછી આવી પશ્ચાત્તાપની

અને આત્મસંશોધનની તક મળવી એ તો માનવીનું એક મહાન્ સૌભાગ્ય છે.

પશ્ચાત્તાપની છૂપી–અણછૂપી ભઠ્ઠીમાં સેકાતા માનવીઓની વ્યથાઓ જો આપણે ઊંડા ઉતરીને તપાસીએ તો માણસજાતને માટે આ એક મોટી આફત હોય એમ જ પ્રથમ દૃષ્ટિએ લાગે. પશુ–પંખી અને અબુધ જનો કેવા સુખથી હરતાફરતા હોય છે? દુઃખ આવે ત્યારે ભોગવી લેવું એ ઠીક છે, પણ આ અનુતાપ તો માણસ હાથે કરીને નથી વહોરી લેતો? મૂઢ માણસો–જેમના દિલમાં પશ્ચાત્તાપ કે પ્રાયશ્ચિત્તને માટે કંઈ સ્થાન જ નથી હોતું તેઓ કેવા સ્વચ્છંદથી–કેવા નિશ્ચિતપણે જીવી શકે છે?

એ અનુતાપનું સામું પલ્લું પણ જોવા–તપાસવા જેવું છે. પશ્ચાત્તાપ જેમ માનવીનું સદ્‌ભાગ્ય છે, માનવીનો વિશિષ્ઠ અધિકાર છે તેમ બીજી તરફ આત્મપ્રસાદ, આત્માનો આનંદ એ પણ માનવજાતનું એક બીજું પરમ સૌભાગ્ય છે. મહાત્મા ઇસુને વિષે એમ કહેવાય છે કે ઘાતકી હત્યારાઓ જ્યારે એમને ફાંસી પાસે લઈ ગયા અને ખરેખર ફાંસીના લાકડા સાથે બાંધ્યા ત્યારે એમણે માત્ર આટલું જ કહેલું: “મારી મારફતે ઇશ્વરી સંકેત સિદ્ધ થાય છે એ જોઈને હું આનંદ પામું છું.” ભયંકર મૃત્યુને નજર સામે જોવા છતાં–ત્રાસ ઉપજે એવા અત્યાચારો વેઠવા છતાં આત્માના આનંદથી તરબોળ બનેલા આવા શબ્દો ઉચ્ચારવાનો મનુષ્ય સિવાયના બીજા કોઇ

પ્રાણીને અધિકાર છે ખરો ? મહાત્મા ઇસુના શબ્દોમાં કેવો ભવ્ય, નિર્મળ આત્મપ્રસાદ તરવરે છે ?

એક બીજો દાખલો ઉતારું : વર્તમાનપત્રમાં જ આ ઘટના વાંચેલી.

મદ્રાસ તરફના એક રેલ્વે–સ્ટેશન ઉપર સાંધાવાળો પોતાના નાકા (પોઇન્ટ) ઉપર પગ રાખીને ઊભો હતો. બન્ને તરફથી બે આગગાડીઓ વેગપૂર્વક ધસી આવતી હતી. સાંધાવાળો જો એકાદ પળનો પ્રમાદ કરે તો સેંકડો મુસાફરોનાં જાનમાલ જોખમાઈ જાય. એટલામાં અચાનક જ એક કાળો નાગ પેલા સાંધાવાળાના પગને બાઝયો. યમરાજના સગા ભાઈ જેવા ગણાતા નાગનો વધુ વખત વિશ્વાસ કેમ રાખી શકાય ? આવી સ્થિતિમાં હવે તેણે શું કરવું ? જો તે પોતાનું એકલાનું જ હિત જુએ–વાંછે તો પેલું પોઇન્ટ મૂકીને ભાગી જવું પડે અને પોઇન્ટ મૂકયા પછી મુસાફરોની શી દુર્દશા થાય ? એમ ને એમ અડગપણે ઊભો રહે તો સાંપ કંઇ એનો સગો તો નહોતો જ. પોતાનું અને પોતાના કુટુંબપરિવારનું શું થાય તે પણ એને વિચારવાનું હતું. આ પ્રકારનું મનોમંથન થોડીવાર ચાલ્યું હશે, પરંતુ તેને નિર્ણય કરતાં બહુ વાર ન લાગી. હતો ત્યાં જ તે ઊભો રહ્યો–જે થવાનું હોય તે થાય, પણ પોતાના વિશ્વાસે મુકાએલા કર્તવ્યથી ભ્રષ્ટ તો ન જ થવું એમ માનીને તે ખડો રહી ગયો. સદ્‌ભાગ્યે આગગાડીનો ધમધમાટ સાંભળતાં જ સર્પ ગભરાઇને બીજી દિશામાં ચાલ્યો ગયો. પાછ-

ળથી આ હકીકત રેલ્વેના અધિકારીઓના જાણવામાં આવતાં તેમણે પેલા સાંધાવાળાને સારું ઇનામ આપેલું. એક સામાન્ય ગરીબ અને અભણ માણસના જીવનમાં પણ પોતાની જવાબદારી સમજવાના અને જિંદગીના જોખમે ફરજ અદા કરવાના આવા દાખલા મળી આવે છે. સંસારમાં આવા અનેક બનાવો બનતા હશે. એની નોંધ લેવાની કોને નવરાશ હોય છે? કેટલાંય સ્ત્રી–પુરુષો મૌનભાવે રડી લેતાં હશે અને ઊજળે મોઢે બહાર નીકળી સગાં–સંબંધી કે આડોશીપાડોશીના દુઃખે દુઃખી બની પોતાના જીવનની કીંમતી પળો તેમજ દ્રવ્યનો પણ ભોગ આપતાં હશે! કેટલીયે કૂળવધુઓ અને સન્નારીઓ પોતાનાં સુખ કે આરોગ્ય તરફ દૃષ્ટિપાત સુદ્ધાં ન કરતાં કુટુંબ અને પરિવારની સેવા–શુશ્રૂષા કરતી, પોતાના જીવનને ઘસી નાખી આખરે સ્મશાનની સોડમાં શાંતિ લેતી હશે. જગતનાં આવાં અનુપમ અને સ્વર્ગીય બલિદાનો અણનોંધાયા જ રહી જવાનાં.

આટલી વાત તો ચોક્કસ કે માનવસમાજમાં જો મૂંગી કર્ત્તવ્યબુદ્ધિ, નિઃશબ્દ આત્મભોગ અને નિષ્કામ બલિદાન જેવું કંઈ ન હોત તો સમાજ, સંસ્કૃતિ જેવી કોઈ વસ્તુ આ પૃથ્વીના પડ ઉપર નભી ન શકત–નભત તો સૂકાન વિનાના વહાણની જેમ તેની બૂરી દશા હોત. અલબત્ત, પાળેલાં પશુ કોઈ કોઈ વાર પોતાના માલેકની ખાતર ખુવાર થઈ જાય છે પણ માનવીની

કર્ત્તવ્યનિષ્ઠા કે આત્મભોગ સાથે તેની તુલના ન થઈ શકે. માણસમાં પોતાની જવાબદારી સમજવા જેટલો જે વિવેક–દીપ સતત્ પ્રકાશતો આપણે જોઈએ છીએ, તેની સાથે ભોગ આપવાની જે ભાવના થોડા યા વધુ પ્રમાણમાં આપણે અનુભવીએ છીએ તે તો ખરેખર માનવસ્વભાવનું એક ગૂઢ રહસ્ય છે. એના સ્વરૂપનો વિચાર કરતાં આપણે દિગ્મૂઢ બની જઈએ.

એ રીતે એક તરફ ઊંડો અનુતાપ અને બીજી તરફ ઉન્નત આત્મપ્રસાદ અને એ ઉભયની ઉપર સોનેરી કળશની જેમ દીપતી કર્ત્તવ્યનિષ્ઠા તો કોઈ વરદાન જ હોય એમ લાગે છે. એ ત્રણેના સમુદાયને તમારે વિવેક કહેવો હોય તો વિવેક, હિતાહિતજ્ઞાન કહેવું હોય તો તેમ; પણ એ જ માણસની માણસાઈ અથવા દુર્લભ માનવજન્મની મહત્તા છે–એને લીધે જ ધર્મજીવન ટકે છે અને ટક્યું છે એવા નિર્ણય ઉપર આવવું પડે.

વિવેકને કેટલાકો આત્માની ઇન્દ્રિય કહે છે, કેટલાકો આત્માનો પ્રકાશ કહે છે. રૂપ, રસ, ગંધવાળી વિશ્વની સ્થૂલ વસ્તુઓ આપણી બાહ્ય ઇંદ્રિયોના વિષયો છે તેમ આત્માની ઇન્દ્રિય–વિવેક, એક દિવ્ય–અરૂપી સત્તાની ઝાંખી કરાવે છે. એક ઇન્દ્રિયથી માંડી પાંચ ઇન્દ્રિય ધરાવતા પ્રાણધારીઓની વાત તો આપણે જાણીએ છીએ. ઇન્દ્રિયો જેમ વધારે તેમ જીવનનાં સુખ–દુઃખ વેદવાની શક્તિ પણ અધિક હોય છે–

જીવનરક્ષાના ઉપાયો પણ તે વધારે જાણે, કામ કરવાની યોગ્યતા પણ વિશેષ પ્રમાણમાં હોય. વિવેકરૂપી ઇન્દ્રિય એકલા માનવી પાસે જ છે; એટલે તો માનવજન્મની ઝંખના દેવો પણ કરતા હોય છે એમ આપણને કહેવામાં આવે છે. ભૌતિક જગતની જેમ એક બીજું વિરાટ આંતરજગત છે અને એનો પરિચય વિવેકવડે જ થઈ શકે છે. ભૌતિક જગતમાં જેમ ગુરૂત્વાકર્ષણ જેવા અનેક નિયમો અને વ્યવસ્થાઓ છે તેમ આંતરજગતમાં પણ બધું વ્યવસ્થિત અને નિયમિત હોય છે. ભારે વજનવાળી વસ્તુને અદ્ધર આકાશમાં ઊડાડીએ તો પાછી તે પૃથ્વી ઉપર પડવાની એ નિયમ જેમ આપણે ચોક્કસપણે જાણીએ છીએ તેમ આંતરજગતનો આ નિયમ છે કે વિશ્વમાં દુર્જનતાનો પરાભવ જરૂર થવાનો અને સજ્જનતાની પ્રતિષ્ઠા જ થવાની. એ નિયમ પણ આ વિવેકની સહાયથી જ આપણે જાણી શકીએ છીએ. આંતરજગતની અથવા તો ધર્મજગતની આટલી સાદી-સીધી વાત પણ ન જાણે તે નાસ્તિક છે એમ કહેવામાં કંઈ બાધ નથી.

શારીરિક આરોગ્ય જાળવવું હોય તો ભૌતિક નિયમો આપણે બરાબર પાળવા જ પડે. ગમે તે-ગમે ત્યારે ખાઈએ-ગમે ત્યારે ઊંઘીએ કે આરામ લઈએ એવો સ્વચ્છંદ એ ન નભાવી લે. આત્માનું આરોગ્ય મેળવવાની ને જાળવવાની જેને ધગશ છે તેણે ધર્મજગતના નિયમોને બરાબર અનુસરવું જોઈએ. શરીરનું આરોગ્ય ત્રણ પ્રકારે ઓળખાય-

(૧) કોઈ પ્રકારનો રોગ કે પીડા થાય તો તેની વેદના અનુભવાવી જોઈએ, નીરોગ શરીરનું એ પહેલું લક્ષણ. (૨) ખાનપાનમાં રુચિ અને તૃપ્તિ એ બીજું લક્ષણ અને (૩) અંગેઅંગમાં કામ કરવાની સ્ફુર્ત્તિ એ ત્રીજું લક્ષણ.

એવો નિયમ છે કે સાજા–સારા શરીરમાં કંઈ દર્દ કે રોગ થાય તો તરત જ તેની વેદના થયા વિના ન રહે. વેદના જાણવા કે સમજવા જેટલી શક્તિ જેના શરીરમાં ન હોય તો વૈદ્યો પણ એવા દરદીને માટે હાથ ખંખેરી નાંખે. દર્દની વેદના જ ન હોય તો સમજવું કે દર્દીની બધી પ્રાણશક્તિ હણાઇ ગઈ છે. તે જ પ્રમાણે સાજા–સુસ્થ શરીરવાળાને નિયમિત આહાર–પાણી મળે એટલે તેને જરૂર શાંતિ વળે. આહારની રુચિ ગઈ એટલે સમજવું કે શરીરમાં ક્યાંઈક પણ રોગનાં મૂળ પડ્યાં છે. સુદૃઢ શરીરવાળાને બેસી રહેવુ ન ગમે–કંઈક પણ કામ કરવું જ જોઈએ. કામ સિવાય તેને ચેન જ ન પડે.

આત્માના આરોગ્યના પણ આવાં જ ત્રણ લક્ષણો છે. પાપનો તિવ્રપણે પશ્ચાત્તાપ થવો એ પહેલું લક્ષણ, પુણ્યને વિષે આત્મપ્રસાદનો અનુભવ થવો એ બીજું લક્ષણ અને કર્ત્તવ્ય કરવામાં દ્રઢતા તથા આનંદ એ ત્રીજું લક્ષણ. આ આધ્યાત્મિક આરોગ્ય, સર્વ પ્રકારની ધર્મસાધનાનું મૂળ છે. દેહની ઉન્નતિ કે વિકાસનો આધાર જેમ દેહના સ્વાસ્થ્ય ઉપર રહેલો છે તેમ આધ્યાત્મિક ઉન્નતિ નિર્મલ વિવેકદૃષ્ટિ ઉપર આધાર રાખે છે. ધર્મકરણીની લગની સાથે આત્માના

વિવેકદીપને વધુ ને વધુ સતેજ રાખવાનો ઉદ્યમ સેવવો જોઇએ. રૂઢીઓ, પ્રણાલિકાઓનો પાર નથી, દેશાચાર ને કુળાચારને પણ કેટલાકો ધર્માચરણ સમજી બેઠા હોય છે. વિવેક વિનાની પરંપરાઓ અને વિધિઓમાં મલિનતા કે અંધશ્રદ્ધાને પેસી જતાં બહુ વાર નથી લાગતી. એટલા સારુ જ વિવેકદૃષ્ટિ ઉપર ધર્મપુરુષોએ ફરીફરીને ભાર મૂક્યો છે.

## સુ ભા ષિ ત

ભ. મહાવીરનું ચ્યવન પણ માંગલિક છે–
અશાડ શુદિ ૬

ગર્ભસંક્રમણ–આસો વદિ ૧૩

જન્મ–ચૈત્ર શુદિ ૧૪

દીક્ષા–માગશર વદ ૧૦

કેવળજ્ઞાન–વૈશાક વદ ૧૦

નિર્વાણ–આસો વદ અમાસ

રૂઢીઓ, નિરર્થક ક્રિયાકાંડો અને ભય, વહેમ જેવા નાગપાશમાંથી છોડાવનાર એ સંસારના તારણહારના કલ્યાણકદિનો સ્મરણમાં રાખજો અને એમના ઉપદેશનું ચિંતન કરી અનુસરવા મથજો.

—ઉપા૦ શ્રી દેવચંદ્રજી

[ ભાવનગર મુકામેના વ્યાખ્યાનમાંથી ]

# ધર્મ સમાજનું રક્ષણ કરે છે

धर्मो रक्षति धार्मिकं । ધર્મ ધાર્મિકનું રક્ષણ કરે છે. ખેડૂત પોતે ખેતરફરતી વાડ બાંધે છે, અને એ વાડ જ ખેતરનું જતન કરે છે. ધર્મ એક એવી કિલ્લેબંદી છે કે જેના આશ્રયે રહેનારો માનવી નિશ્ચિતપણે પોતાનો વ્યવહાર ચલાવી શકે છે. ધર્મ ન હોય તો સમાજ, રાષ્ટ્ર વિગેરે કાળના પ્રવાહમાં વિલીન થઇ જાય. સૂર્ય–ચંદ્ર જેવા ગગનવિહારી નક્ષત્રોના વિષયમાં એમ કહેવાય છે કે મધ્યાકર્ષણનો એક એવો જબ્બર નિયમ વર્તે છે કે જેને લીધે એ અદ્ધર ફરનારાં વિરાટ ગ્રહ–નક્ષત્રો પોતપોતાની મર્યાદામાં રહીને નિરંતર ગતિ કર્યા કરે છે. સમાજ અથવા રાષ્ટ્રનું ગુરૂત્વાકર્ષણ જો કોઇ હોય તો તે ધર્મ.

માનવસમાજની સ્થિતિ અને પ્રગતિનો જરા વિચાર કરો, એટલે ધર્મનો મહિમા સમજાશે. માનવીની જેમ જ સિંહ, વાઘ, વરૂ જેવા હિંસક પ્રાણીઓ આ પૃથ્વીતળ ઉપર ઘણા લાંબા સમયથી વસતા આવ્યાં છે. એક કાળે એમનું જ ભયનું શાસન ચાલતું. પ્રાચીન સમયમાં તેમની હૈયાતીનાં પુષ્કળ ઉલ્લેખો મળે છે. શહેરો થોડાં હતાં અને

ગામ ગામ વચ્ચે મોટાં વન અને અરણ્યો હતાં તે વખતે આ જંગલી પશુઓનો ત્રાસ ઓછો નહોતો. પણ તેઓ પોતાનો સમાજ ન બાંધી શકયા. સમાજની રચના માટે જે ધર્મબુદ્ધિ જોઈએ તે તેમનામાં નહોતી. જો તેઓ પોતાના ભાઈ–ભાંડુઓના સુખ–દુઃખમાં ભાગ લઈ શકયાં હોત–સમાજરક્ષાની ખાતર ઉદાર બની શકયાં હોત તો તેમણે આટલા લાંબા સમય દરમિયાન ખૂબ ઉન્નતિ કરી લીધી હોત. ભલે એ હિંસક પ્રાણીઓ રહ્યાં, પણ જો તેમનામાં સમાજ રચવાની અને વ્યવસ્થા કરવાની થોડી શક્તિ હોત તો શું તેઓ ટૂંકા સમયમાં આટલા નામશેષ બની જાત ખરાં? "મારો બંધુ, મારું કુટુંબ, મારો દેશ" એવી કોઈ પવિત્ર ભાવના પશુ–પ્રાણીમાં નથી હોતી–અંદર અંદર લડતાં તેમને અટકાવવા એ સહજ વાત નથી, એટલે તો તેમણે પરસ્પરમાં લડી પોતાનો વિનાશ નોતરી લીધો.

અંદર અંદરની ઈર્ષા, વેર કોઈને જંપવા દેતાં નથી. એ અધર્મ તો છે જ, સમાજવિરોધી પણ છે. આ દોષને લીધે વિકરાળ અને બળવાન પશુ એકબીજાનો સહકાર સાધી શકતા નથી. માનવીમાં પણ એ દોષ નથી એમ કોઈ કહી શકશે? જગતના ઇતિહાસ તરફ સહેજ દૃષ્ટિ કરો. એક દેશ ઉપર પોતાનું આધિપત્ય સ્થાપવા, સમાજના સભ્યોને સદાને માટે પોતાના ગુલામ બનાવવા અથવા તો પોતાનાં સુખ–સ્વચ્છંદની ખાતર બીજાને દાસત્વની બેડીમાં બાંધી રાખવાના વિજેતાઓએ અને

બળવાનોએ ઓછા પ્રપંચો કર્યાં છે? આજે પણ જે યુદ્ધો ખેલાય છે અને પ્રજાને વશ રાખવા જે સાધનો વપરાય છે તે જોતાં માનવી પશુથી ચઢિયાતો છે એમ કોઇ હિમ્મતપૂર્વક કહી શકશે? માનવીનાં ઈર્ષા, વેર અને હિંસકતા જોતાં તો પશુ હજાર દરજ્જે ચઢિયાતું છે એમ જ કહેવું પડે, છતાં માનવી ધારે તો હિંસા, વેર, સ્વાર્થનું થોડું પણ નિયમન કરી શકે છે—પાશવવૃત્તિ ઉપર કાબૂ મેળવી શકે છે, એ જ માનવસમાજની કિલ્લે-બંદી છે. એટલો પણ ધર્મ છે તો સમાજ સ્થિર અને કિંચિત્ નિશ્ચિંત રહી શકે છે. સત્ય, ન્યાય, સેવા, પવિત્રતા જેવા ઉચ્ચ કોટીના ગુણો માનવી ધરાવે છે તેથી જ સમાજ ટકે છે.

સંસારત્યાગીઓ, એકાંતવાસીઓ અર્થાત્ તપસ્વીઓ અને મુનિઓને માટે જ ધર્મની યોજના અથવા આવશ્યકતા છે એમ કેટલાક સામાન્ય શ્રદ્ધાળુઓ માની લે છે. પોતે પ્રપંચમાં ડૂબેલા હોવાથી ધર્મ ન પાળી શકે, ધર્મ-પાલનનો એમનો દાવો ન ચાલે, બાકી તો ત્યાગીઓ અને વિરાગી મહાત્માઓને માટે જ ધર્મ નિર્માયો છે એમ પોતાની અશક્તિ કે ઊણપના બચાવમાં કહે છે.

ત્યાગી–સંયમી–વિરાગી પુરુષોની સાધનાને આપણે એક બાજુ રાખીએ. સંસારના તેઓ તારણહાર છે એ શંકા વગરની વાત છે પરંતુ એટલા ઉપરથી સામાન્ય માનવીને શિરે ધર્મ વિષયક જવાબદારી જ નથી એમ

માની લઇએ તો સમાજનો પાયો જ ખળભળી ઊઠે. આત્મનિષ્ઠ મહાપુરુષો પોતાના વિરોધીઓ અને અપરાધીઓ ઉપર પણ કરુણા અને મત્રીની વર્ષા વરસાવે છે, પણ એમના અનુયાયીઓ, અનુરાગીઓ કે ભક્તો જો એમના પગલે ચાલવા ન મથે તો પછી ધર્મનું સ્થાન સંસારમાંથી ભૂંસાઈ જાય.

સમાજના સભ્યો એકબીજાના સહવાસમાં આવે છે, એક બીજાના સંઘર્ષણમાં પણ આવે છે. હવે તેઓ જો માનવપ્રેમ, મૈત્રી, સંયમ, અહિંસા વિગેરે ન કેળવે તો એમની માનવતાનો શું અર્થ છે? માનવીનો વિકાસ શી રીતે થાય? વાસણને માંજવાથી એ સાફ અને ઊજળું બને છે. આપણે એક–બીજાના સંઘર્ષણમાં ને સંપર્કમાં આવીએ છીએ અને તેની સાથે સ્વાભાવિક ઉચ્ચ ગુણ દાખવીએ છીએ એટલે તો આપણી માનવતા વધુ સાફ અને ઉજ્જવલ બને છે. મત્રી, કરુણા, સંયમ વિગેરેની વાતો કે ચર્ચા આપણે ગમે તેટલી કરીએ, પણ જો કોઈના સીધા સંપર્કમાં જ ન આવીએ અને જે સદ્‌ગુણોની ચર્ચા કરીએ છીએ તેનો પરચો ન બતાવીએ તો આપણું જ્ઞાન કે ચર્ચા શા કામના?

નર્મદા જેવી નદીના ગોળ–લીસા પત્થર તો તમે ઘણી વાર જોયા હશે. પત્થરમાં આ સુંવાળપ ક્યાંથી આવી? એક પાષાણનો ટુકડો તમે કોઈ કારીગરને આપો અને કહો કે નદીના વહેણમાં તણાતા પત્થર જેવો સુંવાળો બનાવી દો, તો તેને વિચાર થઈ પડશે. વર્ષોના વર્ષો થયાં

જે પત્થર રોજ રેતીની સાથે, પોતાના જેવા બીજા ટુકડાઓ સાથે અથડાય છે–કૂટાય છે તેનામાં સહેજે એવી સુંવાળપ આવી જાય છે કે કારીગર પણ મથે તો એવું લીસાપણું નહિ લાવી શકે. સંપર્ક અને સંઘર્ષણનો જ એ પ્રભાવ છે. સંસારનો પ્રવાહ પણ એક રીતે તો નદીના પ્રવાહ જેવો છે. સંસારના પૂરમાં તણાતો માનવી ઘણા–ઘણાના સંપર્કમાં આવે છે અને તેને નવું જાણવાનું તથા શીખવાનું પણ પુષ્કળ મળે છે. જે કોઈ એવા સંપર્કમાં નથી આવતો તેને આપણે મૂઢ અથવા જંગલી ગણી કાઢીએ છીએ. સંસારની ગડમથલમાં અથડાતો, કૂટાતો માનવી સંસ્કારી, અનુભવી બને છે. સામાજિક સંપર્કને લીધે ખડબચડો ગણાતો માનવી થોડીઘણી સુંવાળપ મેળવે છે. કારીગરના ટાંકણાની જેમ અનુભવો તેને ઘડે છે.

યોગવાશિષ્ઠમાં એક સ્થળે કહ્યું છે કે—

तरोऽपि हि जीवन्ति, जीवन्ति मृगपक्षिणः ।
स जीवति मनो यस्य, मननेन हि जीवति ॥

વૃક્ષલતા પણ જીવે છે અને પશુ–પંખી પણ જીવે છે. ખરું જીવન તો તે છે કે જે મનનથી જીવે છે. જે મનન કરે છે, વિચાર કરે છે, વિવેક કેળવે છે અને ધર્મમય જીવન જીવવા મથે છે તે જ યથાર્થ જીવન છે. આ વિચારમય જીવન જ માનવીની વિશેષતા છે. સંસારી હોય કે યોગી હોય, પણ વિવેકદૃષ્ટિ જેમને વરી છે, જેઓ

આત્મહિત અને લોકહિતની દૃષ્ટિએ જ જીવનની ઉપયોગિતા સમજે છે તેઓ સ્વ-પરકલ્યાણના સાધક તરિકેની અક્ષયકીર્તિ મેળવે છે.

આ મનન અથવા વિવેક છે એટલે તો પરમ સુખ અને ઐશ્વર્યમાં રહેનારો માનવી અનુકૂળતાઓથી પણ અકળાઈ ઊઠે છે-એનો આત્મા પોકારી ઊઠે છે કે આ ભોગોપભોગ એ જ સર્વસ્વ નથી-એમાં જીવન વેડફી નાખવું એ એક પ્રકારનો આત્મઘાત છે. ભગવાન મહાવીર અને એમના સમકાલીન ગૌતમ બુદ્ધના જીવનનો જરા વિચાર કરો. એ બે રાજવંશી ક્ષત્રિયકુમારોને કઈ વસ્તુની ખોટ હતી ? દાસ-દાસીઓ અને લક્ષ્મી કે સત્તા તો એમના પાદ-પ્રક્ષાલન કરતી; છતાં જ્યારે એમણે જોયું કે અજ્ઞાન અને અધર્મમાં જનતા ગળાડૂબ ગરકાવ છે ત્યારે સંસારનાં સુખ કે ઐશ્વર્ય, સર્પ કાંચળી ઉતારે તેમ, એમણે તજી દીધાં. એ ત્યાગીઓએ આત્માનું તેમજ જનસમુદાયનું કેટલું કલ્યાણ કર્યું છે તેનો આંક કોઈ મૂકી શક્યું નથી. ધર્મને નામે ચાલતી હિંસા અને પાખંડોમાંથી બચાવી લોકસમુદાયને એમણે નવું જીવન આપ્યું. દુનિયાભરના વિવિધ રાષ્ટ્રોમાં જે દેશભક્તો, સંશોધકો અને સાહસિકો થઈ ગયા છે તેમના જીવનનો વિચાર કરશો તો પણ તમને લાગશે કે જેઓ મનનમાં જ જીવ્યા છે, જેમની અંતરદૃષ્ટિ ખીલી છે તેમણે પોતાના સુખોપભોગને તિલાંજલી આપવામાં અને પોતાની

આસપાસના સમુદાયને આગળ વધારવામાં એવી જ સિંહવૃત્તિ દાખવી છે. પશુ–પક્ષી કે તરુ–લતાની જેમ માણસ ખાઈ–પીને એશઆરામ કરવાને જ સર્જાયો હોત તો આ બલિદાન, સર્વસ્વનો ભોગ આપવાની આ પવિત્ર મનોવૃત્તિ કયાંથી ઉદ્ભવત ? સમાજરક્ષા કે સ્વાતંત્ર્યપ્રાપ્તિ કઈ રીતે શકય બનત ? દરેક દેશ ને દરેક યુગ વધતે–ઓછે અંશે આવા પુરુષો પેદા કરે છે. તેઓ ધારે તો પોતાના સુખની ખાતર જોઈએ તે કરતાં પણ વિશેષ સામગ્રી મેળવીને શાંતિથી જીવન પૂરું કરે. પરંતુ એ સુખ, એ શાંતિ એમને મૃગજળ જેવી લાગે છે. પોતાના માનવબંધુઓ અને નિર્દોષ પશુ–પ્રાણીઓ અન્યાય અને અત્યાચારથી રીબાતા હોય તે વખતે એમને ઘરની, મહેલની ચાર દિવાલો વચ્ચેની શાંતિ આગના ભડકા જેવી અકારી લાગે છે.

સમાજ અથવા રાષ્ટ્રના સ્વાતંત્ર્ય કે સુખવૃદ્ધિ માટે જેઓ અહોનિશ ચિંતામગ્ન રહે છે અને સર્વસ્વનો ભોગ ધરવાને પ્રસન્નવદને તૈયાર રહે છે તેઓ જ્યોતિર્ધરની જેમ નવો પ્રકાશ, નવો ઉલ્લાસ પ્રેરે છે અને સમાજ તથા રાષ્ટ્રના પરમ હિતૈષી કિંવા તારણહાર મનાય છે એ વિષે બે મત નથી, પણ જેઓ તપ, સંયમ અને સ્વાધ્યાયમાં નિમગ્ન રહી સમાજ કે સંસારની ઘડભાંજથી અલિપ્ત જીવન ગાળે છે તેમનો ધર્મ સમાજ કે પ્રાણીસમુદાયને શી રીતે ઉપયોગી થતો હશે એવો પ્રશ્ન કેટલાકો પૂછે છે. ભારતીય સભ્યતાના ઈતિહાસમાં આવા ધર્મધુરંધરો અથવા મહારથીઓ

સ્થિર-ઉજ્જ્વલ નક્ષત્રની જેમ પ્રકાશી રહ્યા છે. હજારો યોજન દૂર રહેવા છતાં સૂર્ય-ચંદ્રનો પ્રકાશ પૃથ્વી ઉપર સતત પથરાઇ રહે છે તેમ એ ધર્મપુરુષોનાં જીવન હજારો વર્ષના ગાળા વીંધીને માનવસમાજને નવચેતન પ્રેરે છે.

કઈ રીતે નવચેતના આપે છે એ જ વાત કહું. જે મહાતપસ્વીઓએ-સંસારવિરાગીઓએ સ્થૂળ સુખોપભોગ કરતાં આત્માના આનંદ-પુરુષાર્થ-સૌંદર્ય તરફ અધિક ધ્યાન આપ્યું અને આત્માના બળ-તેજ પાસે બીજાં બળ તુચ્છવત્ છે એમ પ્રબોધ્યું તેમના જીવનમાં જરાક ઊંડા ઉતરીને જોઇએ તો ત્યાં કલ્પનામાં પણ ન સમાય એવી સિદ્ધિ અને સમૃદ્ધિ છલકાતી નજરે પડશે. એક દૃષ્ટાંત લઇએ-

ભ૦ મહાવીરને દીક્ષા લીધા હજી થોડા મહિના જ થયા હતા. વિહાર કરતા તેઓ અસ્થિકગામમાં આવ્યા અને ત્યાં ગામબહાર-એક ટેકરા ઉપર યક્ષના મંદિરમાં રહ્યા. લોકોએ કહ્યું કે: આ મંદિરમાં રહેવા જેવું નથી. જે કોઈ રાતવાસો રહે છે તે બીજે દિવસે જીવતો બહાર નીકળતો નથી. યક્ષનો ત્રાસ વર્ણવ્યો જાય તેવો નથી.

મહાવીર એ વાત સાંભળીને જરા ય ચલાયમાન ન થયા. તેમણે પોતાનો નિશ્ચય ન બદલ્યો. તેઓ ત્યાં જ રાતવાસો રહ્યા અને યક્ષે પોતાની બધી શક્તિ મહાવીર પ્રભુને પજવવામાં ખર્ચી નાખી. આખરે એ યક્ષને પ્રભુ મહાવીરના ચરણમાં ઝૂકવું પડયું. યક્ષનો પણ ઉદ્ધાર થઈ

ગયો. આવી બીજી પણ ઘણી ઘટનાઓ ભ. મહાવીર અને ગૌતમ બુદ્ધના ચરિત્રમાં મળી આવે છે.

હવે ધારો કે આપણે જે ઘરમાં રહેતા હોઇએ તે ઘર ભૂતિયું છે અને ત્યાં નાના–મોટા ઉપદ્રવો થયા કરે છે એમ જો કોઈ કહે તો આપણે તે ઘરનો ત્યાગ કરવામાં જરા જેટલો ય વિલંબ કરીએ ? બીજે ઠેકાણે સારું સ્થાન મળતું હોય તો જાણી જોઇને–લોકવાયકાની ઉપરવટ થઇને એવા ઘરમાં પડી રહેવાનું કોણ પસંદ કરે ? રોગ–શોકના ઉપદ્રવની વાત જવા દઇએ. જે ઘરમાં રહેવાથી વગર કારણે ગ્લાનિ કે બેચેની થતી હોય તે ગમે તેવું આલીશાન તેમ જ સગવડવાળું હોય અને વગર ભાડે મળતું હોય તો પણ કોઈ ડાહ્યો માણસ તે પસંદ નહિ કરે.

દુઃખ, ગ્લાનિ, ઉપાધિથી દૂર રહેવાનો એ એક રાજ-માર્ગ છે. અને વ્યવહારમાં આપણે બધા તેનું જ અનુસરણ કરીએ છીએ. શત્રુનો સામનો જ કરવો ન પડે એ રીતે શત્રુથી આઘે રહેવું એ ઠીક છે. પણ એ શત્રુને જીતવાનો રસ્તો નથી એટલું તો સૌ કોઈ કબૂલ કરશે. શત્રુના જુલમ કે અત્યાચારથી બચવું એ એક વાત છે અને શત્રુનું જોર જડમૂળમાંથી નિકંદી નાખવું એ બીજી વાત છે. શક્તિશાલી પુરુષોએ આ બીજો માર્ગ વધુ પસંદ કર્યો છે. જેઓ જગતને નિર્ભયતાનો પાઠ શીખવવા માગે છે–ધૈર્ય અને સહિષ્ણુતા જેવા આધ્યાત્મિક ગુણો વિકસાવવા માગે છે તેઓ યક્ષ કે બીજા અત્યાચારીઓની ધાક–

ધમકીને લેશ માત્ર મચક ન આપે એ દેખીતી વાત છે. તેઓ કહી શકે કેઃ "યક્ષમાં કે અત્યાચારીમાં જો જુલમ કરવાની તાકાત છે તો તેનો પ્રસન્નપણે સામનો કરવાની મારામાં એથી ય અધિકી શક્તિ છે."

સંપત્તિ, સગવડ ને સત્તાના બળે સુખનાં સાધનો વસાવવાં એ મનોવૃત્તિમાં આપણે એટલાબધા ટેવાઈ ગયા છીએ કે એ સાધનો પોતે કેટલી વિકૃતિઓ ઊભી કરે છે, કેટલી કંગાળિયત અથવા કાયરતા જન્માવે છે તે જોવા-સમજવા જેટલી શક્તિ જ નથી રહેતી. માંદગી જેવા ટાણે દવાદારૂના ઉપચાર કરવા પડે તે સમજી શકાય, પણ દવાદારૂ જ જો સર્વસ્વ બની બેસે તો એ માંદગી કાયમની થઈ જાય. માંદગી એ તો ઘડી-બે ઘડીનું દુઃસ્વપ્ન જ ગણાવું જોઈએ. બીમારી પેદા કરનારાં બળો સામે લડી લેવું અને એમને પરાસ્ત કરવાં એ જ ખરું આરોગ્ય છે અને એવું આરોગ્ય સૌ કોઈને પ્રકૃતિથી જ વરેલું હોય છે.

સુખ એ શરીરનો નહિ પણ આત્માનો ગુણ છે. આત્માના ઉચ્ચ ગુણોની રક્ષા કરવા જતાં કદાચ શારીરિક સાનુકૂળતાઓનો ત્યાગ કરવો પડે તો પણ ખરો ધાર્મિક એવે વખતે કંગાળ કે કાયર નહિ દેખાય. શારીરિક સુખની ખાતર તે ગુલામી બરદાસ નહિ કરે. પ્રાતઃસ્મરણીય પુરુષોના જીવનચરિત્રોમાંથી નિર્ઝરતો એ બોધપાઠ આજે લગભગ ભૂલાઈ જવાયો છે. તપ-સંયમ વિગેરે માનવીના આધ્યાત્મિક વિકાસ અર્થે યોજાયા હતા તે પણ

આજે જ્યારે લગભગ રૂઢીબદ્ધ બની ગએલા જોઈએ છીએ ત્યારે ખેદ થાય છે.

આજે સંસારમાં સુખમય જીવન કેમ જીવવું તેને એક કળાનું રૂપ આપવામાં આવે છે. જીવવાની પણ એક કળા છે એની કોઈ ના નથી પાડતું. પણ સાચી જીવનકળા જે ધર્મપુરુષોએ જાણી હતી—જગતને શીખવી હતી અને જેમણે સાદામાં સાદી વાણીથી ઉપદેશ્યું હતું કે ધર્મ જ તમારું રક્ષણ કરશે માટે ધર્મનું ગમે તે ભોગે પણ પાલન કરજો—એ ધર્મ જ સુખમય જીવનની સઘળી સમૃદ્ધિઓના ભંડાર ખોલી આપશે એ વાત વીસરાઈ ગઈ છે. દુઃખ, જુલમ, કાયરતા અને ગુલામી સામે છેલ્લી સીમા સુધી લડી લેવાની અને એવો સાત્ત્વિક સંગ્રામ ખેલતાં જે જે વિઘ્નો કે આફતો આવી પડે તેનો નિર્વિકારપણે સામનો કરવાની જેમણે વિવિધ ધર્મકરણી તેમજ નરી આત્મશુદ્ધિની સર્વોચ્ચ કળા બતાવી તેની સરખામણીમાં મૂકી શકાય તેવી બીજી કોઈ કળા જગતમાં જડવી મુશ્કેલ છે. ધર્મના અંગ જેવા ગણાતા નિયમો અને આચારો વિગેરેના અંતઃસ્વરૂપ તપાસીએ—મનન—ચિંતનદ્વારા તેના રહસ્ય ઉકેલવા મથીએ અને તેને જીવનના માર્ગદર્શકરૂપ ગણીએ તો આપણું તેમજ સમાજનું, શાસનનું તથા રાષ્ટ્રનું પણ એકંદરે કલ્યાણ જ થાય. શ્રમણસંસ્કૃતિનો મહિમા દિગંતવ્યાપી બને.

# સુભાષિત

અહિંસા, મૈત્રી જેમ આત્મિક છે તેમ નિર્ભયતા પણ આત્માનો ગુણ છે. ભ૦ મહાવીરના જીવનમાં સર્વત્ર નિર્ભયતા અને ઉપસર્ગોની સામે પણ મેરુ જેવી અડગતા જ દેખાય છે.

卐 卐 卐

રાગ–દ્વેષના દ્વંદ્વથી બની શકે તેટલા દૂર રહેજો. કદાચ એના રંગમાં રંગાવું પડે તો પણ તમે તમારા સ્વભાવથી કેટલે દૂર ગયા છો તેનો તોલ કાઢતા રહેજો.

卐 卐 卐

દરેક કાર્યમાં ઉપયોગ રાખજો. પર્વનના વંટોળથી સૂકું પાન જેમ ધસડાય છે તેમ સંસારના વાવંટોળમાં ભાન ભૂલીને ધસડાશો નહિ. ઉપયોગ એટલે જાગૃતિ.

卐 卐 卐

ભૂલ થઈ જવી સહજ છે. પણ એ ભૂલને ભૂલ સમજી એવી ભૂલના ભોગ ન બનવામાં માનવીનો પુરુષાર્થ છે.

卐 卐 卐

વિકથા કે પરનિંદામાં પડશો નહિ. જેઓ પોતે દોષથી ભરેલા છે તેમને બીજાનાં દોષ જોવાનો શું અધિકાર છે? આપણે આત્માની શુદ્ધિના જ પહેરગીર બનીએ તો પણ બસ છે.

卐 卐 卐

બુદ્ધિના ચાર પ્રકારઃ

મતિ—જેમાં તર્કની પ્રધાનતા હોય.

બુદ્ધિ—જેમાં વર્તમાનકાળની વિચારણા હોય.

સ્મૃતિ—જેમાં ભૂતકાળની યાદી હોય.

પ્રજ્ઞા—જેમાં ત્રણે કાળનો વિચાર હોય.

—ઉપા૦ શ્રી દેવચંદ્રજી

[ ભાવનગર મુકામેના વ્યાખ્યાનમાંથી ]

# જીવનનો મૂળ પ્રશ્ન

બાલ્યાવસ્થા સ્વપ્નોથી ભરેલી હોય છે. યૌવન પણ ઓછું ઉજ્જ્વળરંગી નથી. પણ માતપિતાના ખોળા ખૂંદતો અને લાડથી ઉછરતો કુમાર જ્યારે સંસારવ્યવહારના પ્રવાહમાં તણાય છે અને ઉપરાઉપરી આવતા મોજાંઓ સાથે અથડાય છે ત્યારે એનાં ઘણાંખરાં સ્વપ્ન ઊડી જાય છે. જે સંસારમાં સુખની શીળી લહરીઓની એણે આશા રાખી હતી ત્યાંથી જ્યારે ઉન્હી લાય ઉઠતી અનુભવે છે ત્યારે તેનું મોં કરમાઈ જાય છે. યુવકોમાં સાહસ અને શક્તિ હોય છે એટલે તે પ્રતિકૂળતાઓ સાથે લડી લેતાં એકદમ થાકી જતા નથી, નિરાશ પણ નથી બનતા; પરન્તુ સૌ કોઈના જીવનમાં એવી પળો તો જરૂર આવે છે કે જ્યારે એમ લાગે છે કે–"સંસાર આટલો નિષ્ઠુર–આટલો ક્રૂર હશે એમ નહોતું ધાર્યું."

કવિવર ટાગોરે "એકલો જા ને રે!" એવી મતલબનું એક ઘણું ભાવપૂર્ણ ગીત રચ્યું છે. હતાશ યોદ્ધાના દિલમાં વ્યાપેલો અંધકાર ધોઈ નાખવા માગતા હોય તેમ

તેઓ કહે છેઃ "તારી સાથે કોઈ આવે યા ન આવે-તને કોઈ સત્કારનારું હોય યા ન હોય, તારા આંસુ લૂછનારું કોઈ હોય યા ન હોય-પણ તું એકલો તારા કર્તવ્યમાર્ગે આગળ ચાલ્યો જા! તારા માથે મુશળધાર મેઘ વરસતો હોય, પગમાં કાંટા વાગતા હોય, ઘોર અંધકારમાં રસ્તો પણ ન જડતો હોય એટલું જ નહિ પણ તને જોઈને લોકો પોતાના દીવા ઓલવી નાખતા હોય તો પણ તું તારે એકલો આગળ જા!"

આ પ્રકારનું ધૈર્ય, આ પ્રકારની ઠંડી તાકાત એ તો દેવદુર્લભ વસ્તુ છે. પરંતુ જે વેળા સગા-સંબંધીઓ ને મિત્રો પણ છોડીને ચાલ્યા જાય, સ્વાગત-સન્માનને બદલે ઠેકઠેકાણેથી જાકારો મળે, એક તરફ આર્થિક વિટંબણા મૂંઝવતી હોય, બીજી તરફ આપ્તજનના વિયોગનો વિષાદ અંતરમાં આગની જેમ ધીખતો હોય એવે વખતે સંસાર કેટલો સ્વાર્થી, વિષમ અને વિચિત્ર છે તેનો અનુભવ થાય છે. ઘણું ઘણું જોયા પછી જ્ઞાની પુરુષોએ પણ એ જ નિષ્કર્ષ કાઢ્યો છે કે સંસાર ઘડીભર સુંદર અને અવનવા ઉજળા રંગોથી છલકાતો દેખાય, પણ નીચે તો કાંટાં જ પાથર્યા છે એ ન ભૂલતા.

આ દુઃખ, વિષાદ, નિરાશા છે એટલે જ ધર્મમાર્ગ શોધાયો છે. જીવનનો એ મૂળ પ્રશ્ન જ હૈયાતી ન ધરાવતો હોત તો માનવજાતને જે ધર્મ જેવી અમૂલ્ય વસ્તુની ભેટ મળી છે-ધર્મનો જે અનોખો વારસો મળ્યો છે તે ન મળત.

આ જમાનામાં કે આ દેશમાં જ દુઃખ કે વિષાદની ઝડીઓ વરસે છે અને બીજા દેશો કોરા રહી જાય છે એમ માની લેવાનું નથી. દરેક યુગ અને દરેક દેશને આવા અનુભવો થયા છે અને તેમાંથી જ અલૌકિક આદર્શો અને તેની સિદ્ધિના માર્ગ સૂઝયા છે.

તૃષાતૂરને પાણીનો એક પ્યાલો મળતાં કેટલો આનંદ થાય છે? સહરા જેવા સૂકા રણમાં મુસાફરી ખેડતા કોઈ પ્રવાસીને કલ્પો—પાણી ઝંખતા એ મુસાફરને પાણીની કીંમત પૂછો તો પાણીના એક પ્યાલા માટે ગમે તે ભોગ આપવા તૈયારી બતાવશે. તૃષા છે એટલે તો મૂલ્ય વિનાના પાણીની આટલી કીંમત છે. આત્મા જો આવી તરસથી તરફડતો ન હોત તો ધર્મનું મૂલ્ય કોણ આંકત? એક સંસ્કૃતકવિએ પ્રભુની સ્તુતિ કરતાં એક સ્થળે એવી મતલબનું કહ્યું છે કેઃ "પ્રભુ! આ લોકો આપના ચરણમાં માથું નમાવે છે તે કંઈ આપની ઉપર ઉપકાર કરવા નહિ. તેઓ સંસારમાં અનેકવિધ સંતાપોથી એવા દાઝયા છે કે એમને આપના શરણ વિના બીજે કયાંઈ ટાઢક નથી વળતી એટલે જ આપની છત્રછાયા નીચે દોડી આવ્યા છે. ઉનાળામાં ગરમીથી બળતો માનવી જેમ ચંદ્રકિરણનો આશ્રય લે તેમજ તેઓ આપના આશ્રયે આવ્યા છે."

દુઃખ અને વેદનાના અનુભવે જ સંસારમાં ધર્મની શોધ કરી છે. એ ધર્મ જ પ્રાણધારીને પળે પળે હિમ્મત, આશ્વાસન અને ધૈર્ય આપે છે કે "દુઃખથી ગભરાઈ જઈને

હાયવોય કરવાથી કંઈ વળવાનું નથી—જીવન નિરર્થક નથી—જીવનનું પણ ધ્યેય હોય છે. તું તને સતત પરાધીન માની ન લેતો—તું મરવા માટે જ નથી જન્મ્યો: તું સંપૂર્ણ સ્વતંત્ર અને અજર—અમર છે." જીવનમાં એ પ્રેરણા અનંત દીપરાશિની ગરજ સારે છે—અંધકારમાં આથડતા માનવીના માર્ગમાં પ્રકાશ પાથરે છે. નિરાશાને લીધે ભાંગી ગએલ હૈયામાં વજ્રની શક્તિ ભરે છે.

સાંસારિક વેદના જ એને બાહ્ય રંગ—રાગ—સુખ-વિલાસની મૂર્ચ્છામાંથી જગાડે છે અને અંતરમાં ઊંડે ને ઊંડે ઉતરવાની પ્રેરણા આપે છે. મિત્રો અને વિરોધીઓથી તરછોડાયેલા—સર્વત્ર તિરસ્કાર પામતા માનવીને એ કહે છે: " આ દુઃખની પાછળ સુખનું એક સરોવર છલકાઈ રહ્યું છે. દુઃખથી ડરીને હતાશ ન બનતો. આજે તને ભલે ઘોર અંધકાર દેખાતો હોય, તો પણ તારે માટે સ્વર્ગીય પ્રકાશ રાહ જોઈ રહ્યો છે. તું અમૃતનો જ અધિકારી છે."

દુઃખ અથવા વેદના નામે ઓળખાતી આ વસ્તુ આકસ્મિક કે અર્થરહિત છે એમ કોણ કહે છે? એ ભયા-નક છે—અરુચિકર છે, પણ અનિષ્ટકર છે એમ જો કોઈ કહે તો તેને નાસ્તિક અથવા વિચારશૂન્ય જ કહેવો પડે. દુઃખ અંતરાય ઊભા કરે છે એમ પણ ન કહેવાય—નવા માર્ગ શોધવાની અને નવી તાકાત સ્ફુરાવવાની એમાં સ્વાભાવિક સત્તા રહેલી છે. દુઃખ જીવનમાં જડતા ભરી દે છે એમ કોઈ કહે તો તે પણ માનવા જેવી વાત નથી.

વિલાસ અને ખુશામત માણસને મૂઢ અથવા જડ બનાવી દે, પણ આપત્તિ કે ઉપાધિ તો એને ચેતનાવાન બનાવે છેઃ બધાં બારી-બારણાં બંધ હોય ત્યાં એક નવી જ બારી ખોલી દે છે. એકલા સુખમાં વિભ્રમ અને ઉન્માર્ગનો ભય છે. દુઃખ કોઇ દિવસ કોઈની પણ ખોટી ખુશામત નથી કરતું-એ તો સ્વચ્છ અરીસાની જેમ માનવીને પોતાનું સ્વરૂપ બતાવી દે છે.

વિવિધ વહેમો, રૂઢીઓ અને અર્થશૂન્ય લોકાચારો સામે સુખી અથવા સમૃદ્ધ ગણાતા માનવીઓએ કદિ બળવાનો વાવટો ફરકાવ્યો જાણ્યો છે? દુઃખ કે શોષણની ભઠ્ઠીમાં શેકાઈને-ઘડાઇને પાકા થએલા સમૂહો જ એ કંટકો ઉખેડીને ફેંકી દેવાનો અને નવો સરળ-રાજમાર્ગ તૈયાર કરવાનો પુરુષાર્થ દાખવે છે. દુઃખ નસ્તરનું કામ કરે છે. દેહમાં ભરાયેલા કુપિત મળને જેમ શસ્ત્રક્રિયા સાફ કરે છે તેમ દુઃખની વિવિધતા નવી વિશુદ્ધિઓની ભેટ ધરે છે. દુઃખની અનુભૂતિમાંથી જ વિચારશીલોએ દર્શનશાસ્ત્ર સંબંધી મૂળ અને ગૂઢ સમસ્યાઓનાં સમાધાન શોધ્યાં છે. દુઃખની અનુભૂતિએ જ રૂઢીગત માર્ગોનો પરિહાર કરવાની અને નવા અલૌકિક માર્ગો શોધી કાઢવાની ચેતના જગાવી છે.

શારીરિક રચનામાં તાવને જે સ્થાન છે તેજ સ્થાન જીવન-રચનામાં દુઃખને છે એમ પણ કેટલાકો કહે છે. ઘણી વાર ખાનપાનમાં સ્વચ્છંદ કે અતિશયતા આવી જાય છે અથવા તો વધારે પડતા થાક કે ઉજાગરાને લીધે શરીર આ-

જાય છે ત્યારે તાવ આવે છે. આ તાવ એક પ્રકારની ચેતવણી છે—રોગ નહિ પણ રોગની સૂચના માત્ર છે. પીડાદાયક લાગવા છતાં એ તાવ અંદરની શક્તિઓને જાગૃત કરે છે અને જે મળ મોટા દર્દો પેદા કરવાને સમર્થ હોય છે તેને બહાર કાઢવા મથે છે. તાવ સ્વાસ્થ્ય અથવા આરોગ્યની જ ભેટ લઈને આવે છે, એ જ પ્રમાણે દુઃખ અનિષ્ટ કે ભયંકર લાગતું હોય તો પણ એનો ધ્વનિ જો આપણે સાંભળી શકતા હોઇએ તો તે ઊંઘમાંથી ઉઠવાનો અને વૈભાવિક દશામાંથી જાગવાનો જ ગૂઢ મંત્ર સુણાવે છે. દુઃખથી દબાયેલાઓ કે દીનજનો અહોભાગી છે, કારણ કે એક દિવસે એમનો આત્મા એ દુઃખ—દારિદ્રયને લીધે જ જાગવાનો અને સ્વર્ગીય પ્રકાશ એમને લાધવાનો એવી મતલબનું બાઇબિલમાં એક કથન છે. દુઃખ કે જે જડતા કે મૂઢતા ભણી લઈ જાય છે· તેની અહીં વાત જ નથી, પણ જે દુઃખ પુરુષાર્થીઓને જાગૃત કરે છે અને એમની નિષ્ક્રિયતા કે કાયરતાને ખંખેરી નાખે છે એ જ દુઃખનો મહિમા અહીંયા બાઈબલ—કારે ગાયો છે. ભલભલા ભક્તો અને સાધકોએ પણ એક યા બીજા પ્રકારે દુઃખની એવી જ યાચનાઓ કરી છે. જે દુઃખ બુદ્ધિ અને હૃદયમાં સંક્ષોભ મચાવી દે, જે દુઃખ આળસ્ય કે વૈભવવિલાસને તુચ્છ ગણવાની તાકાત પ્રકટાવે એ દુઃખાનુભૂતિનો મહિમા કવિઓ પણ પૂરેપૂરો ગાઇ શકયા નથી.

એક ભક્તજનને કોઇએ પૂછ્યુંઃ “ભક્તો ઉપર જ

ભગવાન દુઃખનાં વાદળ કાં વરસાવતો હશે ?" સામાન્ય રીતે સંસારીઓ શ્રદ્ધાળુઓનાં દુઃખ અથવા દૈન્ય જ ચર્મચક્ષુઓથી જુએ છે. એમનાં અંતરમાં ધૈર્ય, સહિષ્ણુતા, સમભાવની કેવી શાંત ધારાઓ વહેતી હોય છે તે જોવાની દૃષ્ટિ એમની પાસે નથી હોતી.

ભક્તે જવાબ આપ્યો: "ધારો કે તમે બીછાનાવશ હો-વૈદ્યોએ ઉઠવા-બેસવાની કે પડખું ફેરવવાની પણ મનાઈ કરી હોય. તમારી સેવા-ચાકરી કરનારા સગા-સંબંધીઓ રાત-દિવસની ચિંતા અને શ્રમથી થાકી ગયા હોય. સૌ સૂતાં હોય એટલામાં તમે જાગો અને તમને પાણીની તરસ લાગે તો તમે કોને જગાડો ? તમે જાણો છો કે સૌ થાકીને લોથ થઇ ગયા છે. એમને કોઇને ઊંઘમાંથી ઉઠાડવા એ એક પ્રકારનું ઘાતકીપણું છે. એક તરફ તૃષાનો વેગ તમને બેચેન બનાવી રહ્યો છે, બીજી તરફ રાતદિવસ તમારી સેવા-ચાકરી કરીને થાકી ગએલા સગા-સંબંધીઓ સૂતાં છે તેમાંના કોઇને જગાડવાની તમારી હિમ્મત નથી ચાલતી. હવે તમારે શું કરવું ? એ વખતે વિચાર કરતાં તમને જે પરમ આત્મીય લાગશે-જેને થોડું વધુ દુઃખ આપવાથી એનું દિલ નહિ દુભાય એમ લાગશે એવા જ સ્વ-જનને તમે જગાડશો અને એ સ્વજન પણ ઘડીભર પોતાનો ત્રાસ ભૂલી જઈ, તમારી તૃષાને શાંત કરશે."

ભક્તો પ્રભુના પરમ આત્મીય જેવા ગણાય. દુઃખ અથવા પરિષહ દ્વારા એમને જાગૃત કરવાનો જ દૈવી

સંકેત હોય છે. ગુરુઓ અથવા વડીલો પણ જે શિષ્ય અથવા જે સંતાન અધિક આત્મીય જેવો હોય તેની જ ઉપર વખતોવખત નવો બોજો નાખતા હોય છે. વખતોવખત એને જ ઉપાલંભ અને ઉપદેશ આપતા હોય એમ નથી બનતું ? વસ્તુતઃ એ દુઃખ નથી, એ એક પ્રકારની મમતા છે.

દુઃખને તાવની ઉપમા ઉપર આપી છે. તાવની ગરમી જેમ જેમ વધે છે તેમ તેમ સુસ્થ શરીરમાંથી પ્રસ્વેદ નિર્ઝરે છે. એ પ્રસ્વેદ શરીરને શીતળ બનાવે છે. ગરમીની એ એક પ્રતિક્રિયા છે.

જેમનામાં આધ્યાત્મિક આરોગ્ય હોય છે તેમનામાં એ તાપ સમભાવ અથવા સહનશીલતાની શીળી નિર્ઝરણીઓ વહાવે છે. ભયંકર સંતાપો, પરિસહો અને ઉપસર્ગો વખતે પણ મુનિજનોને સમતારસમાં સ્નાન કરતા–સમતારસમાં તરબોળ બનતા આપણે આપણા કથાનકોમાં સાંભળીએ છીએ. આ સંતાપ, આ દુઃખ છે એટલે જ સમતારસની આ લહાણ છે. ધ્યાનસ્થ અવસ્થામાં ઊભેલા મેતાર્ય મુનિ જેવા તપસ્વીના શીરે ધગધગતા અગ્નિની ચીતા ખડકાવા છતાં એમણે શાંતિ અને સમતાની જે પુનિત ગંગા વહાવી છે તેની સરખામણિમાં એ આગ પણ કેટલી તુચ્છ–નિર્માલ્ય લાગે છે ?

જેને દુઃખ ગભરાવી કે થથરાવી શકતું નથી, દુઃખ કે આફતનો સામનો કરતાં જે પાછો ડગ નથી ભરતો, સંતાપ કે અન્યાયને પણ જે મિત્રની જેમ ભેટે છે, દુઃખ-

ભરપૂર અનુભવોને પણ જે જીવનની એક પ્રયોગશાળા લેખે છે અને એના અવાજનો અર્થ ચીંતવી, ભવોભવના આંતર-વૈરીઓને ઓળખે છે–એમનો પીછો પકડે છે–પરાજીત કરે છે તે સંસારના મૂળ પ્રશ્નને ઉકેલી કૃતકૃત્ય બને છે.

કમલ સુંદર છે, પણ એનું મૂળ તો કાદવમાં જ હોય છે, વસંત રળીયામણી, પ્રફુલ્લ લાગે છે, પણ તેનું યે મૂળ તો હિમમાં જ છુપાયેલું હોય છે. ધર્મનું મૂળ પણ દુઃખમાં જ ઢંકાએલું છે. વીરની જેમ દુઃખ માત્રનો સામનો કરવો, દુઃખનાં કારણોનો વિચાર કરવો અને તેના મૂળ ખેંચી કાઢવા એ જ પરમ મંગળ અથવા પરમ કલ્યાણપ્રાપ્તિનો મુખ્ય મંત્ર છે.

## સુભાષિત

દેહ પાંચ ભૂતનું પુતળું છે. દેહની ભક્તિ તો પશુઓ પણ કરે છે. દેહભક્ત કરતાં કુટુંબભક્ત ચઢિયાતો, એના કરતાં પાડોશીની સેવાભક્તિ કરનારો ઉત્તમ અને એનાથી જ્ઞાતિભક્ત, સંઘભક્ત કે દેશભક્ત ચઢિયાતો. સર્વશ્રેષ્ઠ પ્રભુભક્ત.

卐 卐 卐

સામાયિક છે તો ધર્મકરણી, પણ એ કરણીવડે સમભાવ કેળવવાનો છે; કસોટીની પળોમાં સમભાવની પરીક્ષા આપવી પડે તો પૂરેપૂરા માર્ક મેળવવા તૈયાર રહેજો. તો જ સામાયિક સાર્થક થશે.

卐 卐 卐

કાળ પળે પળે પલટાય છે, પણ કાળની સાથે માણસ કેટલો પલટાય છે?

—ઉપા. શ્રી દેવચંદ્રજી

[ભાવનગર મુકામેના વ્યાખ્યાનમાંથી]

# સમ્યગ્દર્શન

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેના યોગથી મોક્ષનો માર્ગ સાધી શકાય છે એ અર્થનું સંસ્કૃત સૂત્ર (सम्यगूदर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः) આપણામાં સારી પેઠે પ્રસિદ્ધ છે. પણ જ્યાં મોક્ષની વાત આવી ત્યાં સંસારના સામાન્ય માનવીને એની સાથે બહુ સંબંધ ન હોય એમ આપણે માની લઈએ છીએ. મોક્ષની વાત તો જ્ઞાનીઓ–તપસ્વીઓ–સાધકો કે આરાધકો જ કરે એવી આપણા મનમાં એક ગાંઠ વળી ગઇ હોય છે. મોક્ષને બદલે સુખ કે કલ્યાણની વાત જો કોઈ માંડે તો એ સાંભળવા કે સમજવા જેવી ખરી; કારણ કે એ ઉધારની વાત નહિ પણ રોકડની વાત બની જાય છે. સાચી વાત એ છે કે મોક્ષમાર્ગ એટલે જ કલ્યાણ–મંગળ અથવા સુખના માર્ગની વાત. સાંસારિક સુખ અને મોક્ષનું સુખ એ બેમાં મહત્ત્વનો ભેદ રહેલો છે. સંસારનું સુખ હંમેશા પરાધીન હોય છે, જ્યારે મોક્ષનું સ્વાધીન હોય છે. સુખપ્રાપ્તિ માટે કોઈ શાસ્ત્રકારે કે ઉપદેશકે મનાઈ નથી કરી. એમનું કહેવું તો એટલું

છે કે જે સુખનો આધાર ઇંદ્રિયો અથવા વાસના ઉપર હોય તે ઠગારું સુખ છે. ઘડીભર એને સુખ માની લઇએ તો પણ કલ્યાણ તો નથી જ. જેમાં કેવળ સુખનો આભાસ હોય, પરિણામે વિટંબણા અને એનાંએ મૃગજળ પાછળ દોડીને ખુવાર થવાનું હોય તે બુદ્ધિશાલી માનવીનું ધ્યેય કેમ બને? એટલે જ પરમ કલ્યાણ, નિરવધિ મંગળમયતાના માર્ગને ધર્મપુરુષોએ મોક્ષમાર્ગ તરિકે ઓળખાવ્યો છે. એ જ આપણું સૌનું ધ્યેય રહેવું જોઇએ.

એ ધ્યેયની વાત હમણા એક કોરે રાખીએ. સામાન્ય કલ્યાણ જે કોઈ વાંછતું હોય તેણે પણ પોતાની દૃષ્ટિ બરાબર કેળવવી જોઇએ. સમ્યગ્‌દર્શનના સ્વરૂપનો વિચાર કરવાથી એ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. કલ્યાણમાર્ગ માટે જૈન દર્શને સર્વપ્રથમ એ દૃષ્ટિની જ આવશ્યકતા સ્વીકારી છે. જૈન દર્શન એટલે સુધી કહેવાની હિમ્મત કરે છે કે આપણું જ્ઞાન ગમે તેટલું વિશાળ, તલસ્પર્શી હોય પણ જો સમ્યગ્‌દર્શન–સમ્યગ્‌દૃષ્ટિ જ ન હોય તો એ જ્ઞાન પણ છીછરું, નકામું બની જાય છે. જ્ઞાનનું કામ વસ્તુસ્વરૂપ બતાવવાનું છે, પણ વસ્તુ-સ્વરૂપ જાણ્યા પછી એમાં કેટલું માત્ર જાણવા જેવું, કેટલું આચરવા જેવું અને કેટલું તજી દેવા જેવું છે તેનો વિવેક ન હોય તો એ જ્ઞાન પણ શું કામનું? જે દૃષ્ટિ કર્ત્તવ્યાકર્ત્તવ્ય સમજાવે, જે દૃષ્ટિવડે હેયોપાદેયનો વિવેક જાગે તે સમ્યગ્‌-દર્શન છે. એટલા સારુ જ જ્ઞાન કરતાં પણ દર્શનને અધિક મહત્ત્વ અપાયું છે. સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌દર્શન વચ્ચે

ભેદરેખા આંકવી મુશ્કેલ છે. તત્ત્વવાદીઓએ એ વિષય ઘણી સૂક્ષ્મ શૈલીથી ચર્ચ્યો છે. ટૂંકામાં એમનું કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે જ્ઞાન તો પ્રથમ થાય છે, પણ હેય–ઉપાદેયની વિવેક–જાગૃતિ થતાંની સાથે જ તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન બની જાય છે.

સમ્યગ્દર્શનની સાથે શ્રદ્ધા પણ રહેલી જ છે એ ભૂલવાનું નથી. એકલી શ્રદ્ધાના નામથી પણ એ ઓળખાય છે. એનો અર્થ એ કે જે કંઈ દુઃખના કારણરૂપ છે તેનાથી પોતે ભિન્ન છે એવો અનુભવ કરવો અને પોતાના શુદ્ધ સ્વરૂપની ઉપાદેયતા અંગીકાર કરી અશુદ્ધ રૂપનો ત્યાગ કરવાનો નિશ્ચય કરવો તેનું જ બીજું નામ સમ્યગ્દર્શન.

કેટલાકો પદાર્થનું સ્વરૂપ તો સમજતા હોય છે, એમની દૃષ્ટિ પણ શુદ્ધ હોય છે, પરંતુ શ્રદ્ધાના અભાવે સ્વરૂપનું જ્ઞાન તકલાદી–અર્થરહિત બની જાય છે. શ્રદ્ધા વિના માત્ર દૃષ્ટિ કે જ્ઞાન જેવાં ઉપયોગી થવાં જોઈએ તેટલાં થઈ શકતાં નથી. એક દાખલો લઈએ:

ઝેર ખાવાથી ખોળીયામાંથી પ્રાણ ઊડી જાય છે અથવા તો આગનો સ્પર્શ કરવાથી દઝાય છે એ જ્ઞાન તો લગભગ સૌને હોય છે અને શ્રદ્ધા પણ હોય છે, પરંતુ જેવાં કર્મ કરીએ છીએ તેવો જ તેનો પરિપાક વેદવાનો હોય છે એવી મતલબની વાણી દિવસમાં દશ વાર ઉચ્ચારવા છતાં એમાં શ્રદ્ધાનો અંશ કેટલો છે તેની જો પરીક્ષા કરવા બેસીએ તો પ્રાયઃ શૂન્ય જ નીકળે. ઈશ્વર કોઈની

ઉપર પ્રસન્ન થઇને નવાજી દેતો નથી-ઈશ્વરને એવી ઘડભાંજમાં ઉતરવું પોસાય જ નહિ એમ માનવા છતાં એટલે કે આપણે પોતે જ સુખ અથવા દુઃખના સર્જક છીએ એવી માનીનતા ધરાવવા છતાં કોઈ પ્રબળ શક્તિ પાસે કેવાં દીન અથવા પામર બની જઇએ છીએ? એ વખતે આપણી આત્મશ્રદ્ધા કયાં ઊડી જાય છે? ભલભલા ઈશ્વરવાદીઓ, જેઓ ઈશ્વરની કરુણા અને ન્યાયની શક્તિ ઉપર મોટાં ભાષ્યો રચતાં હોય છે તેઓ પણ કસોટીની પળોમાં ચલિત થઈ જાય છે. હિંસા ન કરવી જોઇએ, અસત્ય ન બોલવું જોઈએ કારણ કે એ બધાનાં પરિણામે આપણું પતન થાય છે. એ જ્ઞાન અથવા દૃષ્ટિ તો આપણને માતાના ધાવણ સાથે જ મળે છે, ઈશ્વરવાદીઓ પણ એનો ઈનિકાર તો નથી જ કરતા પરંતુ શ્રદ્ધાનો પ્રશ્ન આવે ત્યારે એ જ્ઞાન જાણે કે વરાળ બનીને ઊડી જાય છે. 'હું શુદ્ધસ્વરૂપ છે, કર્મની ભૂતાવળ જ મારી પાછળ પડી છે અને એનો જ નચાવ્યો હું નાચી રહ્યો છું, એવું આંજણ તો આપણે આંખમાં આંજ્યું હોય છે જ' પરંતુ જીવનની નાની મોટી ઘટનાઓમાં, શ્રદ્ધાના અભાવે, આપણું એ અંજન ધોવાઈ જાય છે. સમ્યગ્દર્શનની સાથે શ્રદ્ધાને આવી રીતે શા સારુ સાંકળી દીધી હશે તેની હવે તમે કલ્પના કરી શકશો.

અંધશ્રદ્ધાએ શ્રદ્ધાની શક્તિનો બહુ ઉપહાસ કર્યો છે એ વાત આપણી અજાણી નથી. શ્રદ્ધા જ ન રાખવી

એ જાણે કે કેટલાકોનું મુખ્ય સૂત્ર બની ગયું છે. એક વાર શ્રદ્ધા રાખી હોય તો કોઈક દિવસે અંધ-શ્રદ્ધામાં સરી જવાય ને? માટે શ્રદ્ધા જ કોઈ વિષયમાં ન રાખવી એવો કેટલાકો નિશ્ચય કરી બેઠા હોય છે.

વસ્તુતઃ પ્રકાશ અને અંધકાર વચ્ચે જેટલો ભેદ છે તેટલો જ શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે ભેદ રહેલો છે. શ્રદ્ધા માણસમાં બળ–સાહસ ને ધૈર્ય પ્રકટાવે છે. અંધ-શ્રદ્ધાની પાછળ અભિમાન, કલેશ અને સંક્ષોભ રહેલાં હોય છે. વૈજ્ઞાનિકો કોયલાને અને હીરાને એક જ પદાર્થ માને છે–તત્ત્વતઃ એ બંનેમાં ભેદ નથી એમ તેઓ પુર-વાર કરે છે છતાં ઝગમગતા હીરામાં અને કોલસાના કાળા કટકામાં કેટલું વૈષમ્ય છે ? લોહીમાંથી જ દૂધ પરિણમે છે, છતાં લોહી અને દૂધમાં જમીન–આસમાન જેટલો તફાવત નથી ? અંધશ્રદ્ધા અને શ્રદ્ધા વચ્ચે એવું જ અંતર છે. કેટલાક બુદ્ધિવાદીઓ તર્ક અને યુક્તિને વધુ મહત્ત્વ આપે છે. તેમને એવી બીક લાગે છે કે જો શ્રદ્ધાને ધર્મજીવનના પાયારૂપે સ્વીકારશું તો પછી વિવેક, પરીક્ષા, કસોટી બધું ઊડી જશે. તેઓ ક્વચિત્ કહે છે પણ ખરા કે શ્રદ્ધાને અને પરીક્ષાને ન બને. ખરી વાત એવી છે કે વિવેક અથવા પરીક્ષા વિના શ્રદ્ધા સંભવતી જ નથી. એકલો વિવેક અથવા તર્કવાદ સાહસિક વેપારીની જેમ કમાણી તો કરશે પણ સંચય અથવા ઉપભોગ નહિ કરી શકે. બુદ્ધિ, તર્ક, યુક્તિ અથવા પરીક્ષા-

પ્રધાનતા નકામી છે એમ તો કોઈ કહેતું નથી, પણ જો એને જ જીવનનો પાયો બનાવવામાં આવે તો તેની ઉપર આધ્યાત્મિકતાની મહેલાત ચણી શકાય નહિ. શ્રદ્ધા જ એ વિવેકના પાયાને વધુ સંગીન બનાવે છે.

વિજ્ઞાનવાદ તર્ક, બુદ્ધિવાદમાં માને છે પણ પ્રયોગને અંતે જે પુરવાર થાય છે તેમાં તો એમને શ્રદ્ધા રાખવી જ પડે છે. આ શ્રદ્ધા એમની મૂડી છે. એને અંતરમાં સહિસલામતપણે સંઘરી આગળ વધે છે. જો એમ ન કરે એટલે કે પ્રયોગના પરિપાકરૂપે ફળેલા નિર્ણયમાં શંકા કરે–ત્યાં પણ અસ્થિરતા અનુભવે તો તેમનું વિજ્ઞાન નિરુપયોગી બને. થોડી પણ નગદ મૂડી હોય તો વેપાર ખેડી શકાય. શ્રદ્ધા એ નગદ મૂડી છે. વસ્તુ માત્રની, તત્ત્વ માત્રની પરીક્ષા કરો, સુવર્ણની જેમ કસોટી કરો એમાં કોઈનો વાંધો–વિરોધ નથી પણ જે સુવર્ણ સિદ્ધ થાય તેને કાચ માનીને ફેંકી ન દેશો એ જ શ્રદ્ધાવાદીઓના કહેવાની મૂળ મતલબ છે. અમુક પ્રકારની શ્રદ્ધા આપણને વંશવારસામાં મળે છે, માતપિતાના સહવાસમાંથી અને સમાજ સાથેના સંપર્કમાંથી પણ લાધે છે; પરંતુ એ આપણે પોતે ઉપાર્જેલી મીલ્કત નથી–અભ્યાસ, મનન કે પરીક્ષાપ્રધાનતા દ્વારા તે સંગીન, સ્થિર બનેલી નથી હોતી. એ નાણું તો છે જ, પણ ખરેખરી ભીડ વખતે તે કામમાં આવશે કે નહિ તે આપણે નથી જાણતા. લોકકથામાં આપણે ઘણી વાર અમુકને ત્યાં એકાએક ધનનાં ચરુ નીક-

જ્યાની વાતો સાંભળીએ છીએ. પુણ્યશાળી હોય તે તો તેનો ઉપભોગ કરે છે, પણ જો અભાગી હોય–એના ભાગ્યમાં જ ન હોય તો એ ધન સુવર્ણ પણ ભમરા થઈ ઊડી જાય છે એમ આપણને કહેવામાં આવે છે. એનો અર્થ એ જ કે શ્રદ્ધા જેવું અમૂલ્ય ધન આપણને માતાપિતા તરફથી વંશવારસામાં મળે છે, પણ જો અભ્યાસ, તપશ્ચર્યા, મનન, ચિંતન જેવી પુણ્યસામગ્રી સંકળાયેલી ન હોય તો કુલાભિમાનની જેમ શ્રદ્ધા પણ અભિમાની–ઘમંડી બનાવી દે. આપણા વંશપરંપરાગત આચારો ભલે શુદ્ધ હોય, પણ શુદ્ધ શ્રદ્ધા વિના સમ્યગ્દૃષ્ટિ નથી મળી જતી. અભ્યાસના બળે આંખવગરનો માનવી ઘરમાં–શેરીમાં ગમે ત્યાં ફરીહરી શકે પણ એથી કરીને એની પાસે નિર્મળ દૃષ્ટિ છે એમ તો ન જ કહેવાય. સાચી દૃષ્ટિ નથી હોતી તો ઘણી વાર શુદ્ધ આચાર–વ્યવહાર આપણામાં કવચિત એવો મદ જગાવે છે કે ધીમે ધીમે આપણે અધઃપતન તરફ ઘસડાઈ ગયા વિના નથી રહેતા.

સમ્યગ્દર્શન કોને કહેવું એ તો તમે ઘણી વાર સાંભળ્યું છે. " હું શુદ્ધ જ્ઞાનમય આત્મા છું, બાકી બધી પ્રપંચજાળ છે." એવો અનુભવ કરવો એ સમ્યગ્દર્શનની ટૂંકામાં ટૂંકી વ્યાખ્યા છે. પણ એ વ્યાખ્યા પ્રમાણે જીવનને કેવી રીતે ઘડવું એ એક મહાન્ સમસ્યા છે. સાદામાં સાદા અને સરળમાં સરળ સિદ્ધાંતને જીવનમાં વણી દેવા એ સામાન્ય સાધના નથી.

અંતરમાં એ વાત ઊંડી ન ઉતરી હોય તો રખે ને દંભી બની જવાય એ ભય પણ રહેલો જ છે. કેટલીક વાર શુષ્ક વેદાંતીઓ બ્રહ્મ અને માયાની ઘણી લાંબી પહોળી ચર્ચા કરતા હોય છે, પણ જ્યારે પોતાની ઉપર કોઈ આફત ઉતરી આવે છે ત્યારે દંભના જાડા-પાતળા બધા પડદા ફાટી જાય છે. “હું શુદ્ધ સ્વરૂપે આત્મા છું” એવી શ્રદ્ધા ધરાવવા છતાં હર્ષ-શોક કે લાભ-હાનિના પ્રસંગે મૂંઝાતા નહિ હોય-ચિત્તમાં સંક્લેશ કે વિહ્વળતા નહિ અનુભવતા હોય એવા કેટલા હશે? બહારની કોઈ પણ અસર જ ખરા શ્રદ્ધાળુ ઉપર ન પડવી જોઈએ એમ નહિ-બાહ્ય ઘટનાની હર્ષ-શોકની છાયા પડે એ સ્વાભાવિક છે, પણ મૂળ વાત એ છે કે જેને પોતાના શુદ્ધ સ્વરૂપ વિષે પૂરી-અચળ શ્રદ્ધા હોય તેને બાહ્ય ઘટનાઓ મૂંઝવી કે ચળાવી શકતી નથી. નાટકમાં હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી રાજાનો અભિનય કરનાર પાત્ર જ્યારે રાજ્યનો, સ્ત્રી-પુત્રનો ત્યાગ કરે છે ત્યારે તેની દુઃખદ દશા જોઈને કોઇ એવો પ્રેક્ષક હશે કે જેની આંખો આંસુથી નહિ ભીંજાતી હોય? અભિનય કરનાર પાત્ર પણ સાચેસાચ સ્ત્રી-પુત્ર-રાજ્ય ગુમાવી દેતો હોય એવો અભિનય બતાવે છે. વસ્તુતઃ એને પોતાને તો કંઈ ગુમાવવા જેવું જ હોતું નથી-બે ઘડી પછી જ્યારે પડદાની અંદર ચાલ્યો જશે ત્યારે રાજા હરિશ્ચંદ્રને બદલે નાટકકંપનીનો નોકર બનીને ઊભો રહી

જશે. સંસારના હર્ષ–શોકના વાવાઝોડા વચ્ચે પણ આત્મશ્રદ્ધાળુની એવી જ સ્થિતિ હોય: સંસારના રંગ અને છાયા ઝીલવા છતાં અંતરમાં તો એ પોતાને શુદ્ધ સ્વરૂપી આત્મા જ માનતો હોય. આત્મસ્વરૂપ વિષે જેને પાકી શ્રદ્ધા છે તેને દુનિયાભરનું રાજ્ય મળે તો પણ એમ માને કે એ રાજ્ય મારું નથી. ઐશ્વર્ય કે આફત વચ્ચે પણ હું તો એ જ છું, આવી શુદ્ધ દૃષ્ટિ જેને પ્રાપ્ત થઈ હોય તેને દુઃખના દરિયા કે સુખની માદક લહરીઓ શી રીતે ચલિત કરી શકે? એવી દૃષ્ટિ જેને લાધી છે તે જ શું સાચો વીર કે વિજેતા નથી?

સમ્યગ્દૃષ્ટિ કોઈની સાથે બોલેચાલે નહિ, કોઈની સાથે હળેમળે નહિ અથવા બોલે કે મળે તો પણ એ જાણે કે જનમનો રોગી કે રોતડ જેવો હોય એવી કોઈ કલ્પના પાળીપોષી હોય તો મનમાંથી કાઢી નાખજો. જે સમ્યગ્દૃષ્ટિના દિલ–દરિયામાં વિશ્વમૈત્રીનાં મોટાં મોજાંઓ ઉછળતાં હોય, જેની વાણી અને દૃષ્ટિમાંથી નરી પ્રસન્નતા ઝરતી હોય, જે સર્વનો શુભેચ્છક અને સેવક હોય તેના મોં ઉપર અને તેની દરેક પ્રવૃત્તિમાં પ્રફુલ્લતાની તાઝગી જ છલકાતી હોય, વિરોધ કે વિસંવાદ જેવું એના જીવનમાં કંઇ જ ન હોય. એ આત્મનિમગ્ન હોય છતાં કુટુંબ, સમાજ કે રાષ્ટ્ર પ્રત્યે લાગણીશૂન્ય ન હોય. આત્માના સ્વરૂપની જેને ઝાંખી થઈ હોય તે પોતાના કે પરાયા જેવા ભેદની પણ પેલી પાર પહોંચી જાય છે. એને સર્વ

કોઈ પોતાના આત્માના જ અંશ દેખાવા લાગે છે. જેને તે પોતાનું કર્ત્તવ્ય સમજે છે તેમાં એ પૂરા જોમથી ઝૂકી પડે છે. સમ્યગ્દૃષ્ટિને અને મોહને, દ્વેષને કે દંભને ઘડીકે બનતું નથી.

સમ્યગ્દૃષ્ટિ ખરા ખેલાડીની જેમ જ સંસારના મેદાનમાં ખેલે છે—હાર, જીત કે નિંદા અથવા પ્રશંસા તેને નિરાશ કે નિરુત્સાહ નથી કરી શકતાં. બાકી જે ખરો ખેલાડી નથી, જેણે ખેલાડીનો બુરખો જ માત્ર મોં ઉપર ઢાંકી દીધો છે તે પોતાને ભલે સમ્યગ્દૃષ્ટિ કહેવરાવે, પણ એ દંભ એને પોતાને જ આખરે તો દુઃખદાયક થઈ પડે છે. એટલા માટે માત્ર સમ્યગ્દૃષ્ટિના નામ કે રૂપ ઉપર એકદમ આફરીન ન થઈ જતાં, વિવેકપૂર્વક એની કસોટી કરજો—આત્મચિકિત્સા કરજો એટલું જ કહેવું અહીં બસ થશે.

---

## સુભાષિત

જેની સમ્યગ્દૃષ્ટિ વિકસી છે તે સંસારમાં ધાવમાતાની જેમ રહે. ધાવમાતા બાળકને ઉછેરે છે પણ તેને પોતાનું કરીને માનતી નથી. તેમ સમ્યગ્દૃષ્ટિ ભલે સંસારમાં રહે પણ સંસાર સાથે લેપાતો નથી.

卐 卐 卐

ઘી ચીકણું છે. પણ જીભ ઘીથી ચીકણી થતી નથી તેમ સમ્યગ્દૃષ્ટિને ચીકાશ ચોંટતી નથી.

—ઉપા. શ્રી દેવચંદ્રજી

[ભાવનગર મુકામેના વ્યાખ્યાનમાંથી]

# 'નમો અરિહંતાણં'

અરિઓને એટલે કે દુશ્મનોને જેણે હણ્યા છે તેમને નમસ્કાર. પંચ પરમેષ્ઠી મંત્રનું આ પ્રથમ પદ છે. નમુક્કાર મંત્ર જેવો અમોઘ મંત્ર બીજો નથી. આજે આપણે એ મંત્રના પ્રથમ પદનો જ વિચાર કરીએ. જૈન સંસ્કૃતિના અપૂર્વ રહસ્યની પ્રતીતિ એમાંથી જ મળી રહેશે.

પ્રાણી–જગત શત્રુઓથી ઘેરાએલું છે. અંતરંગ શત્રુની વાત જવા દો. શીયાળાની કડકડતી ટાઢ, ઉનાળાનો ધીખતો તાપ અને વર્ષાઋતુની ધોધમાર જળ–ધારા; ઋતુના પલટા અને વખતોવખત ઉતરી આવતા રોગચાળા, દુષ્કાળ અને ધરતીકંપ જેવા અકસ્માતો શું પ્રાણીઓને ઓછા પજવે છે? ઉનાળાના દિવસોમાં જ્યારે તોફાની પવન ફુંકાવા લાગે છે ત્યારે ગરીબ–ગરબાની ઝુંપડીઓનાં છાપરાં ઊડી જાય છે. શીયાળાના દિવસોમાં જ્યારે હિમ વર્ષે છે ત્યારે ઝાડના માળામાં ભરાઈ બેઠેલા પંખીઓ પણ થીજી જાય છે અને જ્યારે વર્ષાની ઝડી વરસે છે ત્યારે પૃથ્વી ને આકાશ મળી ગયાં હોય અને પ્રલયના ભણકારા વાગતા હોય એવો ભય લાગે છે. પ્રકૃતિ જાણે કે

અહોનિશ ધ્વંસલીલા જ ખેલતી હોય એમ શું નથી લાગતું ? એક દિવસે માણસ પ્રકૃતિના આ તોફાનો અને અંધકાર, વિજળી-મેઘ વિગેરે જોઇને એવો તો કંપી ઊઠતો કે ઈન્દ્રદેવની કૃપા સિવાય બચવાનો બીજો કોઈ માર્ગ જ નથી એમ ધારી તેને પ્રાર્થવા મંડી જતો. વિવિધ પ્રકારના ઉત્પાતો જોઈને ભયભીત માનવીએ કરોડો દેવ-દેવીઓની અને એમને બલિદાન આપવાની પ્રથાઓ પણ શરૂ કરી દીધેલી. આજે આપણે જૂનાં રૂઢી-રિવાજો અને વહેમોમાંથી કેટલેક અંશે મુક્ત થયા છીએ. પ્રકૃતિના વિનાશક બળોની સામે કેમ થવું અને એ જ બળોને રચનાત્મક કાર્યમાં શી રીતે યોજવા એ કળા આપણે શીખી લીધી છે. વિનાશક બળોની સામે ઝૂઝતો માનવસમાજ સભ્યતામાં ક્રમે ક્રમે આગળ વધ્યો છે. દુશ્મનો ભલે રહ્યા, પણ આપણે કંગાળ નથી, દુશ્મનોની સામે મુકાબલો કરી લેવાની અને વિજયને વરવાની તાકાત તો આપણામાં રહેલી જ છે એ પ્રકારના આત્મવિશ્વાસ ઉપર સભ્યતાનું મંડાણ થયું. અગ્નિને એના ખરા સ્વરૂપમાં ઓળખવાની અને એને હતવીર્ય બનાવવાની કળા આપણે શીખવી શરૂ કરી, પણ 'નમો અરિહંતાણં' મંત્રની એ તો સ્થૂળ ભૂમિકા હતી.

વિજ્ઞાનશાસ્ત્રીઓએ વિરોધી બળો ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો તો ખરો પણ સંસારમાં શાંતિ, આરામ, સૌહાર્દનો અભિષેક કરવાને બદલે તેમણે ભયંકર સંઘર્ષણો અને પ્રતિસ્પર્દ્ધાની રાક્ષસી માયા ઊભી કરી. પ્રકૃતિના શત્રુ-

બળોને વશ કરવાથી જે લોકોએ સુખ-શાંતિની આશા રાખી હતી તેમનાં સ્વપ્ન ઊડી ગયાં. ઉલમાંથી ચૂલમાં પડવા જેવું થયું. જે વિજ્ઞાનીઓ એમ કહેતા હતા કે "ફીકર નહિ, પ્રકૃતિના છુપા ભંડારોની ચાવી મળી ગઈ છે: હવે સ્વર્ગનું રાજ્ય હાથ-વેંતમાં જ છે" એમણે જ્યારે જગતભરનાં શોષણયંત્રો અને સામ્રાજ્યલોભ જોયાં ત્યારે તેમને પણ ધરતી માર્ગ આપે તો સમાઇ જવું જોઇએ એમ જ લાગ્યું હશે. સુખ-શાંતિ અર્થે સર્જાયેલા વિજ્ઞાને આજે કેટલી હિંસા-ઈર્ષા-વેરની ચીતાઓ સળગાવી છે અને તેમાં કરોડો માણસોના હાડ-માંસનાં કેવાં બલિદાન દેવાય છે એ હકીકત આજે કોણ નથી જાણતું ? જે વૈજ્ઞાનિકો પ્રકૃતિના રહસ્યને પકડવા દોડતા હતા તેમને પણ જ્યારે રોગ, જરા, મૃત્યુ જેવા સંસારના સનાતન શત્રુઓનું રહસ્ય હાથ ન આવ્યું ત્યારે એમને વિજ્ઞાનની શક્તિ પાસે પૂર્ણ વિરામ મૂકવું પડ્યું. બહિર્જગત્‌ના ઘણાખરા બળોનું સ્વરૂપ જાણવા છતાં એ રોગ, જરા ને મૃત્યુનું રહસ્ય તો અણસમજાયું જ રહ્યું.

વિજ્ઞાનની જ્યાં સમાપ્તિ થાય છે ત્યાંથી જ અધ્યાત્મનો આરંભ થાય છે. આર્યાવર્તના ઘણાખરા ચિંતકો અને તપસ્વીઓને એમાંથી જ પ્રેરણા મળી છે. દીર્ઘ ચિંતન અને તપને અંતે એમને સમજાયું કે સંસાર શત્રુઓની સેનાથી ઘેરાયેલો છે એમ નહિ પણ અંતરમાં જ શત્રુની છાવણી પડી છે. બહારથી ગમે તેટલો દુશ્મનોનો પરાજય કરો, પણ તે પોતાનો વેષબદલો કરી જુદા જ સ્વરૂપમાં દેખાવાના.

વર્તમાન ઇતિહાસરચનામાં એ વાત બરાબર દેખાઈ આવે છે. સુખથી જીવવા માટે માનવીએ વિવિધ પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્ર-ઉપજાવ્યાં, વિજ્ઞાનની મદદથી પ્રકૃતિના વિરોધી બળોને દાસાનુદાસ જેવા બનાવ્યાં, પણ એટલેથી સંતોષ ન થયો. નવા દેશ હસ્તગત કરવા, નવા બજારો ઊભા કરવા અને પોતાના માનવબંધુઓને ગુલામીની જંજીરોમાં જકડી રાખવાના ષડ્યંત્રો રચાયા. મૂળ દુશ્મનોને હણ્યા પછી, પોતાની શક્તિનો વિજય વાવટો ફરકાવ્યા પછી, માનવી નિશ્ચિંત બનવો જોઈએ તેને બદલે તેણે બીજા હજારો શત્રુઓ પેદા કર્યાં. લોકકથામાં આપણે ઘણીવાર એવા રાક્ષસોની કથા સાંભળીએ છીએ કે તેઓ મૂળ તો ભારે તપસ્વી હતા અને તપના પ્રભાવે જ તેમણે ખૂબ તાકાત મેળવેલી: પણ એ તાકાતે એમને ઉન્મત્ત જેવા બનાવી દીધા અને આખરે એમની શક્તિમાંથી જ એમનો અધઃપાત થયો. બાહ્ય દુશ્મનો-ને હણવા અને શાંતિ-વ્યવસ્થા-માનવતાની પ્રતિષ્ઠા કરવા નીકળેલો શક્તિશાળીઓનો સંઘ અવળા માર્ગે ઉતરી પડ્યો.

આજે કેટલાક વિચારકો શક્તિની ખાતર શક્તિની ઉપાસના કરવાનું માંડી વાળવું જોઈએ એમ કહી રહ્યા છે- કારણ કે માત્ર પાશવી બળ ઉપર મુસ્તાક રહેવું એ એક પ્રકારનું જંગલીપણું છે. જો વિશ્વને વશીભૂત કરવું હોય તો શક્તિને બદલે પ્રેમ અથવા મૈત્રીનો જ પ્રયોગ કરવો જોઇએ. શક્તિ હંમેશા વિરોધ ઊભો કરે છે. એને બદલે જો આપણે સ્નેહ-સૌહાર્દ કેળવીએ તો જગતમાંથી યુદ્ધ તેમજ સંહાર

અદૃશ્ય થાય. પણ આજે શક્તિના ઘેનમાં ચકચૂર બનેલા મહારથીઓના ગળે એ વાત ઉતરે તેમ નથી, કારણ કે સ્વાર્થ, વૈભવ, તૃષ્ણા, લોભ અને અધિકારનો થોડો પણ ભોગ આપવો પડે એ તેમને પાલવતું નથી.

વિશ્વને જેમણે દેહદમન, સંયમ, ક્ષમા, ધૈર્ય ને વૈરાગ્યનો મહિમા સમજાવ્યો અને તે સાથે પ્રાણી માત્ર સાથે મૈત્રી સંબંધ બાંધવા છતાં અંતરના શત્રુઓને હણવાનો અને આખરે સિદ્ધિ વરવાનો મંત્ર સુણાવ્યો–અરિહંતને અને સિદ્ધને નમસ્કાર કરવાનો માર્ગ નિર્દેશ્યો તેઓ શું શક્તિના સામાન્ય ઉપાસકો હશે? દુશ્મનોની સામે અશક્તો કે દુર્બળો ક્યાં સુધી લડી શકે? કાયર કે પામરને તો આત્મસમર્પણ કરી દેવા સિવાય બીજું ભાગ્યે જ સૂઝે. પણ એ શત્રુઓ બહાર કે આસપાસ હતા એમ રખે કોઇ માને. એ અંતરમાં છુપા હતા, કામ–ક્રોધ–મદ–મોહ જેવા શત્રુઓ આત્માનું ઐશ્વર્ય અકળપણે લૂંટનારા હતા એટલે તો એમણે વધુમાં વધુ શક્તિનો સંચય કરવાની, વધુમાં વધુ સાવચેત અને જાગ્રત રહેવાની પણ સૂચના આપી અને એને બંધ બેસે તેવા વિધિનિષેધો તેમજ આચાર–વ્યવહારોની ગુંથણી કરી. બાહ્ય દુશ્મનો સાથે લડનાર જો આધ્યાત્મિકતાશૂન્ય હોય–મૈત્રીશૂન્ય હોય તો પેલી એક વાર્તામાં કહ્યું છે તેમ માલથી ભરેલા ગાડાવાળો જકાતમાંથી બચી જવા આખી રાત બીજે માર્ગે ભમ્યો, પણ સવાર થતાં જ પાછો જેનાથી બીતો હતો તે જ જકાતના નાકા પાસે આવીને ઊભો રહ્યો–આખી

રાતની મહેનત માથે પડી, તેના જેવી જ આપણી પણ દુર્દશા થાય. બાહ્ય શત્રુઓને હણનારા અને તેમાં જ વિજય કે સિદ્ધિ માનનારાઓ જાણે કે પોતાના જ પડછાયા ઉપર પ્રહાર કરી રહ્યા હોય એવી એ ધર્મપ્રરૂપકોને પૂરેપૂરી પ્રતીતિ થએલી હોવી જોઈએ. તેથી જ એમણે બહારની બધી શક્તિઓને અંતર તરફ વાળવાનો આટલો આગ્રહ કર્યો છે. નમો અરિહંતાણં પાઠના પ્રરૂપકો દીનતા કે દુર્બળતાના નહિ પણ જ્વલંત શક્તિપુંજ અને ચિરજાગૃત આત્મદૃષ્ટિના જ આરાધકો હતા. અલબત્ત તેઓ વિરાગ, સંયમ ને તપના પુરસ્કર્ત્તા હતા, પણ ખરું જોતાં એ જ શક્તિના મૂળ ઝરાઓ છે. એમાં જે ઠંડી તાકાત છે તેની પાસે અસ્ત્ર-શસ્ત્ર કે હિંસાની પ્રચંડ ધાર પણ બુઠ્ઠી બની જાય છે.

શત્રુઓથી પોતાનું રક્ષણ કરવું એ પ્રાણી માત્રની પ્રાથમિક અને સ્વાભાવિક ભાવના હોય છે. પણ શત્રુઓ જ્યાં પારવિનાના હોય, અવારનવાર વેશ બદલીને-ક્વચિત્ પ્રલોભનરૂપ બનીને તો ક્વચિત્ ભયંકર રૌદ્રસ્વરૂપ ધરીને આવતા હોય-ત્યાં પરિમિત શક્તિવાળો માનવી કેટલી સાવચેતી રાખી શકે ? પગલે પગલે જ્યાં કાંટા વાગતા હોય ત્યાં પૃથ્વી આખીને ચામડાથી મઢી લેવાનું કોઈ કહે તો તે મૂર્ખાઈભર્યું જ ગણાય. એટલે જ શ્રમણસંસ્કૃતિના પ્રરૂપકોએ અને પ્રચારકોએ અંતરના અરિઓ તરફ બધું લક્ષ કેંદ્રિત કરવાની સલાહ આપી. એમણે કહ્યું કે જેમણે

અંતરના રિપુઓને ઓળખી એમને હણ્યા–હતવીર્ય કર્યા એમને નમસ્કાર કરો અને એ નમસ્કારનું સતત ચિંતન કરતાં તમે પણ એ અરિઓના પાશમાંથી છૂટવા કટિબદ્ધ બનો. જેણે અંતરના રિપુઓને જીત્યા તેને દુનિયામાં કોઈ દુશ્મન નથી રહેતો–એની કરુણા, મૈત્રીની અમીધારા ભાગીરથીના પ્રવાહ કરતા અસંખ્યગણી વેગવાન બની સમસ્ત પૃથ્વીતળને છાઈ દે છે. શરીરે જે દુર્બલ હોય છે તે બીજા કૃત્રિમ ઉપાયોથી થોડા દિવસ ભલે પોતાના સ્વાસ્થ્યનું રક્ષણ કરે, પરંતુ ખરી કસોટી વખતે તો એનું સ્વત્વ પરખાઈ જવાનું. જેણે ટાઢ–તડકામાં દેહને કસ્યો હશે–જે ખરો ખડતળ હશે તે જ એવી કસોટીમાંથી અણીશુદ્ધ બહાર નીકળશે. તે જ પ્રમાણે જેણે અંતરના રિપુઓને દમ્યા હશે તેનું સામર્થ્ય હજારો સૂર્યના સામટા પ્રકાશ કરતાં અધિકા તેજથી ઝળકી ઊઠશે. એ અંતરરિપુઓ ઉપરનો જય જન્મ, જરા, રોગ ને મૃત્યુને પણ તુચ્છવત્ કરી દેશે.

શ્રમણ સંસ્કૃતિના જ્યોતિર્ધરોએ માત્ર 'નમો અરિહંતાણં' ને ' નમો સિદ્ધાણં ' જેવા સરળ મંત્રોમાં કેટલું અપૂર્વ અને અદ્‌ભુત રહસ્ય ભરી દીધું છે તેની હવે તમે કંઈક કલ્પના કરી શકશો. એમણે કોઈ જબ્બર સરજનહાર કે કરુણાનિધાન કે જલદી પ્રસન્ન બની જાય એવા દેવ–દેવીને શરણે જવાનો અને દીનભાવે કરગરવાનો માર્ગ નથી બતાવ્યો. એમણે તો કહ્યું: અરિહંતને અને સિદ્ધને નમસ્કાર કરો: આચાર્યને, ઉપાધ્યાયને અને સર્વ સાધુઓને

નમસ્કાર કરોઃ પણ એની સાથે એમને નમસ્કાર કરવા જેટલી યોગ્યતા પણ કેળવો અને એમના માર્ગે સિંહવૃત્તિથી સંચરવાનું બળ મેળવો. અરિહંતને ઓળખનાર અને એમને ખરા અંતરથી નમન કરી, હૃદયકમળમાં પ્રતિષ્ઠિત કરનાર ભીરુ, કંગાળ કે ભોગોપભોગની વસ્તુઓનો ભીખારી તો ન જ હોય. શકિતશાલીઓને ખરા શકિતશાલીઓ જ ઓળખી શકે છે અને એમની વચ્ચે જ પવિત્ર સંબંધ ગુંથાય છે. અરિહંત ભગવાનને નમસ્કાર કરવા હોય– એમને નમસ્કાર પહોંચે એવી ઝંખના રહેતી હોય તો આપણે કેટલી અંતઃશુદ્ધિ સાધી તેનું પ્રત્યેક પળે આત્મ-નિરીક્ષણ કરવું જોઇએ. જે અરિહંત કે સિદ્ધના સાચા સ્વરૂપને પીછાનતો નથી, જેને પોતાના અંતરરિપુઓના જુલમ કે અન્યાયનું ભાન નથી તે મુખેથી ગમે તે બોલી જાય તેનો શું અર્થ છે?

શક્તિની ઉપાસનાનું એક મોટું મોજું, એમ કહેવાય છે કે, સારા હિંદુસ્તાન ઉપર છવાઈ ગયું હતું. શાકતમાર્ગીઓનાં થાણાં ઠેકઠેકાણે જામી ગયાં હતાં. ભૈરવી અને મહાકાળી જેવી શકિતની પ્રતીક ગણાતી દેવીઓની પૂજા–અર્ચના અને નૈવેદ્ય પાછળ ભોળો સમાજ ઘેલો બન્યો હતો. પણ કાળક્રમે એમાંથી એવી વિકૃતિ જન્મી કે એનું નામનિશાન પણ ભૂંસાઈ ગયું. શકિતની જરૂર હતી અને છે, શકિતની ઉપાસના પણ જરૂરની છે; પરંતુ કેવળ બાહ્યોપચારોથી એ શક્તિ નથી આવતી. કોઈ નીસ્સાખોર

કેફ કરે ત્યારે થોડો ઉન્માદ દાખવે, પણ એ કંઇ એની શક્તિ ન કહેવાય. ઉન્માદને અંતે તે જરૂર પછડાવાનો અને રહીસહી શક્તિ પણ ગુમાવી બેસવાનો. બાહ્યોપચારો અને હિંસામય નૈવેદ્યોએ શક્તિપૂજાની એવી જ દુર્દશા કરી.

શ્રમણ સંસ્કૃતિ શક્તિની વાત માન્ય રાખે છે, પણ એ શક્તિ કેફ કે ઉન્માદની ન હોવી જોઇએ. અંતરના મેલ ધોવાતાં જે સ્વત્વનાં નિર્મળ ઝરણાં અંદરથી ફુટે એ જ સાધકની ખરી કમાણી છે. નમો અરિહંતાણંના મંત્રદ્રષ્ટાએ શક્તિ જ નથી વાંછી, શક્તિની સાથે મૈત્રીનો પણ સુંદર સમન્વય સાધ્યો છે. જે શકિત સાથે જ્ઞાન અને વિશ્વમૈત્રી ગુંથાએલા હોય તેમાં વિકૃતિનો ભય રાખવા જેવું કંઈ જ નથી હોતું. એ રસાયણ હોવા છતાં માતાનાં દૂધ જેટલું જ નીરોગી અને સ્વાસ્થ્યકર છે.

યુદ્ધના મેદાનમાં ઘણી વાર આપણે ભવાની, અંબાજી ને શંકરના ભકતોને જય અંબે, જય ભવાની, હર હર મહાદેવના લલકાર સાથે શત્રુઓની વચ્ચે ઘુસી જતાં વાંચીએ છીએ. અરિહંતના ઉપાસકને એવી ભીષણ કે ગગનભેદી ગર્જના કરવાની જરૂર નથી. એ તો પળેપળનો સૈનિક હોય છે–એને તો જીવનભર અંતરના રિપુઓ સાથે યુદ્ધ ખેડવાનાં હોય છે. એટલે તો પ્રભુ મહાવીરે ગૌતમ-સ્વામીને એક જ વાત કહ્યા કરી છેઃ "ગૌતમ! પળનો પણ પ્રમાદ કરીશ મા!" અંતઃશુદ્ધિનો સાધક ગમે તેટલો શકિતશાલી હોય તો ય ગાફેલ કે પ્રમાદવશ ન

રહે. કામ, ક્રોધાદિ શત્રુઓનું આક્રમણ ક્યારે–કઈ દિશા-માંથી, કેવા રૂપમાં આવશે તે કંઈ કહેવાય નહિ. અરિહંત ભગવાનનો ઉપાસક માત્ર મુખથી મંત્રોચ્ચાર કરવામાં જ પોતાની કર્તવ્યસમાપ્તિ ન માને. જેને એ મંત્રનો સાચો રંગ લાગે તે તો પૂરેપૂરો રંગાઇ જ જાય–એ માત્ર મુશીબત ટાળવા કે સાંસારિક વાસનાની સિદ્ધિ મેળવવા માટે જ એ ચિંતામણિ રત્નને વટાવી ન નાખે. 'નમો અરિહંતાણં' ને 'નમો સિદ્ધાણં' તો આપણા જીવનના દીપક જેવા, જીવનના મૂળ સામર્થ્ય જેવા, જીવનની અમૂલ્ય સંપદા જેવા બની રહેવાં જોઈએ, તો જ એ મંત્ર પામ્યાની સાર્થકતા છે.

પ્રભુ–પ્રાર્થનાના એક ગીતમાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુર કહે છે કે "હે પ્રભો! તું મારી ઉપર દયા કર એમ હું નથી કહેતો, કરુણાની ધારા વરસાવ એવી પણ યાચના નથી કરતો: હું તો ઊલટું એમ કહું છું કે મારી ઉપર દુઃખ, અન્યાય ને આફતની ઝડી ખુશીથી વરસાવ! પણ એક સરતે કે મારામાં એ સહન કરવાનું બળ–ધૈર્ય આપજે!"

નમો અરિહંતાણંનો ઉપાસક પણ એ જ વાત કહે છે. અરિહંત પાસે દયા કે કરુણા, સંપત્તિ કે સત્તા માગવી નકામી છે. એ તો મંત્રના રટણ અને મનન–ચિંતન દ્વારા એમ કહે છે કે: દુશ્મનો ભલે રહ્યા–એમને હું ઓળખું છું, એમની સાથે ખુશીથી લડી લઈશ, પણ ભગવન્! તેં જે બળ, શક્તિ, વીર્ય સ્ફુરાવ્યાં અને એમને મહાત કર્યા તેવું બળ મને આપજે. અને અરિહંત કે

સિદ્ધ ભગવાન સિવાય એવું બળ સ્ફુરાવવાની બીજા કોનામાં યોગ્યતા છે?

શ્રમણ સંસ્કૃતિના શ્રદ્ધાળુઓ ઘણીવાર કોઈ રોગી કે શોકસંતપ્તની પાસે જઈને નમ્રભાવે કહે છેઃ "અરિહંત ભગવાનનું સ્મરણ કરોઃ એ તમારાં તમામ દુઃખ–વિઘ્નો ચૂર કરી નાખશે." એનો અર્થ એટલો જ કે જો કોઈ સંપૂર્ણ શ્રદ્ધા અને સમજણ સાથે એક વાર 'નમો અરિહંતાણં'નો મંત્ર ઉચ્ચારે તો તેનાં અજ્ઞાન, બીક, નિરાશા, ધૂમસના ગાઢાં દળ સૂર્યતેજે વીખરાઈ જાય તેમ નેસ્તનાબૂત થઈ જવાં જોઈએ. અરિહંતને નમસ્કાર કરતાંની સાથે જ શ્રદ્ધા અને સામર્થ્યની દીપ્તિ રોગી કે દુઃખીના વદન ઉપર ઝળહળી ઉઠવી જોઈએ. 'નમો અરિહંતાણં'ના સ્મરણ કે ઉચ્ચારની સાથે જ એના ઉપાસકના અંતરના દ્વાર ઉપર લાગેલા લોખંડી તાળાં તત્કાળ તૂટી જવાં જોઈએ. આવું સામર્થ્ય જે મંત્રમાં ભર્યું હોય તેની ઉપર કોઈ ભાષ્ય કે વિવેચન કરવા માગે તો પણ શબ્દોમાં કેટલુંક કહી શકે? ખરી રીતે તો એ શૂરવીરોનો જ મંત્ર છે. કોઈ એક ભજનમાં ભકતે ગાયું છે તેમ "કાયરનું નહિ કામ જો ને!"

# ક્રાંતિકારી ત્રિપદી

'ત્રિપદી' એ શું છે? ત્રિપદીમાં એવું તે શું હોય છે કે ગૌતમ ગણધર જેવા પુરુષો એના આધારે દ્વાદશાંગી-ની રચના કરવા–ભગવાન્ મહાવીરના ઉપદેશને પલ્લવિત કરવા મથે છે? બીજું કંઈ નહિ કહેતાં, ચતુર્વિધ સંઘની સ્થાપના કર્યા પછી પ્રભુએ ત્રિપદી જ કેમ કહી?

ટૂંકામાં કહેવું હોય તો એમ કહી શકાય કે ત્રિપદી આ યુગના અને સર્વ યુગના એક મહાન્ પ્રશ્નના નિરાકરણરૂપ છે. ત્રિપદી એક પ્રકારે ગંગોત્રી છે. ગંગોત્રીના આછા નિર્મળ ઝરણામાંથી મહાનદી ગંગાનો વિસ્તારયુક્ત દેહ ઘડાય છે તેમ ત્રિપદીના આછાં નીરમાંથી શ્રમણ સંસ્કૃતિની પતિતપાવની ભાગીરથી કલકલ નાદ કરતી વહે છે. ત્રિપદી એટલે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય. વસ્તુ માત્ર પ્રતિસમયે પેદા થાય છે, નાશ પામે છે અને સ્થિર પણ રહે છે. આ રીતે ભગવાને હંમેશા એક જ વાત કહી હશે એમ નહિ, એમણે ઘણા ઉપદેશો આપ્યા છે, દૃષ્ટાંતો કહ્યા છે અને વિવિધ શંકાઓનાં સમાધાન પણ કર્યાં છે; પરંતુ એ સર્વનું હૃદય જો કોઈ હોય તો ત્રિપદી.

વસ્તુનું સ્વરૂપ સમજવા માટે ત્રિપદી જેવું, વિરોધમાત્રને શમાવનારું સમન્વયવાળું સૂત્ર બીજું નથી. ન્યાય અને તત્ત્વવિદ્યાના પ્રદેશમાં ત્રિપદીએ જે સ્થિર અને ચિરંતન પ્રકાશ પાથર્યો છે તે તો આજે પણ જોઈ શકાય છે. પરંતુ ત્રિપદીના પ્રતાપે ભારતના સામાજિક અને સાંસ્કૃતિક વિસ્તારોમાં ક્રાંતિની જે અદ્ભુત અને પુનિત હવા વહી તેનો ઇતિહાસ પણ ઓછો બોધક કે મનોરંજક નથી. સંસ્કૃતિની શુદ્ધિ અને વિકાસમાં ત્રિપદીએ ઘણો ભારે ભાગ ભજવ્યો છે અને હજી પણ એ કરતાં વધુ ભાગ ભજવવાની એનામાં યોગ્યતા છે.

ભ૦ મહાવીરના યુગમાં, સંશોધકોએ અને વિદ્વાનોએ એક અવાજે કબૂલ્યું છે તેમ રૂઢીઓ, અનુષ્ઠાનો અને અર્થશૂન્ય વિધિનિષેધોના અસહ્ય ભાર નીચે ભોળી જનતા એવી તો દબાઈ હતી કે જો મહાવીર, બુદ્ધ અને ગૌતમસ્વામી જેવા ગણધરોએ યથાર્થ માર્ગદર્શન ન કરાવ્યું હોત–સ્વાભાવિક માનવધર્મનું ઊંડું રહસ્ય સાદી શૈલીમાં ન પ્રબોધ્યું હોત તો કદાચ સૈકાઓ લગી ઊઠીને ઊભી ન થઇ શકત. એક તો સર્વશક્તિમાન ઇશ્વરના કોપ ને રોષની વાતો સાંભળીને–શ્રદ્ધીને એમનાં હાથ–પગ અને મન તથા બુદ્ધિ પણ બહેર મારી ગયાં હતાં, સર્વશક્તિમંત સરજનહારના નામ અને લીલા સાંભળી લોકો ભય અને ભક્તિની લાગણી અનુભવતાં. ઇશ્વર જ સંસારમાં કર્તા–હર્તા છે, માનવીની પામરતાનો કોઈ પાર નથી. પાપીઓ અને

અત્યાચારીઓ માટે ઇશ્વરના નામનો ભય નિરુપયોગી નથી, પણ એક વાર ભયનો સીક્કો બેઠો એટલે તેનો દુરુપયોગ કરનારા દુર્જનો પણ આવી મળે છે. સૃષ્ટિકર્ત્તા ઇશ્વરની સાથે તેના પ્રતિનિધિઓ અને દલાલોની જમાત જોતજોતામાં જામી ગઇ. ભોળી–ભદ્રિક–અજ્ઞાન જનતાની ભાંગી ગયેલી કેડ ઉપર એમણે જેટલો ભાર ભરાય તેટલો ભરવા માંડ્યો. યજ્ઞોને બહુ ઉજળું રૂપ મળી ગયું છે. પણ રાજાધિરાજો અને લક્ષ્મીપતિઓ યજ્ઞની પાછળ ધન, ધાન્ય અને ઘૃતાદિનો જે ધૂમાડો કરતા અને નિઃસહાય પ્રાણીઓનાં જે રક્ત વહાવતાં તે જોતાં તો એને વિશુદ્ધ ધર્મક્રિયા કેમ કહેવી એ પ્રશ્ન થઈ પડે છે. એક રાજસૂય કે અશ્વમેધની કલ્પના જ કરી જુઓ ! કેટલાયે ભૂદેવોને દિવસોના દિવસો સુધી લાગલાગટ અગ્નિજ્વાળામાં આહુતિઓ અર્પતા અને સેંકડો શ્રમજીવીઓને વેઠના ભાર નીચે છૂંદતા તમે જોઇ શકશો. પાપનો ક્ષય, આ રીતે ધનધાન્ય જેવી જીવન-સામગ્રીના ક્ષયથી થતો હોય તો શ્રીમંતો અને સત્તાધીશો સિવાય પુણ્યશાલી બનવાનું સૌભાગ્ય બીજા કોઇને સાંપડે જ શી રીતે ? ઇશ્વરે જ આ પશુ–પ્રાણીઓ અને આ અન્ન વિગેરે યજ્ઞાર્થ સર્જ્યાં છે અને એ યજ્ઞમાં જ હોમાવાં જોઇએ એમ તે યજ્ઞવાદીઓ ખુલ્લા શબ્દોમાં કહેતા.

યજ્ઞ, હોમ કે એવી કોઈ બીજી વિધિથી રખેને જો ક્યાંઇક વિજય મળી ગયો, દુશ્મન શરણે આવ્યો કે રોગ–

શોક ટળી ગયો તો પછી યજ્ઞના પ્રતાપનો મહિમા લોકજીભ ઉપર રમી રહે એમાં તો પૂછવાપણું જ ન હોય. ઈશ્વરને પ્રસન્ન કરવાની આવી બધી ક્રિયાઓ લોટરીની ટીકીટ જેવી જ હોય છે. હજાર જણ ટીકીટ ખરીદે તેમાં ઇનામ તો ગણ્યાગાંઠ્યાને જ મળે છે. પણ જેમને ઈનામ મળે છે તેઓ જીવતી–જાગતી જાહેરખબર જેવા બની જાય છે. કેટલાકોને વળી લોટરીની ટીકીટો ખરીદવાનું વ્યસન જ થઈ પડ્યું હોય છે. એમને શ્રદ્ધા હોય છે કે એક દિવસે તો જરૂર લાખો રૂપિયાનો ચેક મળવાનો–એનાં જ સ્વપ્ન જોતાં બેસે છે. યજ્ઞ–યાગ જેવા અનુષ્ઠાનોમાં રાચતા શ્રદ્ધાળુઓની પણ ઇશ્વરી કૃપા મેળવવાની એવી જ કંઇક મનોદશા હશે.

ઈશ્વરને પ્રસન્ન કરવા માણસે સદાચારી બનવું જોઈએ એમ કહેવામાં આવે તો તે સમજી શકાય, પણ તમે ગમે તેટલાં પાપ કર્યાં હશે તો પણ અમુક ધર્મક્રિયાથી પ્રભુને પ્રસન્ન કરી શકશો એમ જ્યારે ભારપૂર્વક કહેવામાં આવે ત્યારે તો ઇશ્વર પોતે પણ કદાચ શરમનો માર્યો નીચું જોઈ જતો હશે. એ જમાનામાં રાજા જેમ પ્રજાજનો ઉપર અત્યાચાર ગુજારી શકતા અને છતાં કોઈથી તેની સત્તા સામે ચૂં કે ચાં થઈ શકે નહિ તેવી જ સ્થિતિ ઇશ્વરના નામે પણ પ્રવર્ત્તતી હોવી જોઇએ. અત્યાચારી રાજા પાસે જેમ કોઈ પ્રકારનું શાણપણ ન ચાલે તેમ ઈશ્વરી સ્વચ્છંદ ભદ્રિક જનસમુદાયે મુંગે મોઢે નીભાવી જ લેવાં જોઇએ. ત્યાં બુદ્ધિ, તર્ક કે ન્યાયને તો જરા ય સ્થાન ન મળે. અમુક

કુળમાં તમે જન્મ લીધો, અમુક શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તમે નૈવેદ્ય કે દાન દીધા અથવા શક્તિશાલીઓને થોડાં નમતાં-ભજતાં રહ્યાં એટલે તમારે બુદ્ધિને જરાયે તકલીફ આપવાની જરૂર નથી. આટઆટલાં મંત્રો-તંત્રો છે, આટઆટલા વિધિવિધાન છે-પુણ્ય કમાવાના ગંગાસ્નાનથી માંડી અશ્વમેધ યજ્ઞ સુધીના હજારો ઉપાયો વિદ્યમાન છે, તમારે ધર્મના વિષયમાં-વિશ્વના વિષયમાં બુદ્ધિનો ઉપયોગ કરવાની કંઇ જરૂર જ નથી. બુદ્ધિ ચલાવશો તો નાહકનો ઇશ્વરી કોપ વહોરી લેશો.

આવા યુગમાં ભગવાન મહાવીરે ' ત્રિપદી ' નો અમર તેમજ મનોમુગ્ધકર મંત્ર સંભળાવ્યો. જ્યાં ઇશ્વર અને વિશ્વ વિષે ભાતભાતના પાખંડો ચાલતાં હતાં ત્યાં સામાન્ય માનવી પણ સમજી શકે એવી શૈલીમાં ધર્મનું છૂપું રહસ્ય ખુલ્લું કરી બતાવ્યું. ઈશ્વરના અને પારવગરના યક્ષ-યક્ષિણીઓના ભયને લીધે કંપતી-ધ્રૂજતી જનતા સમક્ષ પ્રભુ મહાવીરે ત્રિપદીરૂપે, જેની જ્યોત ઝાંખી જ ન પડે એવી એક પ્રકાશરેખા પ્રકટાવી.

એમણે લોકોને સમજાવ્યું : વિજ્ઞાનશાસ્ત્રી જેટલી દઢતાથી અને શ્રદ્ધાથી કહે તેમ કહ્યું: "સંસારની કોઈ પણ વસ્તુ લ્યો. નથી એ નાશ પામતી, નથી એ નવી પેદા થતી. અવસ્થા જરૂર બદલાય છે એટલે નવી વસ્તુ ઉપજી અને જૂની નાશ પામી એમ લાગશે. દાખલા તરીકે સોનાનું કડું ભંગાવીને તેનો હાર બનાવરાવો તો કડું નાશ

પામ્યું, હાર નવો ઉત્પન્ન થયો એમ લાગશે; પરંતુ સોનું તો એ જ છે. એ જ પ્રમાણે લાકડું બળે છે ત્યારે એના અણુ કોયલામાં, રાખમાં, ધૂમાડામાં બદલાઈ જાય છે પણ એના એકે કણનો નાશ નથી થતો—નવો એકે ઉપજતો નથી. વસ્તુ માત્રના વિષયમાં એમ જ બને છે.” આ વસ્તુ-સ્વભાવે, આ ત્રિપદીના ઉપદેશે લોકોને વિચાર કરતા બનાવી દીધા. જેમનો ધંધો ઈશ્વરના ભય ઉપર ચાલતો હશે, જેમની આજીવિકા ઈશ્વરના નામે ચાલતી હશે તેમજ પ્રામાણિકપણે સૃષ્ટિકર્તામાં જેઓ માનતા હશે તેમનામાં તે વખતે ઓછો ખળભળાટ નહિ થયો હોય. પણ દરેક ક્રાંતિ વખતે એમ જ બને. ત્રિપદી પણ ક્રાંતિકારી હતી. એણે ભલભલા દિગ્ગજપંડિતોના સ્થિર-અચલ મેરુ જેવા આસન પણ ડોલાવી નાંખ્યા. ત્રણ જ પદે જુગજુગવ્યાપી પડળ ઉતારી નાખ્યા. વિચારશીલોને એમણે એક અપૂર્વ દૃષ્ટિ આપી.

ઈશ્વરની જ આ બધી રચના છે એમ માનનારાઓને પણ એ ઉપરથી એટલું સમજાયું કે ગમે તેમ પણ ઈશ્વરને અનાદિ-અનંત તો માનવો જ પડે છે, તો પછી વસ્તુમાત્રનો આ સ્વાભાવિક ધર્મ છે એમ માનીએ તો તેમાં શું ખોટું છે? ઈશ્વરને બદલે સંસારને જ અનાદિ કેમ ન માનવો?

ત્રિપદીની પવિત્ર જળધારા ધીમે ધીમે વધુ ગંભીર સ્વરૂપ પામતી આગળ વહેવા લાગી. સંસારની વસ્તુઓના ભગવાને પ્રકટ બે ભેદ સમજાવ્યા. એક જીવ અને બીજો

અજીવ. જીવ કદિ અજીવ ન બને અને અજીવ કદિ જીવ ન બને. જીવો પણ અનેક છે અને તેમની અવસ્થા પણ બદલાય છે, પરંતુ જીવનો નાશ નથી થતો અને પૌદ્ગલિક પદાર્થો પણ પલટાતા રહે છે. એનો પણ નાશ નથી.

દાખલા તરિકે એક માણસ પોતાના ખેતરમાં લીંબડો વાવે છે, બીજો માણસ આંબો વાવે છે, ત્રીજો વળી નારંગી, દ્રાક્ષ વિગેરે રોપે છે. આ બધામાં માટી, પાણી અને હવા એક જ પ્રકારના હોય છે, પણ બીજના ભેદે જુદાં જુદાં વૃક્ષ વિકાસ પામે છે. લીંબડાનું બીજ જે પૌદ્ગલિક આહાર, પોષણ મેળવે છે તેમાંથી કડવાશ પરિણમાવે છે, આંબો મીઠાશ પરિણમાવે છે, દ્રાક્ષ ખટમધુરતા પરિણમાવે છે. પરસ્પરથી સ્વાદ અને રંગમાં ભિન્ન હોવા છતાં એક જ પ્રકારનાં પુદ્ગલ જુદા જુદા પર્યાયમાં પરિણમે છે. પશુઓ ઘાસ એક જ પ્રકારનું ખાય છે, પણ ગાય, ભેંસ, ઘોડા, બકરાના દેહ જુદી રીતે ઘડાય છે. ઇશ્વરને સંસારના સર્જનહાર માનનારા અને ઇશ્વર જ રાતદિવસ બેઠો બેઠો વૃક્ષોના પાન–ફળ ઘડતો હશે, પશુઓનાં જુદાં જુદાં દેહનાં અંગોપાંગ ગોઠવતો હશે એમ માનનારાઓને જ્યારે આ બુદ્ધિગમ્ય વાત બરાબર સમજાઈ હશે ત્યારે તેમને કેટલો આહ્લાદ અને આશ્ચર્ય થયાં હશે ? આંબાના ગોટલામાંથી આંબો જ થાય, લીંબોળીમાંથી કડવો લીંબડો જ થાય એ પ્રકારનો બીજ માત્રનો અચળ સ્વભાવ જાણ્યા પછી–વસ્તુતઃ વસ્તુનું સ્વરૂપ સમજ્યા પછી માણસને એક નવી જ દૃષ્ટિ લાધે છે.

એના ઘણાખરાં ભય, વહેમ, અંધશ્રદ્ધા ઊડી જાય છે. વસ્તુસ્વરૂપ જેને સમજાય છે તેને હજારો દેવ-દેવીઓનાં અદ્ભુત ચમત્કારો આંજી શકતા નથી. જડ-જગતના વિષયમાં પાશ્ચાત્ય પંડિતોએ ઘણી નવી નવી શોધો કરી છે પણ ભગવાન મહાવીરે સાંસારિક જીવોના ઉદ્ધાર તથા પતનની જે વાતો બરાબર વિજ્ઞાનની શૈલીએ સમજાવી છે તે તરફ હજી અધ્યાત્મપ્રેમીઓ સિવાય બીજાનું બહુ લક્ષ નથી ગયું. કષાયોનાં સ્વરૂપ અને તેના પરિણામ વિષે પણ ભગવાને પુષ્કળ પ્રકાશ પાડ્યો છે.

રાગદ્વેષ જેવા કષાયોથી જ્યાં સુધી કોઈ મુક્ત ન થાય ત્યાંસુધી સંસારના પરિભ્રમણમાંથી બચવાનો કે નિરુપાધિક પરમ શાંતિ ભોગવવાનો કોઈને પણ પરવાનો મળી જતો નથી. કષાયના મેલમાં-કીચડમાં સદા આળોટ્યા કરો અને ઈશ્વર કોઈ દિવસે ઉદ્ધાર કરશે એવી આશા રાખો તો નકામી છે. કષાયોથી જ કર્મબંધ થાય છે અને ભલભલા જ્ઞાની કે તપસ્વીને પણ એનો વિપાક છોડી દેતો નથી. બીજી રીતે તમે પુષ્કળ ધર્મક્રિયાઓ કરો, તમે પૂરા શ્રદ્ધાળુ અને ધર્મપરાયણ છો એવી લોકોના દિલ ઉપર છાપ પાડો, પણ જો તમે કષાયથી ભરેલા હશો તો તેનું પરિણામ તમારે ભોગવવું જ પડે એ સાર્વભૌમ વિધાન છે. રાજા કે રંક, આસ્તિક કે અશ્રદ્ધાળુ, પંડિત કે જ્ઞાની એવો કોઈ ભેદ ત્યાં ચાલી શકતો નથી. ગુરૂત્વાકર્ષણના નિયમ કરતાં પણ એ નિયમ વધુ વ્યાપક અને ગંભીર છે.

આ રીતે ભગવાને ત્રિપદીના ક્રાંતિકારી મંત્ર સાથે વસ્તુ-સ્વભાવ અને કર્મ તથા તેના વિપાક સરળ શૈલીએ લોકોને સમજાવ્યા. કુલીનતાની, પ્રતિષ્ઠાની, પારંગતતાની છાપ લઈને જે ધુરંધરો નીરાંતે બેઠા હતા તેઓ સળવળી ઉઠયા. કેટલાય પાખંડીઓએ ભગવાનના સિદ્ધાંતનો સ્વચ્છંદી રીતે વિરોધ કર્યો. ઘણા તો ભગવાનના શરણે આવ્યા. કેટલાકો કાળના પ્રવાહમાં વિલીન થઈ ગયા. 'ત્રિપદી' અને તેના પ્રરૂપકનો મહિમા આજે પણ ચિરનૂતન જેવો લાગે છે. વસ્તુસ્વભાવ અને કર્મબંધ તથાએના પરિપાક વિષે જેમાં શુદ્ધ વૈજ્ઞાનિક નિરૂપણ હોય તે વચનો સદા કાળ તાજા અને પ્રેરણાદાયી હોય એ સ્વાભાવિક છે. એટલે તો ત્રિપદીના પુણ્ય-પ્રવાહના બન્ને તીરે તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મના ઉદ્યાનો ઊગી નીકળ્યાં છે-કાળના જબ્બર વાવાઝોડા વચ્ચે પણ સર્વજ્ઞ પ્રભુની ક્રાંતિ-કારી વાણી નવાં નવાં પુષ્પ-ફળ આજે પણ પ્રકટાવી રહી છે.

# અનેકાંતવાદ

જૈન કુળમાં જેણે જન્મ ધર્યો છે તેને અહિંસા શીખવવી ન પડે. કુટુંબના સંસ્કાર અને વાતાવરણમાંથી જ થોડે ઘણે અંશે એને મળી જાય. જૈન બાળક ભલે અહિંસાની સૂક્ષ્મ વ્યાખ્યા ન કરે, એકેન્દ્રિયાદિક વિષે વિગતવાર વિવેચન પણ ન કરી શકે, પરંતુ એનામાં દયા, અનુકંપાની લાગણી તો જરૂર રહે. અહિંસા જેવું જ બીજું એક કીમતી તત્ત્વ છે—અને તે અનેકાંતવાદ જ. સ્યાદ્વાદ તથા અનેકાંત જેવા પ્રયોગો તો તમે ઘણી વાર વ્યાખ્યાનોમાં સાંભળ્યા હશે. અનેકાંતને તમે વિદ્વાનો કે તત્ત્વવેત્તાઓ માટેનો ખાસ વિષય માની લીધો હશે. એવી ઝીણી ભાંજગડમાં કોણ ઉતરે એમ કહીને તમે અનેકાંતવાદ વિષે વિચાર કરવાની બહુ જરૂર નહિ માની હોય. ખરી રીતે તો અહિંસા જેટલો જ અનેકાંતવાદ ઉપયોગી છે—જૈનધર્મ અને જૈન સિદ્ધાંતના પ્રાણસ્વરૂપ છે. અનેકાંત એ માત્ર વાદ કે ચર્ચાનો વિષય નથી. જીવનમાં તેને ઘણું મહત્ત્વનું અને ઉપયોગી સ્થાન છે. અનેકાંતનો મહિમા ભૂલ્યા ત્યારથી આપણે

નાના–મોટા વિવાદોમાં ડૂબી ગયા અને ચક્રવર્ત્તી જેવા જૈન શાસનનો પ્રભાવ પણ ઝાંખો પડયો. ન્યાયશાસ્ત્રી-ઓએ અને ચિંતકોએ આ અનેકાંતના વિષયમાં ખૂબ પ્રકાશ નાખ્યો છે. આપણે એનાથી એટલા બધા અંજાઈ ગયા કે અનેકાંતને માત્ર ગ્રંથ કે વ્યાખ્યાનની જ વસ્તુ માની લીધી. આત્મીયતાના વિકાસ, મૈત્રીના સ્થિરીકરણ અને વૃદ્ધિ માટે અનેકાંતવાદ સંજીવનીરૂપ છે એ વાત ભૂલાઈ ગઈ.

અનેકાંતવાદથી વિરુદ્ધ એકાંતવાદ તો સૌ કોઈ જાણે છે. એને માટે સાત આંધળાઓએ જોયેલા હાથીનું દૃષ્ટાંત આપણામાં ખૂબ પ્રચલિત છે. જે જન્માંધ પુરુષે માત્ર હાથીના પગ જ તપાસ્યા હતા તેણે નિશ્ચયપૂર્વક એવો એકાંતવાદ ઊભો કર્યો કે હાથી થાંભલા જેવો હોય છે, જેણે કાન તપાસ્યા હતા તેણે એવો દુરાગ્રહ પકડી રાખ્યો કે હાથી સુપડા જેવો હોય છે. આ પ્રમાણે સાતે જણાએ પોતપોતાનો એકાંતવાદ પકડી રાખ્યો. જેને આંખ છે અને જે હાથીને સંપૂર્ણ આકાર-માં જોઈ શકે છે તેને તો આ બધા દુરાગ્રહીઓ જ લાગવાના. તે તો એમ જ કહેશે કે–સૌ સાચા છે, પણ એક અંશ પકડીને બેઠા છે–સર્વ અંશોનો સરવાળો કરીએ તો એમની વચ્ચે કોઈ પ્રકારનો વિવાદ ન રહે–સૌને પોતાની ભૂલ સમ-જાય અને પરસ્પરમાં લડતા આ સાતે જણ મિત્ર બની જાય.

દુનિયામાં દુરાગ્રહ જેવો ડંખીલો દુશ્મન બીજો નહિ હોય. પોતે જે કંઈ જોયું, માન્યું, સ્વીકાર્યું તે જ સાચું; બાકી બધા ખોટા–બાકી બધા મિથ્યાવાદી અને નરકગામી.

આ પ્રકારની માન્યતાએ આજ સુધીમાં જગતમાં જે અનર્થો ઉપજાવ્યાં છે તે તપાસો તો તમને એમજ લાગશે કે ક્રૂરમાં ક્રૂર અત્યાચારીઓ કરતાં પણ આપણા પોતાના દુરાગ્રહોએ આ દુનિયા ઉપર અનેકગણી ભયંકર આફતો ઉતારી છે. અમુક ધર્મને, એ ધર્મના મૂળગ્રંથને અને એ ધર્મે સ્વીકારેલા ઇશ્વરને માનો, એની સન્મુખ માથું ઝુકાવો, નહિતર પ્રાણદંડ સ્વીકારવા તૈયાર થઈ જાઓ એવી ધમકીઓ અપાયેલી અને સાચેસાચ હજારો–લાખો નિર્દોષોનાં લોહીથી ધરતી રંગાઇ ગએલી. એવી હકીકતો ઇતિહાસમાં આલેખાઈ છે. એકાંતવાદની જ આ ક્રૂર લીલા છે.

એકાંતવાદની આવી અનિષ્ટતા જોઇને જ ભગવાન મહાવીરે અહિંસાની સાથે અનેકાંતવાદનો સ્વર્ગીય મહિમા પણ બતાવ્યો. અહિંસા કરતાં એનું જરા યે ઓછું મૂલ્ય ન આંકતા. અહિંસા અને અનેકાંતવાદના વજ્ર જેવા પાયા ઉપર જૈન દર્શન ઊભું છે. જે તાત્ત્વિક પ્રશ્નોના કોઈ રીતે સમાધાન થઈ શકતાં નહોતાં–શંકાઓના વાદળ વધુ ને વધુ ગાઢ બનતાં હતાં તેના સમાધાન અનેકાંતથી જ શક્ય બની શકશે અને શંકાના વાદળ વીખેરવાને પણ અનેકાંત જ સમર્થ છે એમ ભગવાન્ મહાવીરે પ્રબોધ્યું છે. આજે ઘણી વાર આપણને પૂછવામાં આવે છે કે: “ જૈન ધર્મનું કોઈ એવું પુસ્તક છે કે જેની અંદર જૈન ધર્મનો બધો સાર આવી જાય, બીજું કંઈ વાંચવું જ ન પડે.” બીજા ધર્મોમાં ધર્મ વિષયક એકેક ગ્રંથ એવો હોય છે.

જૈન ધર્મમાં એવા કોઈ ખાસ ગ્રંથનો ઉલ્લેખ નથી પણ જૈન ધર્મનું મૌલિક સ્વરૂપ જેને સમજવું હોય તેને કોઈ ખાસ ગ્રંથની જરૂર જ કયાં છે ? જૈનોનો અનેકાંતવાદ જાણી લે એટલે બસ. જુદી જુદી દૃષ્ટિઓનો સમન્વય કેમ કરવો એ સૂત્ર સમજાયું એટલે અંતરમાં આપોઆપ પ્રકાશનું પૂર રેલાઈ જશે. અનેકાંતવાદ જે સમજે છે તે કોઇના મતનું ખંડન કરવાનો ઉદ્યમ કરવાને બદલે, સાંપ્રદાયિકતામાં રાચવાને બદલે સમન્વય અથવા સમભાવ વધારવાનો-પ્રચારવાનો પ્રયત્ન કરશે.

જે દર્શનો એકાંતવાદનું નિરૂપણ કરે છે અને એવા એકાંતવાદને લીધે જ જે મિથ્યાદર્શન મનાયાં છે તેને પણ જૈન દર્શન સ્નેહથી સત્કારે છે અને '**ષડ્દર્શન જિન અંગ ભણીજે**' ષડ્દર્શનોનો પણ જૈન દર્શનની અંદર જ સમાવેશ થઈ જાય છે એમ એક સ્નેહવત્સલ પિતાની જેમ ઉચ્ચારે છે. જૈન દર્શનને કોઇની સાથે વિરોધ નથી, કોઇની સાથે દ્વેષ નથી, કોઈની સાથે વિવાદ કે વૈમનસ્ય નથીઃ એ તો કહે છે કે-પક્ષવાદ તજી દો અને જેવો પક્ષવાદ મૂકી દેશો કે તે જ ક્ષણે અનેકાંતવાદની નિરુપદ્રવી શાસનસીમામાં આવીને ઊભા રહેશો. જ્યાં સમન્વય છે, જ્યાં સમભાવ છે, જ્યાં મતસહિષ્ણુતા છે ત્યાં જૈનધર્મ છે.

ભગવાન મહાવીરના પોતાના સમયમાં કેટલા પક્ષવાદ હતા-કેટલા એકાંતવાદીઓ હતા, જાણો છો ? પાંચ-પચીસ કે સો-બસો નહિ, ત્રણસો ત્રેસઠ. પક્ષ તરિકે એ

મિથ્યાવાદ હતા. પણ એ જ પક્ષવાદીઓ જો બીજાના દૃષ્ટિકોણ સમજે, અપેક્ષાઓ વિચારે તો એ મિથ્યા મટી જાય અને સાર્વભૌમ અનેકાંતનો મહિમા હૃદયંગમ થાય. આગમોમાં એ બધા પાખંડીઓના મતવાદની પૂરી વિગત નથી મળતી. માત્ર ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ ને વિનયવાદને એકાંતવાદ તરિકે ઓળખાવ્યા છે. આજે આપણામાં આસ્તિક–નાસ્તિકના ભેદ પડી ગયેલા દેખાય છે. આપણી સાથે જે સમ્મત ન થાય તેને આપણે ઝટ દઈને નાસ્તિકની ઉપાધિથી નવાજી દઈએ છીએ. ખરી વાત તો એવી છે કે જે આત્મામાં, પરલોકમાં, ઈશ્વરમાં માને તે આસ્તિક અને ન માને તે નાસ્તિક. આસ્તિક-વાદી ધર્મી જ હોય એમ એકાંતભાવે ન કહેવાય. આત્મામાં, પરલોકમાં માનતો હોય પણ વહેમ કે રૂઢીઓની પકડમાં ફસાઈ પડ્યો હોય તો એકલો આસ્તિકવાદ શું કરે? આસ્તિકવાદી હોય પણ મદ્ય–માંસની આસક્તિ તજી શકતો ન હોય અને બીજો ભલે નાસ્તિકવાદી હોય પણ સદાચાર, નીતિ, તપ–જપમાં માનતો હોય તો એનો અનાદર કેમ કરાય?

એક કાળવાદીને કલ્પો: એ કહેશે કે આપણું કર્યું શું થવાનું હતું? એ તો કાળ જ્યારે પાકશે ત્યારે જે સર્જાયું હશે તે થશે. બીજો કહેશે કેઃ કાળની ઉપર આધાર રાખીને હાથ જોડીને બેસી રહીએ તો આપણા પરાક્રમ કે પુરુષાર્થની શી કીંમત છે? કાળ પાકે ત્યાં સુધી રાહ જોવી તે કરતાં

થોડો પણ પ્રયત્ન કરવો શું ખોટો ? એક જણ કાળવાદને એકાંતિક સત્ય માની આળસ અને પ્રમાદમાં પડી રહે છે, બીજો પુરુષાર્થમાં માને છે. અનેકાંતવાદનું આંજણ આ બન્ને એકાંતવાદીઓ ન આંજે ત્યાં સુધી પરસ્પરમાં વિવાદ કર્યા કરવાના. એક બીજાનો દૃષ્ટિકોણ સમજવાનો પ્રયત્ન કરે તો એમને બન્નેને એક સત્ય સમજાયા વિના ન રહે. કાળ જેવી પ્રભાવવાળી એક વસ્તુ છે અને પુરુષાર્થનો મહિમા પણ પાર વિનાનો છે. પણ એ બન્નેને જુદા કેમ પાડી શકાય ? પુરુષાર્થ વિનાનો કાળવાદી ગંજેડી કે સ્વપ્નસેવી બની જવાનો, જ્યારે નર્યો પુરુષાર્થવાદી એક દિવસે નિરાશ ને નિરુત્સાહ જેવો બની જવાનો. પરિપાક માટે અનુકૂળ કાળ આવશ્યક વસ્તુ છે એમ એને માનવું પડશે.

કાળને આપણે જમાનો કે યુગ કહીએ છીએ. જમાનો બદલાય, યુગ પલટાય તેની સાથે માણસે થોડો સમન્વય કરતાં શીખવું જોઈએ. એક જમાનામાં મોટા વરઘોડા અને સામૈયા, જમણવાર અને પ્રભાવના ધર્મને પુષ્ટિ આપનારાં લેખાતાં. આજે અન્નકષ્ટના દિવસોમાં જો એ જ કાળની પ્રથાઓને વળગી રહીએ તો યુગદૃષ્ટિ જ આપણામાં નથી એમ કહેવું પડે. જુદા જુદા બળો વચ્ચે સમાધાન ન કરીએ, એકાંત અથવા આગ્રહને પકડીને બેસી રહીએ તો ભગવાને અનેકાંતનો જે વારસો આપણને આપ્યો તે શું કામનો ? આપણે એ વારસાને અયોગ્ય નીવડ્યા એમ કહેવાય કે નહિ ?

ઘણાકો ભવિતવ્યતા અથવા ઇશ્વર ઉપર આધાર રાખીને નિષ્ક્રિય અથવા એદી જેવા બની જાય છે. ભવિતવ્યતાને માનવી જ નહિ એમ કોઈ નથી કહેતું તેમ ઈશ્વરની ભક્તિ કે શ્રદ્ધા નકામાં છે એમ પણ નથી. સૌ પોતપોતાને સ્થાને શોભે. જ્યાં પ્રયત્નની જરૂર ત્યાં હોય ભવિતવ્યતાને સ્થાપો, દયા, સહાનુભૂતિ જેવા ઈશ્વરી–દૈવી ગુણોના વિકાસની જરૂર હોય ત્યાં હુંપદ કે અભિમાનનો અભિષેક કરો તો ગોટાળો થઈ જાય. વૈદ્ય ખાવાની અને ચોળવાની એમ બે પ્રકારની દવાઓ આપે, પણ જો પીવાની દવા ચોળવામાં વાપરીએ અને ચોળવાની દવા પીવા માંડીએ તો પરિણામ શું આવે તેની કલ્પના કરો. સમન્વયની દૃષ્ટિ જ્યાં નથી હોતી ત્યાં આવી જ દુર્દશા થવાની.

એકલો સ્વભાવવાદ પણ અનર્થકારી છે. આપણી આસપાસ અથવા વિશ્વમાં જે કંઇ બને છે તે બનવું જોઈએ માટે જ બને છે એ વાત ઠીક છે, પણ જો એટલું માનીને લમણે હાથ દઇને સૌ કોઈ બેસી રહે તો શું થાય? બહુ બીમાર અને બંધાણી જેવા એકાંતવાદી પોતાનું કે પરનું કલ્યાણ કરી શકે? સ્વભાવની સાથે ઘટના માત્રની કાર્યકારણની પરંપરા પણ તપાસવી જોઈએ. ન્યુટને ગુરૂત્વાકર્ષણનો નિયમ શોધ્યો અને એમ કહેવાય છે કે એ નિયમના પ્રતાપે વિજ્ઞાનની દુનિયામાં ઘણા ચમત્કાર થયા. આ ગુરૂત્વાકર્ષણ એક પ્રકારનો સ્વભાવવાદ નથી? પાકેલું ફળ ઝાડ ઉપરથી ઊંચે ન જતાં નીચું પડયું એ સ્વાભાવિક હતું.

પરંતુ ન્યૂટને એની કાર્ય-કારણ પરંપરા તપાસી અને વિદ્વાનો પાસે ખુલ્લી કરી બતાવી. જેટલો કાર્ય-કારણવાદ ઉપયોગી છે તેટલો જ સ્વભાવવાદ પણ ઉપયોગી છે. પરંતુ એ બન્ને વાદીઓ જો પોતાના એકાંત આગ્રહને પકડી રાખે તો બન્ને મિથ્યાવાદી બને-કાળના અંત સુધી ઝગડ્યા કરે. જૈન દર્શન આવી વિરુદ્ધ લાગતી દૃષ્ટિઓ વચ્ચે સમન્વય શોધે છે-એક અખંડ સત્યનું દર્શન કરાવે છે.

વિશ્વના ઘણા પ્રશ્નો આપણે ઉકેલી શકતા નથી, પણ એટલા ઉપરથી જો આપણે એમ માની લઈએ કે ધર્મ, અધર્મ કે પાપ-પુણ્યની ચર્ચા જ ન કરવી, અજ્ઞાનતાને જ આશીર્વાદરૂપ માની લેવી તો આપણે એકાંતવાદની અંધારી ખીણમાં ગબડી પડીએ. અજ્ઞાનવાદ જેમ બૂરો છે તેમ આપણે જ્ઞાનના પ્રદેશમાં બધે ફરી વળ્યાનો દાવો કરીએ તો પણ તે હુંપદ જ ગણાય. એક રીતે જ્ઞાનમાં આપણે બહુ પછાત છીએ. પણ અજ્ઞાનવાદ શ્રેયસ્કર છે એમ તો ન જ કહેવાય. ઘણું ઘણું નથી સમજાતું તેથી તો નમ્ર, સરળ બનીને આપણે જ્ઞાનની આરાધના અથવા ઉપાસના કરવી જોઈએ. એ જ પ્રમાણે એકલો શુષ્ક વિનયવાદ પણ વાંઝીયો છે. વિનયભક્તિ સાથે સેવાની તત્પરતા અને આત્મવિકાસ અર્થેની તાલાવેલી અંતરમાં જાગવી જોઈએ.

ટૂંકામાં કહું તો જૈન ધર્મે જે ક્રિયાવાદ અને અક્રિયાવાદનો, ઈશ્વરવાદ અને અનીશ્વરવાદનો, અજ્ઞાનવાદ અને જ્ઞાનવાદ, ભક્તિવાદ અને અભક્તિવાદ, દૈવવાદ અને પુરુષાર્થનો

સમન્વય સાધ્યો છે, બધી દૃષ્ટિએ સમગ્ર સત્યને પરખવાની જે શૈલી આપી છે તે જૈન ધર્મનો જગત ઉપરનો મોટામાં મોટો ઉપકાર છે. અનેકાંતવાદને માત્ર પુસ્તકનો એક વિષય માન્યો ત્યારથી આપણે પોતે એકાંતવાદના અંધારામાં ગુંચવાઈ ગયા એટલું જ નહિ પણ અંદર–અંદરના વિવાદ અને વિખવાદ વધારી મૂક્યા. અનેકાંતવાદ જીવનવ્યવહારના વ્યાકરણરૂપ છે એ આપણે ભૂલ્યા. અનેકાંતવાદ તો શત્રુને પણ મિત્ર બનાવવાની તાકાત ધરાવે છે એ મંત્ર વીસર્યા: પરિણામ એ આવ્યું કે બીજાને ધર્મ પમાડવાની વાત તો દૂર રહી, આપણે પોતે જ પરંપરાગત વારસાથી વંચિત રહ્યા. અનેક પ્રકારની રૂઢીઓ, પરંપરાઓ, વહેમોના નાગપાશમાં બંધાઈ ગયા. અનેકાંતવાદ જીવનમાં ઉતરશે ત્યારે એ નાગપાશ છેદાશે અને જૈન ધર્મ મંગળમય છે એ સંદેશ દિગંતમાં ગુંજી ઉઠશે.

## સુભાષિત

જડ અને ચેતનનો ભેદ જેને પરખાયો તેને મૃત્યુનો ભય સ્પર્શી શકે નહીં. આત્મા અમર છે એવી જેને શ્રદ્ધા હોય તે કોઇથી પણ શા સારુ ડરે?

卐 卐 卐

આત્મારૂપી તળાવમાં મિથ્યાત્વના ગરનાળામાંથી જે કર્મરૂપી પ્રવાહ આવે તે આશ્રવ. મિથ્યાત્વ ઘટે તેમ આશ્રવ પણ ઘટે. આશ્રવ ઘટતાં અવિરતિપણું ઘટે અને અવિરતિપણું ઘટે એટલે કષાય પાતળા પડે અને કષાય ઘટે એટલે પ્રમાદ પણ વિદાય લે–પછી આત્માના યોગ શુદ્ધ પ્રવાહમાં વહે.

—ઉપા૦ શ્રી દેવચંદ્રજી

[ ભાવનગર મુકામેના વ્યાખ્યાનમાંથી ]

# ધર્મ અને સમાજ

મુનિઓ, આચાર્યો કે તપસ્વીઓ માત્ર ધર્મની જ વાતો કહે, એમનાથી સમાજ કે સંસારના મંગળ કે હિતની વાત પણ ન થઈ શકે એમ કેટલાક અર્ધદગ્ધો કહે છે. સાચી વાત તો એ છે કે જેમણે સંસારના પ્રપંચોનો ત્યાગ કર્યો છે તે જ સંસારના માર્ગદર્શકો છે. ભગવાનને મગ્ગદયાણ–માર્ગદર્શક તરિકે બિરદાવવામાં આવે છે, ચકખુદયાણ–આંખો આપનાર તરિકે એમનો અહેશાન માનવામાં આવે છે, એનો અર્થ એ જ કે જે રીતે સંસારનું હિત થાય–સંસારમાં દૈવી અંશોનો વિકાસ થાય અથવા તો માનવતાનો સંચાર થાય એ પણ ત્યાગીઓ અને તપસ્વીઓ, ધર્માચાર્યો અને ધર્મોપદેશકોના કર્ત્તવ્યનો એક ભાગ છે. જે ધારણ કરે તે ધર્મ એવી ધર્મની વ્યાખ્યા કરવામાં આવે છે. સંસારને કે સમાજને અધોગતિ તરફ જતાં રોકે–એને મર્યાદામાં રાખે અને ક્રમે ક્રમે આધ્યાત્મિક ઉન્નતિ તરફ દોરી જાય તે ધર્મ. દેહમાં જેમ પ્રાણ છે અને પ્રાણને લીધે જ દેહનું તેજ છે તેમ ધર્મ સંસારના પ્રાણસ્વરૂપ છે. જેની અંદરથી ચતન્ય

ઊડી ગયું હોય તે કલેવર કહેવાય છે—એનો કાં તો અગ્નિ-સંસ્કાર કરી દેવો જોઇએ અથવા દફનાવી દેવું પડે; સંઘરાય તો નહિ જ. જે સમાજમાં ધર્મરૂપી પ્રાણ નથી તેને કેવળ નામનો જ સમાજ સમજવો. ધર્મ વિનાનો સમાજ નિશ્ચેતન અને નિસ્તેજ બને છે. તેની અધોગતિની કોઈ સીમા જ નથી રહેતી. સમાજહિત અને ધાર્મિકતા એ બન્ને અલગ અલગ નથી. ધર્મ ધાર્મિક વિના થોડો જ રહી શકે ? વસ્ત્રમાં પાણી ન રહે તેમ યોગ્ય સમાજ વિના ધર્મ ટકી શકતો નથી. બન્ને એક–બીજાને આશ્રયીને રહ્યા છે.

ધર્મ માત્ર સ્થાનકોમાં, મંદિરોમાં કે વિવિધ પ્રકારના ક્રિયાકાંડોમાં જ રહે છે એ ભ્રાંતિ પણ કાઢી નાખજો. ગુરુમહારાજાઓ ઉપદેશ આપે અને તમે સાંભળી લો એટલે એક પ્રકારનું ધર્મકર્ત્તવ્ય પૂરું થયું એમ નથી માની લેવાનું. સૈનિકો તાલીમ લે છે, પણ એ તાલીમનો ઉપયોગ જો રણમેદાન ઉપર કરવામાં ન આવે તો એકલી તાલીમથી શું વળવાનું ? કોઈ સૈનિક એમ કહી શકે ખરો કે હું લશ્કરી તાલીમ લઇશ, પણ લશ્કરમાં દાખલ તો નહિ જ થઉં ? જે માણસ સૈન્યમાં પ્રવેશવાની ના પાડે તે ગમે તેટલો બહાદુર કે બળવાન હોય તો પણ નકામો જ ગણાવાનો. એ જ પ્રમાણે જેણે ધર્મનાં સૂત્રો અને સિદ્ધાંતો યથામતિ સાંભળ્યા છે, જે ધર્મને માર્ગે પગલાં ભરવા ઉત્સુક છે તે સમાજહિતના સૈનિકોમાં એક મુખ્ય સૈનિક છે. એ એમ ન કહી શકે કે મારો ધર્મ માત્ર અપાસરા

કે મંદિરપૂરતો જ છે. એ તો જ્યાં જ્યાં અધર્મ, અન્યાય, અત્યાચાર જેવું જણાય ત્યાં ત્યાં ધર્મ, ન્યાય અને નીતિનો જ પક્ષ લે–મોટી સંખ્યા અથવા મહાન્ સત્તા પોતાની સામે હોય તો પણ પોતાના અંતરના અવાજને ગુંગળાવા ન દે. એનો અર્થ એવો નથી કે સમાજ કે સંસારના હિતમાં માનતો હોય તે સર્વદા સૌની સાથે લડતો–ઝગડતો જ રહે. ધર્મ અને સમાજનો સંબંધ જે સમજે છે, ધર્મનું થોડું પણ યથાર્થ સ્વરૂપ જે પીછાને છે તે કજીયાખોર કે ઉદ્ધત ન જ હોય–તેમ પામર કે છેક દીન પણ ન હોય. એક બાજુ તે જેમ અર્થશૂન્ય રૂઢીઓની ગુલામી ન સ્વીકારે તેમ સ્વાર્થની ખાતર અન્યાય કે અનીતિની કદમબોસી પણ ન કરે. આવા ધાર્મિકો જેમ ધર્મનો પ્રભાવ વિસ્તારે છે તેમ બીજી રીતે સમાજ પણ એવા ધર્મપરાયણોથી ઉજ્જવલ અને પ્રગતિશીલ બને છે.

સામાયિક અને પ્રતિક્રમણ જેવી પાવનકારી ક્રિયાઓથી તો તમે પરિચિત છો. સમભાવ કેળવવાની–શત્રુ અને મિત્રને સમભાવે નિહાળવાની અને સમસ્ત પ્રાણી ઉપર આત્મીયતાની અમીદૃષ્ટિ વરસાવવાની તાલીમ એ ક્રિયાઓમાંથી જ મળે છે. જૈન સંસ્કૃતિએ વિશ્વને કેવી ઉપકારક અને અર્થગંભીર ક્રિયાઓનો વારસો આપ્યો છે તેની એક વાર કલ્પના કરી જુઓ: જૈન સંસ્કૃતિ સૂર્ય, ચંદ્ર કે ઇંદ્રની આરાધના કરવાનું નથી કહેતી, આશુતોષ–જલદી પ્રસન્ન થઈ જનારા દેવ કે કુંજવિહારી જેવા પુરુષોની ઉપાસના પણ

જૈન સંસ્કૃતિને મંજૂર નથી. એ તો સમભાવ અને આત્મ-શુદ્ધિમાં જ માનનારી છે. સામાયિક કરો, પ્રતિક્રમણ કરો, વ્રત-સંયમ કરો અને એ રીતે સમભાવ કેળવો, પાપથી નિર્મળ બનો, દૈહિક વાસનાઓથી સ્વતંત્ર થઇને બની શકે એટલા આત્માની સમીપે પહોંચો. આ શું કેવળ સ્વાર્થ-સિદ્ધિની ક્રિયાઓ છે? સર્વાર્થસિદ્ધિ સિવાય જૈન સંસ્કૃતિનું બીજું કોઈ મહત્ત્વનું સૂત્ર તમે સાંભળ્યું છે? સર્વ મંગળ-મય અર્થોની સિદ્ધિ જૈન ક્રિયાકાંડ વાંછે છે, એટલું જ નહિ પણ સર્વોદયને વિષે પણ એને શ્રદ્ધા છે–સામયિક અને પ્રતિક્રમણ જેવા ક્રિયાકલાપથી એ અર્થ સિદ્ધ કરવાની એની નેમ છે.

એક જણે, ધારો કે, સેંકડો સામાયિક કર્યાં છે, પણ સમાજના વિવિધ સંઘર્ષણો વચ્ચે જો એ સમભાવનો દિવ્ય ઉજ્જવળ ચમકારો ન દાખવી શકે તો એ સામાયિકનું કેટલું મૂલ્ય આંકવું તે તમે જ નક્કી કરી લેજો. એક માણસ વેપાર–ઉદ્યોગમાં ખૂબ ધન કમાયો હોય, પણ વહે-વારમાં ભીખારી જેવી દશા ભોગવતો હોય તો તેની સંપત્તિ શું કામની? ધાર્મિક ક્રિયાઓની ચમક સામાજિક કે વ્યવ-હારિક ક્ષેત્રોની અંદર પણ દેખાવી જોઈએ. ઘણા માણ-સોને આપણે એમ કહેતા સાંભળીએ છીએ કે અમારા ધર્મ જેવો લોકકલ્યાણકારી બીજો ધર્મ નથી. સૌ પોત-પોતાના કુળધર્મ વિષે શ્રદ્ધાપૂર્વક એમ જ માને છે. પણ જે ધર્મ માત્ર ગ્રંથો કે વિધિ–વિધાનોની અંદર જ સમાઇ

જતો હોય તેની લોકો બહુ કીંમત નથી આંકતા. માણસ મુખથી પોતાના ધર્મની મહત્તા ન ગાય, છતાં જો તેના વહેવારમાં ન્યાય, દયા, સંયમ, પરોપકાર, નમ્રતા દેખાઈ આવે તો તે પોતે સન્માનનીય ઠરે છે એટલું જ નહિ પણ પોતાના વંશપરંપરાગત ધર્મને પણ એટલે અંશે ઉજળો કરી બતાવે છે. માણસની બુદ્ધિમત્તાની કે તપસ્વીતાની છટા એના મુખ કે દૃષ્ટિમાં દેખાઈ આવે છે તે જ પ્રમાણે ધર્મ કેટલો પરિણમ્યો છે તે સમાજ સાથેના તેના સંબંધમાં બરાબર જણાઈ આવે છે. એટલે જ ધર્મ અને સમાજને પ્રાણ તથા દેહ જેવો સંબંધ છે, એમ ભારપૂર્વક કહેવામાં આવ્યું છે.

સંસારને તો નિઃસાર કહ્યો છે–સંસારના સંબંધોથી છેક છૂટા થઈ જવાનું ભગવાને ઉપદેશ્યું છે, તો પછી સંસાર અથવા સમાજને આવી અગત્ય કેમ અપાય? એવી તમને શંકા થશે. સંસાર નિઃસાર છે એ વાત ખરી છે, પણ અહીં સંસારનો અર્થ સાંસારિક સ્વાર્થ, અભિમાન અથવા લોભ–લાલચ–ભય–પ્રપંચ વગેરે સમજવાનો છે. સંસારને અસાર સમજી તમે તમારી સ્વાર્થનું બલિદાન દો, સંસારને અનિત્ય માની તમારી કીર્તિ કે પ્રતિષ્ઠાને તુચ્છ માનો એ બધું બરાબર છે, પરંતુ સંસારનું શ્રેય–કલ્યાણ થતું હોય તો પણ ન કરવું એવો અર્થ એમાંથી નથી કાઢવાનો. તમારા પુણ્યમય વ્યવહારની સમાજના અંતરમાં ઊંડી છાપ પડતી હોય, તમારા નિર્મળ ન્યાયસંગત આચરણનું અનુકરણ કરવાની સમાજના બીજા

માણસોને આકાંક્ષા જાગતી હોય તો તમે એક રીતે સર્વોત્કૃષ્ટ સામાજિક સેવા જ કરી રહ્યા છો એમ માનજો. કેટલાકો સંસારમાં પોતાના પાસા અવળા પડે એટલે કે કંઇ ખોટ જાય અથવા તો વિરોધ જાગી પડે તો સંસારને ગાળો ભાંડવા મંડી જાય છે. તમે સંસારને નિંદો કે ગમે તે કરો, સંસાર તો જે છે તે જ રહેવાનો છે. ખરેખર જો તમે સંસારને અસાર, અનિત્ય અને દુ:ખમય માનતા હો તો તમારે બની શકે એટલા સ્વાર્થસંબંધો છેદી નાખીને, લોભ–લાલચ–ભય–ક્રોધ વિગેરેને તિલાંજલી આપીને વિરાટ જનસમુદાયમાં સાત્વિકતાનો વિકાસ થાય તેવો ભગીરથ પ્રયત્ન કરવો જોઇએ. તમે સર્વસ્વનો ત્યાગ કરવાની સ્થિતિમાં હો તો જુદી વાત છે, પણ જ્યાં સુધી તમે સમાજ સાથેનો સંપર્ક જાળવી રહ્યા છો; જ્યાં સુધી તમે સમાજની વચ્ચે હરો–ફરો છો, સામાજિક વ્યવસ્થાનો, સામાજિક બંધારણનો લાભ લો છો ત્યાં સુધી જે પ્રકારે સમાજનાં સુખ–શાંતિ–ક્ષેમ–કૂશળતા જળવાઈ રહે, સમાજ સુરુચિસંપન્ન બને, શિક્ષણ સંસ્કાર અને નિત્ય–નૈમિત્તિક વ્યવહારોમાં ન્યાય–સંયમની સુવાસ ભળે એ દરેક ધર્મપરાયણ ગૃહસ્થે જોવું જોઇએ. સમાજના પ્રપંચો નિંદનીય છે, સમાજનાં પાપ–કૂડ–કપટ ત્યજવા યોગ્ય છે, પરંતુ સમાજ પોતે ઉપેક્ષાને યોગ્ય નથી. કમળ સુંદર હોય છે, પણ તેનું જન્મસ્થાન કીચડમય હોય છે. સમાજ પોતે કીચડમય હોવા છતાં ઘણા સુંદર ફૂલોને જન્મ આપે છે–એટલે પણ સમા-

જનું અધિક હિત થાય તેની આપણે સંભાળ લેવી જોઇએ. સમાજની પાસેથી જે પુષ્કળ પ્રમાણમાં લાભ લે છે પણ આપવામાં સમજતો નથી તે એનો કરજદાર છે.

સમાજને આપણી મદદની પગલે-પગલે જરૂર છે એવું ખોટું અભિમાન પણ ન રાખતા. તમે ધનિક હો કે વિદ્વાન, તમે સત્તાધિકારી હો કે ભારે લાગવગ ધરાવનારા હો, ગમે તે હો, તમારા મોં સામે જોઇને સમાજ બેઠો છે એમ ન માનશો, વ્યક્તિઓની ચડતી-પડતી તો પાણીના મોજા ઉપર નાચતા સૂકા પાન જેવી જ માનજો. લક્ષ્મી, પાંડિત્ય કે સત્તાનું ઘેન અથવા ઉન્માદ બે-ચાર દિવસની ચાંદની જેવાં જ હોય છે. વ્યક્તિઓ ચાલી જશે, સમાજ તો રહેવાનો જ છે-નાના-મોટા સમાજો કદાચ મોટા સમૂહોમાં સમાઇ જશે, પણ જનતાનો પ્રવાહ તો અતૂટ રહેવાનો છે. આ જનતાની, આ સમાજની જેટલી સેવા બની શકશે તેટલી અમર રહી જશે.

સામાજિક સેવામાં સ્થૂલ પદાર્થો જ ધરાવા જોઇએ એવો નિયમ નથી. જે કોઈ સમાજ પ્રત્યે શ્રદ્ધા ધરાવે છે અને પોતાની મૌન સાધના દ્વારા સમાજને ત્યાગ, સહિષ્ણુતા, સમાનતાના રંગથી રંગે છે, તેની બહુ કીર્ત્તિ ભલે ન ગવાય, પણ તે પોતાના આત્માનો રસ સમાજમાં રેડી જાય છે. સમાજ એ રસથી ગૌરવાન્વિત બને છે. એવા મૌન તપસ્વી સાધકો સમાજના ખરા જ્યોતિર્ધરો છે.

સભાઓ ગજવનારા, વર્તમાનપત્રોમાં મોટા અક્ષરે

પોતાના નામના અક્ષરો ચમકાવનારા જ સમાજના સેવકો નથી હોતાઃ મોટા દાનેશ્વરીઓ કે સાહસિક મહાજનો જ સમાજને કંઇક આપી શકે એમ પણ નથી. જેને આડંબર કે ધમાલ પ્રિય નથી, જે માન કે પ્રતિષ્ઠાથી ભડકીને આઘો ભાગો રહે છે અને છતાં પોતાના સમાજમાં નવા યુગને અનુરૂપ સંસ્કારો ઉમેરવા રાતદિવસ મથન કરે છે, અજ્ઞાન અને જડતાને ધોઈ નાખવાને ધીરજથી મંડ્યો રહે છે, પોતાના અહંભાવને ઓગાળી દઈ સમાજને પ્રગતિના આદર્શ તરફ ધપાવે છે તે સમાજસેવક એકલા સમાજની જ નહિ પણ ધર્મની પ્રતિષ્ઠાનો ધ્વજ ફરકાવી જાય છે.

ધાર્મિકતા એક પ્રકારની સાધના છે. એ સાધનાનું પ્રતિબિંબ સમાજમાં પડવું જ જોઈએ. એક તરફ ધાર્મિકતાનો પ્રચાર વધતો જતો હોય અને બીજી તરફ સમાજ સ્વાર્થી, કંજુસ ને કાયર બનતો જતો હોય તો કયાંઈક પણ દંભ કે કપટ છે એમ માની ચિકિત્સા કરજો. જે સમાજમાં ધાર્મિકતાનો પ્રકાશ હોય ત્યાં અંધકાર રહી જ ન શકે. ધાર્મિકોની મોટી સંખ્યા હોવા છતાં જો સમાજમાં સ્વાર્થ ને સંકુચિતતાના અખાડા જામી પડ્યા હોય તો કાં આપણે સમાજનું મહત્વ ભૂલ્યા છીએ અને કાં તો આપણી ધાર્મિકતાનો રંગ કાચો હોવો જોઇએઃ એમાંથી એક અનુમાન ઉપર આવવું પડે. ધર્મક્રિયાઓ અથવા તો વિવિધ યમ-નિયમોના પ્રતાપે આખો સમાજ દેદિપ્યમાન બનવો જોઈએ. વ્યક્તિની સાધના ક્રમે ક્રમે સમાજના

પ્રાણસ્વરૂપ બનવી જોઇએ. આપણી ધર્મપરાયણતાએ આસપાસના વર્ગમાં એવી ભાવનાની ચીણગારી પ્રકટાવવી જોઈએ.

આજે સમાજ ધર્મથી અલગ પડી ગયો છે. સમાજમાં પણ નાના મોટા વાડા અને તડા પડી ગયા છે. મતભેદ અને વિવાદ પણ ધૂંધવાઈ રહ્યા છે. સમભાવ વિસ્તારવાની આપણી પાસે દેવદુર્લભ સંજીવિની હોવા છતાં-ભ્રાતૃભાવ અને સહિષ્ણુતાની આટઆટલી અણમૂલી ઔષધીઓ હોવા છતાં આપણો સમાજ આટલો વિભક્ત, દુર્બળ અને ભીરુ કેમ દેખાય છે? સમાજ રત્નની ખાણ છે એ ભૂલી જવાયું છે. ધર્મ અને સમાજ એ બન્નેના યોગથી આખું અંગ બને છે એ વાત તરફ આપણું દુર્લક્ષ થયું છે. એટલે જ સમાજરૂપી પડખું પક્ષાઘાતથી પીડાઈ રહ્યું છે. પશ્ચિમના મુલકોમાં ધર્મ કરતાં પણ સમાજ વધુ પ્રધાનતા ધરાવે છે. કોઈ શ્રીમંતને સારી કળાસામગ્રી પ્રાપ્ત થાય, નવીન અદ્ભૂતતા મળી આવે તો તે એમજ માનશે કે એની ઉપર સમાજનો પ્રથમ હક્ક છે. સમાજની પ્રતિષ્ઠિત સંસ્થાને જ તે સમર્પણ કરશે. એમની સામાજિક સંસ્થાઓ જોનારા પ્રેક્ષકો ઘડીભર ચકિત બની જાય છે. આપણે સમાજ-દેહની અવગણના કરી છે. આપણા સમાજના દીન, મધ્યમ સ્થિતિના ભાઈઓની આપણે કવચિત્ જ સંભાળ લઈએ છીએ, સમાજના બાળકોનો ભાવ પણ ભાગ્યે જ પૂછીએ છીએ, સમાજમાં રૂઢીની જડતા કે વહેમોનું કેટલું પ્રાબલ્ય છે, કયાં આગળ કેટલી અંધશ્રદ્ધા અને કાયરતાના થાણા જામ્યા છે તે જોવાની

પણ ભાગ્યે જ કોઇને ફુરસદ હશે, જાણે કે અંગનું એક અવયવ છૂટું પડી ગયું હોય તેમ આપણો સમાજ અલગ પડી ગયો છે. એ જીવે છે અને ગતિ પણ કરે છે, પરંતુ દેશ-કાળના પ્રવાહમાં ઘસડાયા વિના નથી રહેવાતું તેથી જ તે ગતિશીલ અને જીવંત લાગે છે. બાકી એનામાં પ્રાણશક્તિનું જે બળ હોવું જોઇએ, પુરુષાર્થનો જે ઉલ્લાસ ધબકવો જોઇએ, યમ-નિયમની જે સ્વર્ગીય છટા છવાઈ જવી જોઇએ તેવું કંઈ દેખાતું નથી. આવો સમાજ થોડો વખત ટકે તો પણ એ પોતાનો પ્રભાવ શી રીતે પાડે? જેનો ધર્મ પ્રાણવાન હોય તે ધર્મના અનુયાયીઓનો સમાજ પણ એટલો જ પ્રાણવાન હોય. સમાજ આપણી પારાશીશી છે. ધાર્મિકતામાં યથાર્થ રંગ કે આતાપ કેટલો આવ્યો તે સામાજિક સંબંધોમાં દેખાઈ આવવો જોઇએ. તમે વિદ્વાન હો કે ધનવાન હો, તપસ્વી હો કે કર્મયોગી હો પણ ધર્મકરણી તેમજ ધાર્મિક ગુણવૃદ્ધિની સાથે સમાજના સંગઠન અને સંપ, સમાજની કુશળતા અને કેળવણી તરફ તમારી દૃષ્ટિ જવી જોઇએ. સામાજિક સંપ, સંગઠનની કીંમત સમજાશે એટલે સમાજમાંથી જ એવા ઉદ્દાર, સેવા-ભાવી પુરુષો પાકશે કે જે ધર્મ અને સમાજને એક સૂત્રે બાંધી, બીજા બંધુ સમાજોને એક નવો આદર્શપાઠ ભણાવશે.

# તપ અને જ્ઞાન

શ્રમણ સંઘે તપનો જેટલો મહિમા વર્ણવ્યો છે અને આજે પણ પૂર્વકાલીન ગૌરવ ઈતિહાસનો વિષય બનવા છતાં તપની સાથેનો જે સંબંધ શ્રમણસંઘે સાચવી રાખ્યો છે તે જોતાં તપશ્ચર્યા શ્રમણસંસ્કૃતિની એક મૌલિક વસ્તુ છે એમ કહ્યા વિના ન ચાલે. તપ અને જ્ઞાનનો આવો સરસ સમન્વય એ જૈન સંઘની વિશેષતા છે. તપસ્વીતા તો પૂર્વે પણ હતી પણ એને વિશુદ્ધ બનાવવા અને વિકસાવવા સંઘના પુણ્યશાલી પૂર્વપુરુષોએ જે ભગીરથ પ્રયત્ન કર્યો છે તે માટે સર્વ સંપ્રદાયો જૈન સંસ્કૃતિના ઋણી રહેશે એમ કહું તો તેમાં અતિશયોક્તિ નહિ થાય. ઈતિહાસનાં પ્રથમ કિરણ ભારતીય સંસ્કૃતિના આકાશપટ ઉપર પ્રકટે છે તે વખતના તપોવનો અને આશ્રમોનું સ્મરણ કરો. ભગવાન મહાવીરના વિહારક્રમમાં ઘણે સ્થળે આવા આશ્રમોના ઉલ્લેખ આવે છે. તપની પ્રધાનતાને લીધે જ એ આશ્રમો તાપસોના કહેવાયાં છે. ભગવાન મહાવીર દીર્ઘ તપસ્વીનું બિરુદ પામ્યા છે, પણ એમની પહેલાં પાર્શ્વનાથ પ્રભુના સમયમાં પંચાગ્નિ–તાપ વેઠતા એક

યોગીનું ચિત્ર આપણી નજરે ચડે છે. પાર્શ્વપ્રભુએ કમઠની નજર સામે બળતા લાકડામાંથી સર્પનો ઉદ્ધાર કર્યો અને તેને અજ્ઞાન કષ્ટની વ્યર્થતા સમજાવી એ હકીકત સૌ જાણે છે. ગૌતમ બુદ્ધદેવે પણ એક સ્થળે ઘણી ઘણી તપશ્ચર્યાઓ કરેલી એમ પોતે જ કહે છે. આ બધાં વર્ણનો ઉપરથી ભારતીય સંસ્કૃતિમાં તપશ્ચર્યાનું સ્થાન તો હતું જ એ નિર્વિવાદ વાત છે. ગૌતમ બુદ્ધ જ્યારે તપમાં જરા નરમ પડયા ત્યારે એમના માનીતા શિષ્યો પણ એમનો સંગ છોડીને ચાલ્યા ગએલા. એમને એમ જ લાગેલું કે જેણે તપશ્ચર્યામાંથી દિલ ચોરી લીધું તે પોતાનું કલ્યાણ શી રીતે કરવાનો હતો? અંગીરસ નામના ઋષિ પણ ઘોર તપસ્વી હતા એમ કહેવાય છે. જેઓ કોઈ પણ મહદ્ આશયથી પ્રેરાયેલા હતાં, જેઓ કંઇક પણ સિદ્ધિ મેળવવા ઉત્સુક હતા, જેઓ આ લોક અને પરલોકની સમસ્યા ઉકેલવા ઇંતેજાર હતા તેઓ બધા તપશ્ચરણથી જ ખરો માર્ગ લાધશે એમ માનતા. આમાં મોટો ભાગ અજ્ઞાનકષ્ટ–કાયકલેશનો હતો. દેહદમન સાથે અહિંસા, વિવેક, સંયમનો મેળ બેસવો જોઈએ એ વાત આ તપસ્વીઓમાંથી બહુ થોડાના ધ્યાનમાં આવી હશે. ગૌતમબુદ્ધ તો વધુ પડતી તપશ્ચર્યાનો નિષેધ કરવાને પ્રેરાયા હતા. ભ૦ મહાવીરે એ તપની પરંપરાને જાળવી રાખી એટલું જ નહિ પણ એને વિશુદ્ધ કરી. બીજી બાજુ જેઓ જ્ઞાનમાર્ગની આરાધના કરતા હોવાનો દાવો કરતા હતા અને

ધીમે ધીમે દંભ કે પાખંડમાં લપસતા જતા હતા તેમને ભગવાન મહાવીરે પોતાના જ્વલંત દૃષ્ટાંતવડે નવો જ પ્રકાશ આપ્યો. સામાન્ય રીતે બાહ્ય, ઉગ્ર તપશ્ચર્યા તરફ લોકોનું વધારે ધ્યાન જાય છે. એક માણસ પ્રખર સૂર્યકિરણોની વચ્ચે ઊભો રહીને તપ કરતો હશે, એક હાથ ઊંચો રાખીને કે એક પગ અદ્ધર રાખીને દિવસોના દિવસો વીતાવતો હશે તેને જોવા લોકોનાં ટોળાં ભેગાં થશે. એ તપસ્વી પણ પોતાને ધન્ય માનશે, પરંતુ એ બાહ્ય તપની પાછળ જો કોઈ પ્રકારની અંતરંગ વિશુદ્ધિ, વિવેક કિંવા આત્મરતિ નહિ હોય તો તેની કોડી જેટલી પણ કીમત નહિ અંકાય. પ્રાચીન યુગમાં વિદ્યાર્થીઓ ગુરુઓના આશ્રમે અભ્યાસ કરવા જતા. ત્યાં તેઓ બ્રહ્મચર્ય પાળતા અને સાદામાં સાદું જીવન વીતાવતા. આશ્રમનાં ઘણાં મહેનત–મજૂરીનાં કામ પણ એ બ્રહ્મચારીઓ જ કરતા. ત્યાં શ્રીમંત કે ગરીબનાં સંતાન જેવા ભેદ ન હોતા. આચાર્ય સૌ પ્રત્યે સમદૃષ્ટિથી નિહાળતા. વિદ્યાર્થીઓ એ રીતે જે નાના–મોટા તપ આદરતા તેથી તેમની વિદ્યા પણ પોતાનું અને પરનું કલ્યાણ કરવા સમર્થ બનતી. તપશ્ચર્યા વિનાનું તત્ત્વજ્ઞાન કેવળ શુષ્ક પાંડિત્ય બની જાય છે. તત્ત્વજ્ઞાનની સાથે આચરણનો મેળ તો બેસવો જોઇએ ને? એક માણસ બુદ્ધિમત્તામાં, ધારો કે, બૃહસ્પતિની સાથે હરિફાઇ કરતો હોય, પણ જો એના આચરણમાં તપની વિશુદ્ધિ ન પ્રવેશી હોય તો એ પાંડિત્ય શું કામનું? જ્ઞાન એક પ્રકારની શક્તિ છે. શક્તિનો

ઉપયોગ અત્યાચાર ગુજારવામાં થાય તો એ શક્તિ ભયંકર રૂપ ધરે. તે જ પ્રમાણે જ્ઞાનને તપનો પટ મળે તો તે મહાઉપકારી બને એ સહેલાઇથી સમજાય તેવી વાત છે. જ્ઞાન તપથી શોભે છે.

તપથી એટલે કે આચરણથી છેક અલગ પડી ગએલા જ્ઞાન–વિજ્ઞાનની ભયંકરતા જોવી હોય તો જરા યુરોપના દેશો તરફ નજર કરો. અત્યારના યુદ્ધની વાત જવા દ્યો. પણ જે સ્વતંત્ર રાષ્ટ્રો ગણાય છે તેમને બીજા રાષ્ટ્રોની કેટલી બીક રહે છે? જાપાન રશીયાથી ચેતતું રહે છે. જર્મની ફ્રાંસ અને બ્રીટનથી બીતું રહે છે: મિત્રો વચ્ચે પણ ખુલ્લા દિલે વાતો કરતાં સંકોચ રાખવો પડે છે. એક જણે તો એટલે સુધી કહ્યું છે કે–જ્ઞાન અને વિજ્ઞાનમાં આગળ વધેલા કહેવાતા દેશોને, બોંબગોળા પાસે રાખીને લશ્કરી તૈયારી સાથે ભોજન કરવા બેસવું પડે છે–ઓશીકે પીસ્તોલ રાખીને સૂવું પડે છે. છુપી બાતમી, છુપી પોલીસ, છુપી તૈયારીઓ જ એમના જીવનની શાંતિ જાણે કે ભરખી જાય છે. આ બધું જોતાં એકલું જ્ઞાન દુનિયાને માથે ઘોર સંકટરૂપ હોય એમ નથી લાગતું? એટલે જ આપણા પ્રાતઃસ્મરણીય પુરુષોએ જ્ઞાન અને તપને સહોદર જેવા ગણ્યા છે.

તપ જ્ઞાનપ્રાપ્તિમાં કારણરૂપ છે એટલું જ નહિ પણ જ્ઞાનને પચાવવામાં તપ ઘણો મોટો ભાગ ભજવે છે. જ્ઞાનના અજીર્ણનું મારણ તપ જેવું બીજું નથી. શ્રદ્ધાની સાથે જ્ઞાનને જેટલો નિકટનો સંબંધ છે તેટલો જ તપની

સાથે પણ છે. એમ કહેવાય છે કે છ તપસ્વીઓ એક દિવસે એક મોટા જ્ઞાની પાસે ગયા અને પોતે જિજ્ઞાસુ છે એમ કહીને વધુ જ્ઞાન માટે અરજ કરી. પેલા જ્ઞાનીએ જવાબ આપ્યો: "આપ બધા મહાતપસ્વીઓ છો એ હું જાણું છું, પરંતુ હજી તમારે એક વરસ સુધી શ્રદ્ધાપૂર્વક તપશ્ચર્યા અને બ્રહ્મચર્યપૂર્વક અહીં રહેવું પડશે. એ પછી ખુશીથી તમારે જે કંઈ પૂછવું હોય તે પૂછજો–અમે જાણતા હોઈશું તે તમને ખુલ્લા દિલે કહીશું." આ રીતે તપનો મહિમા જ્ઞાનથી જરાયે ઉતરતો નથી. અને એકલી શ્રમણસંસ્કૃતિએ જ એ સ્વીકાર્યો છે એમ પણ નથી. શ્રમણસંસ્કૃતિએ એને આત્મસુખી બનાવવાની કેટલી કાળજી રાખી છે તે તેના અંતરંગ તપના વિવરણ ઉપરથી જોઈ શકાય છે. આજે બાહ્ય તપ તરફ આપણો વધુ ઝોક છે–બાહ્ય તપ સાથે અંતરંગ તપનો ભાવ ભાગ્યે જ કોઈ સુભાગી–શ્રદ્ધાળુ પૂછતો હશે.

અંતરંગ તપ, તપસ્વીને આત્મસન્મુખ બનાવે છે, પણ એ ઉપરથી બાહ્ય તપનો નિષેધ કરવામાં આવે છે એવો અર્થ નથી કાઢવાનો. અંતરંગ વિશુદ્ધિમાં જે માનતો હોય–આંતરશુદ્ધિ જેનું ધ્યેય હોય તેને પણ બાહ્ય તપ ઉપયોગી અને ઉપકારક છે જ. સામાન્ય જનસેવાના કાર્યમાં એ બાહ્ય તપના અવલંબન વિના એક ડગલું પણ આગળ ન ભરાય. ઉપવાસ, ઊણોદરી, રસત્યાગ જેવાં તપ જેમ એક રીતે આરોગ્ય અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ હિતકારી છે તેમ લોકસેવાના ક્ષેત્રમાં એટલા જ અસરકારક છે. લોકસેવકને ઘણી વાર ભૂખ, તરસ,

ટાઢ, તડકો, થાક પ્રસન્ન વદને વેઠી લેવાં પડે છે. સેવાધર્મ તો યોગીઓને માટે દુષ્કર છે એમ કહેવાય છે, પરંતુ જેણે પોતાના દેહ ઉપર તપશ્ચર્યાનું બખ્તર પહેર્યું હોય તેને ભૂખ, તરસ, ઉજાગરા મૂંઝવી શકતા નથી. લોકકલ્યાણના વ્રતધારીઓને કોઈ કોઇ વાર લૂખા-સૂકા અન્ન ઉપર નિર્વાહ કરવો પડે છે, વરસતા વરસાદમાં કે ધોમ ધખતા બપોરે પગપાળા મુસાફરી કરવાના પ્રસંગ આવે છે. આવે વખતે જેણે બાહ્ય તપશ્ચર્યાની વૃત્તિ કેળવી હોય છે તે આવી કસોટીઓમાંથી આરપાર નીકળી જાય છે. એનો સેવામંદિરનો દીપક તોફાની પવનના સુસવાટામાં પણ ઓલાતો નથી-એ નિરાશ કે નિરુત્સાહ નથી બની જતો. જ્ઞાનપ્રચારના સાધકોને પણ ડગલે ને પગલે બાહ્ય તપ આદરવો પડે છે. શ્રમણસંસ્કૃતિના ધુરંધરો-મુનિપુંગવો તો તપશ્ચર્યાથી એવા કસાએલા હોય છે કે ગમે તે પ્રાંતમાં, ગમે તેવી વિકટ પરિસ્થિતિ વચ્ચે પણ પરમ પ્રસન્નપણે વિહરી શકે છે. બાહ્ય તપનું આટલું મૂલ્ય છે એટલે તો એનો આદર સૌ કોઈ કરે છે.

બાકી ખરી વાત આંતર તપની છે. બાહ્ય તપ જો સુવર્ણ છે તો અંતરંગ તપ સુવાસ છે. સુવર્ણની ચમક સંકુચિત મર્યાદામાં રહે છે, જ્યારે સુવાસ તો દિશાઓને વીંધીને દૂર દૂર ચાલી જાય છે. અજ્ઞાન કષ્ટ તો નથી સુવર્ણ કે નથી સુવાસ, પણ કથીર સમાન છે. બાહ્ય તપની અંદર જે સહનશીલતા છે તે ઘણી મૂલ્યવાન વસ્તુ છે.

સૂકા કે લૂખા ભોજન ઉપર નિભાવ કરનાર, જાડાં કે રજથી ભરેલાં વસ્ત્રો પહેરવા છતાં મસ્તીમાં રહેનાર અને ગમે તે સ્થાને પડી રહેવા છતાં પોતાના આત્મહિત કે લોકહિતના આદર્શમાં અવિચળ શ્રદ્ધા સેવનાર, આસપાસના સમુદાયમાં સહેજે પોતાની છાપ પાડે છે, પણ તે સાથે જો તેનામાં અંતરંગ તપનો પ્રકાશ ભળ્યો હોય તો તેની અસર વર્ષો વીતવા છતાં ભૂંસાતી નથી. જેનાથી હૃદયની વિશુદ્ધિ બને એ તપ તો શાશ્વત પ્રદીપ સમાન છે.

આ અંતરંગ તપના આપણા શાસ્ત્રકારોએ પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય અને સ્વાધ્યાય જેવા છ ભાગ પાડ્યા છે તે તમારામાંના કેટલાકો તો જાણતા જ હશે. પ્રાયશ્ચિત્ત ભૂલ અથવા પાપનું જ હોઇ શકે. એવો કોઈ સેવક કે સાધક ભાગ્યે જ હશે કે જે એમ કહી શકે કે મારાથી ભૂલ અથવા સ્ખલના કદિ થાય જ નહિ. પ્રમાદ–દોષથી ભરેલો માનવી ગમે તેટલી સાવચેતી રાખે તો પણ તેનાથી ભૂલ થયા વિના ન રહે. ભૂલ થવી સ્વાભાવિક છે, પણ એક ભૂલને છુપાવવા બીજી ભૂલ કરવી, ભૂલોની પરંપરા ઊભી કરવી અને પોતાના ઘમંડ, અભિમાનને પોષવા દાંભિકતાની જાળ બીછાવવી એના જેવી ભયંકરતા, આત્મહત્યા બીજી નથી. આપણે જ્યારે બીજાની ભૂલ જોઇએ છીએ અને ભૂલના બચાવ માટે ખોટાં ફાંફાં મારતો નીહાળીએ છીએ ત્યારે આપણને એવા માણુસ પ્રત્યે તિરસ્કાર ભલે

ન આવે પણ દયા તો જરૂર સ્ફુરે. આપણી સ્ખલના વિષે પણ બીજાઓના મનમાં એવી જ વૃત્તિ જન્મતી હશે તે કલ્પી શકાય. સરળ, નમ્ર માણસ પોતાની ભૂલ તત્કાળ જોઈ લે છે અને ભૂલ જોયા પછી તેનું પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર થાય છે. આપણામાંના કેટલાકો એમ માની બેઠા હોય છે કે અમારામાં અભિમાન કે હુંપદ હશે તો અમને ભારે પડશે, એમાં બીજાઓને શું ? સાચી વાત તો એ છે કે અભિમાન જેવો, સમાજનો હિતશત્રુ બીજો નથી. તમે ગમે તેટલા ધનવાન હો, ગમે તેટલા વિદ્વાન હો પણ જો તમારું હૃદય અભિમાનથી ભર્યું હશે તો તમારું બહુમૂલું દાન પણ અહંકારને લીધે મલિન બનશે. દાન તો કદાચ સમાજ સ્વીકારી લેશે, પરંતુ એ દાનની સાત્ત્વિકતા ઊડી જશે. આજે આપણા સમુદાયમાં દાનેશ્વરીઓ, ઉપદેશકો અને પંડિતોનો છેક અભાવ નથી. તેઓ સમાજને ઘણી સારી વસ્તુઓ ધરે છે, પણ એ બધાનો સરવાળો કરશો તો પરિણામ શૂન્યમાં જ આવશે. અભિમાનની જ એ વિટંબના છે. જ્યાં અભિમાન નથી, નમ્રતા દીનતા અથવા આર્દ્રતા હોય છે ત્યાં નાનામાં નાનું દાન પણ દીપી નીકળે છે, સમાજ માથું ઝુકાવીને તેનો સ્વીકાર કરે છે. આપણા ઘણા નાના–મોટા ઝગડાના મૂળ જોઈશું તો અભિમાનમાં જ પડયા દેખાશે. સગા ભાઈઓ અને સાધર્મીઓ વચ્ચે પણ દ્રવ્ય કે માલ–મીલ્કતની ખાતર નહિ પણ માત્ર અભિમાનની ખાતર મોટા વિવાદ અને ભેદ પડી ગએલા દેખાશે. આ અભિમાન વિષધરને

નિવારવા માટે પ્રાયશ્ચિત જેવી બીજી એકે અમોઘ સંજિવીની નથી. પોતાની નાનામાં નાની ભૂલને પણ મેરુ સમાન માનવી અને પ્રકટપણે તેનું પ્રાયશ્ચિત્ત કરી નિર્મળ બની જવું એ એક પ્રકારનો આભ્યન્તર તપ છે. બીજા નાના–મોટાં તપ તો તમે ઘણી વાર કર્યાં હશે, પરંતુ આ આભ્યન્તર તપનો પરચો તો લઇ જુઓ ! તમારી જીવનદૃષ્ટિ જ બદલાઈ જશે. સમાજમાં જો આ આભ્યન્તર તપનું ચલણ થઈ જાય તો દંભ અને છલ–પ્રપંચ પણ પળવારમાં ધોવાઈ જાય.

વિનય આભ્યંતર તપનો બીજો પ્રકાર છે. વિનય અથવા નમ્રતા પોતે જ તપરૂપ છે. જે ખરેખર વિનયી–નમ્ર હોય છે તે કોઈની પણ અવગણના નથી કરતો. વિનયીના આંતર દ્વાર હંમેશા ઊઘાડા જ રહે છે. સત્ય અને જ્ઞાનના સુવર્ણ કિરણો વિનયીના અંતરને હંમેશા અજવાળતાં રહે છે. બીજાઓ પ્રત્યે તુચ્છતા દાખવનારના હૈયામાં અજ્ઞાન, દંભનો અંધકાર સતત ઘેરાયેલો રહેતો હોવાથી, ત્યાં બીજા પણ પાપના જીવાણુઓ પેદા થાય છે. પરંતુ વિનયી તો સૌ કોઈને આદર આપતો હોવાથી નમ્રભાવે, જિજ્ઞાસાભાવે જ્ઞાનીઓ–ચારિત્રશાળીઓ પ્રત્યે ભક્તિભાવ ધરાવતો હોવાથી જાણ્યે અજાણ્યે પણ માનસિક તેમજ આધ્યાત્મિક સ્વાસ્થ્ય કેળવતો હોય છે. વિનયીને કંઈ ગુમાવવા જેવું નથી હોતું. આભ્યન્તર તપના ઉપાસક તરિકે વિનયી માણસ કોઇની ખોટી ખુશામત નથી કરતો. એ તો જ્યાં જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, વિરાગ જુએ ત્યાં ત્યાં નમી પડે છે. એ રીતે

બીજાના પ્રકાશમાંથી પોતાનો આત્મદીપક ચેતાવે છે.

શક્તિશાલીઓ કે અધિકારીઓનો વિનય તો સૌ કોઇ કરશે-સામે ચાલીને તેમનું સ્વાગત કરશે. જેના પ્રતાપે પ્રતિષ્ઠા અને પૈસાની વૃદ્ધિ થાય તેને પણ સૌ કોઈ સત્કારશે. પરંતુ વિનય ગુણનો ઉપાસક-તપસ્વી એવી માયાથી નહિ અંજાઈ જાય. વેષ કે બાહ્ય ચિન્હો ને એ વધુ પડતું મહત્ત્વ નહિ આપે. જ્ઞાનનો આરાધક, લોકકલ્યાણનો પુરસ્કર્ત્તા, કે વૈરાગ્ય રંગનો ઉપાસક જ્યાં જ્યાં એ વસ્તુઓ જોશે ત્યાં ત્યાં એનું વિનય-તરબોળ હૈયું ભક્તિભાવથી થડકી ઉઠશે.

આ વિનય આપણા સમુદાયમાં ઠીક ઠીક અંશે છે એમ તમને લાગશે, પણ જ્યાં સ્ફટિક સરખો શુદ્ધ વિનય તપ આચરાતો હોય ત્યાં વાડાબંધી ન હોય, ત્યાં ચોકા કે ચોરા પણ ન હોય એ વાત લક્ષમાં રાખવાની છે. વિનયની દૃષ્ટિ જેટલી શુદ્ધ તેટલી જ વેધક હોય છે. વિનયી જ્ઞાની અને તપસ્વીનો, અધ્યાત્મી અને લોકહિતૈષીનો એકસરખો આદર-સત્કાર કરશે, પણ તે રૂઢી કે અર્થહીન પરંપરાનું દાસત્વ તો નહિ જ સ્વીકારે. અંધશ્રદ્ધા, ભય કે વહેમને વિનય-તપની સાથે કંઇ સગપણ નથી.

વૈયાવચ્ચ એટલે કે સેવાઃ-દુઃખીઓની, ગરીબોની, તપસ્વીઓની, જ્ઞાનીઓની સેવા એ પણ આભ્યન્તર તપ છે. તપને જેઓ શુષ્ક અને શૂન્યમય માનતા હોય તેમણે આ વૈયાવચ્ચની તપસ્યાનો શાંતિથી વિચાર કરવો જોઇએ. તપનું આવું


સુંદર પૃથક્કરણુ અને સ્પષ્ટીકરણુ જૈન ગ્રંથો સિવાય ભાગ્યે જ તમને બીજે કયાંઈ મળશે. જૈનધર્મ કેટલો ઉદાર અને વિશ્વ પ્રેમી છે તે આ તપના ભેદ ઉપરથી તમે જોઇ શકશો. આજે જો કે સાધુ–મુનિરાજની સેવા–સુશ્રુષા ને ભક્તિનો જ માત્ર વૈયાવચ્ચમાં સમાવેશ કરવામાં આવે છે અને એને લીધે જ વૈયાવચ્ચ શબ્દ સાંભળવાનો સુયોગ સાંપડે છે, પણ એનો આશય તો જ્યાં જ્યાં સંયમ, વિરાગ, તપ, નિયમ આદિને જીવનમાં પ્રધાનતા મળતી હોય ત્યાં ત્યાં આ વૈયાવચ્ચને માટે માર્ગ ખુલ્લો કરી આપવાનો છે. જે તપસ્વીઓએ પોતાના આત્મશ્રેય માટે સંસારત્યાગ કર્યો હોય તેઓ સમાજના શિરોધાર્ય છે, એમની શાંતિ અને સંયમયાત્રા ચાલુ રહે તે માટે સૌ કોઈએ એમની યથાયોગ્ય સેવા–સુશ્રુષા ઉપાડી લેવી જોઇએ, તે જ પ્રમાણે જેઓ દીન છે, બીમાર છે, અશકત છે, જેઓ સમાજ કે રાષ્ટ્રના ભલા માટે પોતાના પ્રાણુની પણ પરવા નથી કરતા તેઓ આ પ્રકારની વૈયાવચ્ચના અધિકારી છે. અમુક ગુણો અમુક વેશના આશ્રયે કે અમુક પ્રદેશને અવલંબીને જ રહે એવો નિયમ નથી. વિશ્વસેવાના માર્ગ અને પ્રકાર પણ બદલાતા જ રહેવાના. આપણે જોવાનું છે તે એટલું જ કે જ્યાં જ્યાં સેવાભાવના હોય, વિરાગ હોય, વિશ્વહિતની વાંછના હોય ત્યાં ત્યાં આપણી ભકિત અને વૈયાવચ્ચને અવકાશ છે.

આ વૈયાવચ્ચ કે ભકિતથી આપણે કોઇની ઉપર ભારે અહેશાન કરીએ છીએ એમ માનવું એ ઘમંડ છે. બાહ્ય

તપથી જેમ બહારની નિર્મળતા, સ્વસ્થતા સ્વતઃ પ્રાપ્ત થાય છે તેમ અંતરંગ તપથી હૃદયની સુકુમાર વૃત્તિઓ ખીલે છે. તપ એટલે નરી શુષ્કતા અને વિલાસ એટલે રસિકતા એવી ભ્રમણા દિલના ખૂણામાં જો છુપાઇ બેઠી હોય તો કાઢી નાખજો. સેવાભાવીઓ અને સંયમીઓ બહારથી કઠોર દેખાય છે, પણ એ તો એમનું બહારનું આવરણ માત્ર હોય છે–વિલાસીઓનું એવું આવરણ રંગીલું–રસભીનું દેખાય છે, પણ ખરી રીતે ત્યાં ચિંતા અને ગ્લાનિની ભઠ્ઠીઓ જ ધગતી હોય છે. સંયમી અને સેવાભાવીના અંતરમાં તૃપ્તિ અને શાંતિનાં અમી ઉભરાતાં હોય છે. વાણીથી એ સ્થિતિ સમજાવવાનું લગભગ અશકય છે.

આત્મશુદ્ધિ માટે જ્ઞાન જેટલું ઉપયોગી છે તેટલો જ બાહ્ય અને આભ્યંતર તપ ઉપકારક છે. આભ્યન્તર તપની આજે અવગણના થઈ રહી છે તેથી તેની ઉપર અહીં ખાસ ભાર મૂકયો છે. સમુચ્ચયે તો એમ જ કહેવું જોઈએ કે તપ અને જ્ઞાન સીક્કાની બે બાજુઓ છે. તપશ્ચરણ–જ્ઞાનપૂર્વકનું તપશ્ચરણ વ્યકિતને જેમ વિશુદ્ધ બનાવે છે તેમ સમાજ અને રાષ્ટ્રના અંતરમાં પણ અદ્ભૂત બળ ભરે છે. તપ જ જ્ઞાનને પચાવે છે અને અધિકાધિક શકિતશાલી બનાવે છે. તપને નર્યું દેહદમન ન માનજો. જ્ઞાનને પણ માત્ર બુદ્ધિનો વૈભવ માનીને બેસી ન રહેતા. તપથી વાસનાના અંતરાયો ટૂટે છે અને અંતરમાં ધીખતો જ્ઞાનરાશિ પોતાની દીપ્તિ પ્રકટાવે છે. ઉપનિષદકારોએ તપની મુકત કંઠે સ્તુતિ કરી છે. એમણે

એટલે સુધી કહ્યું છે કે–તપની સહાયથી બ્રહ્મને જાણો અને આખરે તપ એ જ પરમેશ્વર છે એમ કહીને તપના માહાત્મ્ય ઉપર કળશ સ્થાપ્યો છે. જૈન સંસ્કૃતિએ તપને જીવનમાં ઉતારવાની, વિશુદ્ધિ કેળવવાની વ્યવહારિક દિશાઓ બતાવી છે. તપ અને જ્ઞાનનો સુમેળ એનું જ બીજું નામ વિશ્વમૈત્રી, વિશ્વકલ્યાણ અને માનવજીવનનું સાર્થક્ય.



# ભાવશૂન્ય ક્રિયા

**ભક્તામર** અને કલ્યાણમંદિરના માહાત્મ્યથી કોઇ શ્રાવકસંતાન અજાણ્યો હોય એ લગભગ અસંભવિત છે. બન્ને સ્તોત્રોમાં ભક્તિરસનાં ઝરણ જાણે કે બે કાંઠામાં ઉભરાય છે. અર્થના ચિંતન સાથે જો એનો પાઠ કરવામાં આવે તો ગમે તેવું શુષ્ક હૃદય પણ ભગવદ્‌ભક્તિથી તરબોળ થઇ જાય–હૃદયના ખૂણે ખૂણામાં સંઘરાયેલો મળ ધોવાઈ જાય. શ્રમણ સંસ્કૃતિની ઉપાસના એટલે શું તે વિષે આ સ્તોત્રમાં થોડો નિર્દેશ છે. બીજાઓ પ્રભુની ભક્તિ અને ઉપાસનામાં, ધ્યાન અને ધારણામાં માને છે–પ્રભુની કૃપા યાચે છે અને એ રીતે ભવસમુદ્ર તરી જવા ઇચ્છે છે. આપણી જૈન ઉપાસના એ જ પ્રકારની હોવા છતાં શલીમાં કેટલેક અંશે જુદી પડી જાય છે. જિનદેવની ઉપાસના એટલે શું એ સમજવા આજે આપણે થોડો પ્રયાસ કરીશું.

કેટલાકો પોતાના ઇષ્ટદેવને પ્રસન્ન કરવા સવાર–સાંઝ અંજલિઓ અર્પે છે, કોઇ કોઈ વ્યાકુળ કંઠે કરગરીને એક વાર એમના માત્ર દર્શન કરવા વાંછે છે અને પ્રભુના

ચરણમાં સ્થાન મળતું હોય તો બીજું કંઇ જોઇતું જ નથી એવી ભાવનાથી ઇષ્ટદેવને રીઝવવા સોળ સોળ પ્રકારની પૂજાઓ રચે છે. જૈન સિદ્ધાંત પ્રભુની સ્તુતિમાં માને છે–પ્રભુના ગુણગાનથી એ અંશો ઉપાસકમાં ખીલે એ પ્રકારનો ક્રમવિકાસ કબૂલ રાખે છે: પણ એ સાથે એક વાત ઉપર ખાસ ભાર મૂકે છે:

यस्मात् क्रियाः प्रतिफलंति न भावशून्याः ।

એટલે કે ભાવશૂન્ય ક્રિયાઓ ગમે તેટલી કરો તો પણ ફળ ન આપે. કલ્યાણમંદિરમાં આપણે પોતે એ જ વાતનો મુકતકંઠે ઉચ્ચાર કરીએ છીએ—

आकर्णितोपि महितोपि निरीक्षितोपि,
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।
जातोस्मि तेन जगबान्धव दुःखपात्रं,
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ॥

હે ભગવન્ ! હે જગતબન્ધુ ! કોઈ પણ ભવને વિષે મેં તમને દીઠા હશે, પૂજ્યા હશે અને સાંભળ્યા પણ હશે; છતાં હું દુઃખનું ભાજન, દુઃખને પાત્ર કેમ થયો ? ભગવાનના એક વાર જેણે દર્શન કર્યાં હોય, પૂજ્યા હોય અને સાંભળ્યા હોય તેને સંસાર કઈ રીતે પજવી શકે ? અને પજવે તો પ્રભુના દર્શન–શ્રવણ નકામાં જ ગયાં ગણાય ને ? અન્ય દર્શનો તો એક વાર એવા સીધા સાક્ષાત્કારથી પ્રાણી

તરી જાય–એને કંઇ ઉપાધિ જ ન રહે એમ કહે છે, તો પછી તમારા દર્શન પામવા છતાં મારી આવી શોચનીય સ્થિતિ કેમ ? ભક્તિથી મેં આપને મારા ચિત્તમાં સ્થાન નહિ આપ્યું હોય એમ કદાચ કોઇ કહે તો તે પણ ઠીક નથી. આપને જોયા–સાંભળ્યા પછી આપના પ્રત્યે ભક્તિ-ભાવ સ્ફુર્યા વિના રહે જ નહિ. એટલે કે મેં ચિત્તને વિષે આપને સ્થાપ્યા હશે, પણ પૂરેપૂરી શ્રદ્ધાથી કે પૂરેપૂરી ભક્તિથી નહિ આરાધ્યા હોય, નહિ ઉપાસ્યા હોય તેથી જ મારી આ દુર્દશા કાયમ રહી છે. હવે સમજાય છે કે ભાવશૂન્ય ક્રિયાઓ ફળતી નથી.

હે મુનીંદ્ર ! જો ખરેખરી ભક્તિ અને શ્રદ્ધાથી આપનું ધ્યાન ધર્યું હોય, હૃદયની શુદ્ધિ અને ઉલ્લાસ સાથે આપના નામમંત્રનું શ્રવણ કે ઉચ્ચાર કર્યાં હોય તો **किं वा विपद्-विषधरी सविधं समेति** ? શું આપદારૂપી સર્પિણી મારી નજીક ફરકી પણ શકે ?

એ જ સ્તોત્રમાં સ્તુતિકારે કહ્યું છેઃ

**हृद्वर्तिनी त्वयि विभो शिथिलीभवन्ति ।**
**जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ॥**

પ્રભો ! તમે જો હૃદયકમળમાં બિરાજેલા હો તો પ્રાણીના મજબૂતમાં મજબૂત ગણાતા કર્મબંધ પણ ઢીલાં થઇ જાય.

**सद्यो भुजंगममया इव मध्यभाग–**

मभ्यागते वनशिखिण्डिनि चंदनस्य-વનનો મોર આવે અને ચંદનવૃક્ષને વીંટળાઈ રહેલા નાગપાશ જેમ એકદમ ખસી પડે તેમ હે પ્રભો! જો તમારું ધ્યાન કર્યું હોય તો આકરાં કર્મબંધ પણ તત્કાળ ઢીલાં થઈ જાય.

કૂળધર્મ તરિકે વારસામાં આપણને જૈનધર્મ મળ્યો છે એ આપણું સદ્ભાગ્ય છે. કર્મરૂપી વીંટળાઈ વળેલા નાગબંધને શિથિલ કરે એવી ધર્મકરણી મળી છે તે પણ એક પરમ સૌભાગ્ય છે. આપણા બાળકો પણ નમોક્કાર મંત્ર જાણે છે. સામાયિક, પ્રતિક્રમણ, પોષધ, ઉપવાસ જેવી ધર્મક્રિયાઓ પણ ઘણા કરતા હોય છે પરંતુ એ ક્રિયાના મૂળ અર્થ અથવા રહસ્ય પાસે પહોંચનારા અને દિલમાં ભાવની દૈવી સમૃદ્ધિ ભરનારા તો કોઇ વિરલ જ હશે. જૈન સિદ્ધાંત, યંત્રવત્ ક્રિયાકાંડને બહુ ઉપાદેય નથી માનતો—તે તો ભાવમયતાને જ આત્મવિશુદ્ધિના હેતુરૂપ માને છે. સાત્ત્વિક ભાવનો છાંટો પણ ન હોય અને જીભ જિનેશ્વર ભગવાનનાં સ્તુતિસ્તોત્રો ઉચ્ચારતી હોય, ચિત્ત ક્યાંઈ ભટકતું હોય ને હાથમાંની નોકારવાળીના મણકા ફર્યા કરતા હોય તો તેનો શું અર્થ છે ? હા, કોઇ આશુતોષ હોય—એટલે કે આપણા સ્મરણ કે ઉચ્ચારણ માત્રથી વૈકુંઠ-માંથી કે હિમાલયના શિખર ઉપરથી ઉતરી આવતા દેવ, "માગ ! માગ ! ભક્તશિરોમણિ ! તારી ભક્તિથી પ્રસન્ન થયો છું," એમ કહેનાર નીકળી આવે તો એ જુદી વાત થઈ. મિથ્યાત્વની એવી વાતો તો આપણે ચર્ચતા જ નથી.

અહીં તો જિનેશ્વરદેવ, આરાધક કે ઉપાસકને પોતાની સમાન બનાવવાનું સામર્થ્ય ધરાવે છે–જેઓ રીઝતા નથી અને રીંસાતા પણ નથી તેમની ઉપાસનાની વાત થાય છે. એવા દેવાધિદેવની ભકિત, ઉપાસના, ધ્યાન, ધારણામાં ભાવની જ મુખ્યતા છે–ભાવશૂન્ય ક્રિયાના ફળની આશા રાખવી નકામી છે. એક આચાર્ય તો ભાવની શક્તિનું માહાત્મ્ય વર્ણવતા એટલે સુધી કહે છે કેઃ–

भावहीनस्य पूजादि तपो दानजपादिकम् ।
व्यर्थं दीक्षादिकं च स्याद् अजाकंठे स्तनाविव–

ભાવહીન પૂજા–ઉપાસના, ભાવહીન તપ–દાન–જપ અને ભાવહીન દીક્ષા પણ બકરીના ગળે ઝુલતા આંચળની જેમ નકામાં છે. જે શાસ્ત્રો અને ઉપદેશકો ભાવશુદ્ધિ, ભાવમયતા ઉપર પહેલેથી જ આટલો ભાર મૂકે છે તેના અનુયાયીઓમાં ભાવશૂન્યતા શી રીતે પ્રવેશી ? માત્ર ક્રિયા-કાંડ કે વિધિવિધાનમાં જ બધું સમાઈ જાય છે એવી માન્યતા ધરાવતા જાણ્યે અજાણ્યે આપણે કેમ થયા ? પહેલી વાત તો એ છે કે ભાવશુદ્ધિ ઘણી વિચારણા–ચિંતન–મનન માગી લે છે. જિનદેવપ્રરૂપિત ધર્મમાં જાગૃતિની પગલે પગલે જરૂર પડે છે. હે ગૌતમ ક્ષણનો પણ પ્રમાદ કરવાનો નથી એવી મતલબના જે ઉદ્ગારો રોજ રોજ આપણા કાન સાથે અથડાય છે એનું તાત્પર્ય એ જ છે કે–જૈન આચારો અને ઉપાસના વિગેરેમાં આત્મજાગૃતિ પ્રથમ આવશ્યક

છે. આંખો મીંચીને અમુક નિત્યનિયમ પતાવી દેવાથી કૃતકાર્ય થઈ જવાય એ પ્રકારની મૂઢતાને અહીં સ્થાન નથી. જિનેશ્વરદેવનો પ્રરૂપેલો ધર્મ એટલે ખડ્ગની ધાર ઉપર ચાલવા જેવું વિકટ કાર્ય છે. દરેક પળે સાધક એટલી સાવધતા ન રાખી શકે એ સમજાય એવી વાત છે. અને જ્યાં સમૂહ કે સમુદાયનો પ્રશ્ન આવે ત્યાં સૌ કોઈ એવી જાગૃત દશામાં હોય એમ ન મનાય. એટલે પણ ક્રમે ક્રમે ભાવહીનતા શ્રદ્ધાળુઓના અંતરમાં અડ્ડો જમાવીને બેસી જાય છે. એ એક જાતની માનવી નબળાઈ છે. એનો બચાવ ન થઇ શકે. પણ ઉપાસક જો આટલી એક જ વાતનો નિરધાર કરી લે કે ભાવશૂન્ય ક્રિયા કદિ ફળતી નથી તો બીજાઓની જેમ માત્ર પ્રવાહમાં ન તણાય. કોઈક દિવસે પણ ક્રિયા માત્રના હેતુ, રહસ્ય, ચિંતવવાનો અવકાશ મેળવે અને પોતે જીવનવિશુદ્ધિમાં કેટલી પ્રગતિ સાધી છે તેનો તોલ કાઢે. વેપારી જેમ દિવસને અંતે નફા–નુકશાનનો હિસાબ કાઢે તેમ સાધક પણ ક્રિયામાત્રની પાછળ કેટલી ભાવમયતા હતી તે જુવે–તપાસે.

બીજું કારણ એ પણ છે કે બંધુ સંપ્રદાયોની આપણી ઉપર વધતેઓછે અંશે અસર પડ્યા વિના નથી રહેતી. એક દિવસે આ દેશમાં શક્તિની ઉપાસનાનું એક જબરજસ્ત મોજું ફરી વળ્યું હતું. શક્તિઓની પ્રતીક સમી ગણાતી વિવિધ દેવીઓની પૂજા–ઉપાસના જાણે માનવજીવનની સાર્થકતા હોય અને એ દેવીઓના પ્રતાપે જ સંપત્તિ,

સફળતા અને યશકીર્ત્તિ આવી મળતી હોય એમ મનાતું. કોઈ ગરીબ માણુસ, ધનવાન બનવાના સીધા માર્ગમાં નિરાશ બન્યો હોય તો તેને એમજ લાગે કે લક્ષ્મી દેવીની ઉપાસના કર્યા વિના કોઇ પાસો સવળો નહિ પડે. કોઇ પંડિત વાદવિવાદની સભામાં ફત્તેહમંદ ન થયો હોય તો તેને પણ પણ સરસ્વતી, તારા કે ચક્રેશ્વરી દેવીની મદદ વિના આ કાર્યમાં સિદ્ધિ નહિ મેળવાય એમ જ લાગે. દેવ દેવીઓની ઉપાસનાએ એ વખતે ભલભલા પંડિતો, ધનાર્થીઓ અને સાધકોની બુદ્ધિ ઉપર ભૂરકી નાખેલી. આપણા જૈન સાહિત્યમાં પણ એ દેવીઓએ પ્રવેશ કરેલો–રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાળી, મહાકાળી, ગોરી, ગાંધારી, વિગેરે સોળ વિદ્યાદેવીઓનું સ્મરણ તો આજે પણ કરવામાં આવે છે. અમુક પ્રકારના મંત્રતંત્ર આરાધ્યા હોય, વિધિપૂર્વક ઉજવ્યા હોય તો તાવ, ગ્રહ, ભૂત, શાકિની અને બીજા રોગો તથા ઉપસર્ગો સ્વતઃ શાંત થઈ જાય, દુશ્મનોની વચ્ચે પણ સાધકનો જયજયકાર વર્ત્તી રહે! ચતુર્વિધ જૈન સંઘની શાંતિ અર્થે, શહેર પ્રાંત અને દેશની આબાદી અર્થે આ પ્રકારના સ્તોત્રો રચાએલાં. એ સર્વમાં પ્રાણીહિત અને વિશ્વશાંતિની જ સ્વચ્છ સ્ફટિક સમી ભાવના હતી. શાક્તોના પ્રાબલ્યની એમાં છૂપી અસર દેખાય છે. હવે વિચાર કરો કે જ્યાં પ્રૌઢો અને વૃદ્ધો, સ્ત્રીઓ અને પુરુષો, સંન્યાસીઓ અને સંસારીઓ, પંડિતો અને અભણો–આ પ્રકારની સાધના પાછળ પડ્યા હોય,

મંત્રના અક્ષરોનો, સમજ્યા વિના કે અર્ધ સમજણ સાથે જાપ કરવો એ જ ધર્મક્રિયા મનાતી હોય અને અકસ્માત્ યોગે કે શ્રદ્ધાના પ્રતાપે થોડી સફળતા પણ મળતી હોય ત્યાં ભાવમયતા કે ભાવશૂન્યતાનો આંક કાઢવાનો અવકાશ સૌ કોઇને કયાંથી મળે? એટલે કે ગમે તે રીતે પણ ક્રિયા કરવી અને પરિણામ ભાગ્ય ઉપર મૂકી દેવું એવા સંસ્કાર રૂઢ થઇ ગયા. એ સંસ્કારના જૂના થર નીચે આપણી જૈન ઉપાસના દબાઇ ગઈ-ગુંગળાવા લાગી.

ભાવહીન ક્રિયાકાંડ જૈન દૃષ્ટિને અનુકૂળ નથી. જૈન ઉપાસના વિવેક-વિચારણાથી ઘડીવાર પણ સ્વતંત્ર નથી રહી શકતી. મૂળ વાત એ છે કે આપણે બીજા કોઈ પાસેથી કશું જ મેળવવાપણું નથી-આપણે કોઇને રીઝવવા નથી-રીઝવીને આપણું કામ કઢાવી લેવાનું નથી. એ વિષેની આપણી માનીનતા પણ એટલી જ સ્પષ્ટ છેઃ કલ્યાણમંદિરમાં જ આપણે ઉચ્ચારીએ છીએ.

ध्यानाज्जिनेश भवतो भविनः क्षणेन
देहं विहाय परमात्मदशां व्रजन्ति ।

હે જિનદેવ! આપના ધ્યાનથકી ભવ્ય પ્રાણીઓ ક્ષણવારમાં શરીરનો ત્યાગ કરીને પરમાત્મદશાને પામે છે અર્થાત્ ધ્યાનના બળે અંદરથી જ પરમાત્મપણું પ્રગટાવવાનું કે વિકસાવવાનું છે. ધાતુની સાથે માટી મળી ગએલી હોય તેને જુદી પાડવા-શુદ્ધ ધાતુ મેળવવા સખત તાપ આપવો પડે છે,

તેમ ધ્યાન એક પ્રકારનો અગ્નિ છે—એ અગ્નિથી આપણે કર્મ-મળ ધોઈ નાખવાનાં છે—અગ્નિ જેમ ઉગ્ર તેમ કર્મરૂપી રજ અધિક ભસ્મીભૂત બનવાની. ઉપાસનાની આ જૈન દૃષ્ટિ જેઓ સમજી શકવા સમર્થ હોય છે તેમને જૈન દૃષ્ટિની આ વિશિષ્ટતા અનાયાસે સમજાશે.

આપણને કોઇ શક્તિએ અહીં સંસારમાં ધકેલી દીધાં નથી—તેમ અહીંની સંસારલીલા સમાપ્ત થતાં જ પાછા ક્યાંઇક લીન થવાના એમ પણ નથી. કર્મમળના ભારથી આપણે એટલાબધા ભારવાળા અને મલિન છીએ કે આપણને આ સંસારના પ્રવાહમાં તણાવું અથવા ડૂબવું પડે છે. એ મળ જો ધોવાઈ જાય તો ઢંકાએલી—દબાએલી આપણી પરમાત્મદશા પ્રકટ થાય. આપણા પોતાનામાં અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતશકિત વિગેરે છુપાયેલાં પડ્યાં છે. કર્મના આવરણથી એ ઢંકાઈ ગએલાં હોવાથી તે સંપૂર્ણ માત્રામાં પ્રકટ થતાં નથી. ધ્યાન અથવા ઉપાસના એ આવરણનો નાશ કરવાનાં સાધનો છે.

પરમાત્મસ્વરૂપ પામવા માટે જ પરમાત્માની ઉપાસના કે ભકિત, સ્તુતિસ્તોત્ર કે આરાધનાના ક્રિયાકાંડ છે. પરમાત્માનું ધ્યાન ધરતી વખતે કે એના ગુણાનુવાદ કરતી વખતે જો આપણી છુપી સમૃદ્ધિ આપણાથી અજાણી રહે—આપણે જે અંદરથી પ્રકટાવવા માગીએ છીએ તે બહારથી મળી જશે એવી ભ્રમણામાં રહીએ તો આપણી ક્રિયા ભાવશૂન્ય બને. પછી તો આપણી સ્થિતિ પરમ

લક્ષ્મીવાન જેમ ઘેર ઘેર ભિખ માગતો ભટકે તેના જેવી જ થાય. હું કોણ છું—મારામાં કઈ કઈ શક્તિઓના ભંડાર ભરેલા પડયા છે, શા માટે આજે કંગાળ બન્યો છું ઇત્યાદિ પ્રકારની વિચારણાઓ જો ધ્યાનના કાળમાં સ્ફુરે જ નહિ, પરમાત્માને આદર્શ રૂપ માનવા છતાં આપણે પ્રગતિની દિશામાં એક ડગલું પણ આગળ વધી શકીએ નહિ તો આપણે ઉપાસના સંબંધી સાચી દૃષ્ટિ ગુમાવી છે એમ માનવું રહ્યું.

કોઈ કહેશે કે જૈન ધ્યાન કે ઉપાસનાની એ જ વિધિ અથવા શૈલી હોય તો તેમાં ભક્તિની ભીનાશ શી રીતે રહી શકે! જૈન ઉપાસના શુષ્ક કે નીરસ નથી. ઉપાસકોની આદરબુદ્ધિ, ભક્તિમયતા, વીતરાગ પ્રભુને વિષે પણ રહેવાની. જેઓ વીતરાગ બન્યા છે તેમણે એક દિવસે સમસ્ત પ્રાણીઓ પ્રત્યે જે કરુણાની શીતળ લહરીઓ વહાવી હતી અને જે ઉપસર્ગપરંપરાઓ સમભાવે વેઠી હતી તેનાં સ્મરણોમાંથી એવી જ ભક્તિની આર્દ્રતા છૂટવાની. વીતરાગ પ્રભુના જીવનમાં જો કરુણા, મૈત્રી, પ્રમોદના મહેરામણો ઉછળતા હોય તો તેની ઠંડી હવાથી ઉપાસક પણ ભીંજાયા વિના કેમ રહી શકે? જેમની ઉપાસના કરવામાં આવે છે તેમના વિષે ભક્તિભાવ તો જરૂર રહેવાનો. માત્ર ભગવાનના ગુણોનું ધ્યાન ધરતાં ભગવાનના જેવું જ બનવાનું છે એ ધ્યેય દૃષ્ટિબહાર ન રહેવું જોઇએ.

જિનેશ્વરના ધ્યાનથી, ગુણગાનથી કે એ પ્રકારના વિધિ-વિધાનથી આપણે પાપપ્રકૃતિઓને નિર્મૂળ કરવા માગીએ છીએ--પરમાત્મા પાસેથી કોઈ પ્રકારની દયા કે કૃપા નથી વાંછતા એ આપણી જૈન ઉપાસનાની વિશેષતા છે. સ્વામી સમંતભદ્રે પણ પોતાની છટાદાર વાણીમાં એ જ વાત કહી છે:

न पूजयार्थस्त्वयि वीतरागे
न निन्दया नाथ विवान्तवैरे ।
तथापि ते पुण्यगुणस्मृतिर्नः
पुनातु चित्तं दुरितां जनेभ्यः ॥

ભગવન્! પૂજા કે ભક્તિની આપને કંઈ જરૂર નથી, રાગને આપે દૂર હાંકી કાઢયો છે. આપની નિંદા કોઈ કરે તો પણ આપને ક્ષોભ નથી થતો. નિંદા કે સ્તુતિ આપને માટે સરખા છે છતાં હું આપની સ્તુતિ કે ઉપાસના કરું છું એનું કારણ એ જ છે કે આપના ગુણોથી ચિત્તમાં પ્રસન્નતા વ્યાપે છે, પાપમળ ધોવાયાથી મન પવિત્ર બને છે.

કર્મમળ ધોવાની, પ્રભુના ધ્યાનથી પ્રભુમય બનવાની દૃષ્ટિ એ જ યથાર્થ જૈન ઉપાસના છે. આપણા સઘળા ક્રિયાકાંડમાં પણ એને જ પ્રધાનતા અપાઈ છે. જ્યાં એ દૃષ્ટિ, વિવેક કે શૈલી ન હોય ત્યાં ભાવશૂન્યતા છે એમ સમજી ઉપાસક માત્રે ભાવશુદ્ધિ કરી વાળવી જોઇએ એ જ અહીં મુખ્ય મુદ્દો છે.

# ગુણસ્થાન

ગુણસ્થાન એ શું છે? શાસ્ત્રીય ચર્ચામાં ઘણી વાર એ ગુણસ્થાનનો ઉલ્લેખ થાય છે. સામાન્ય રીતે એને ગુણઠાણું પણ કહેવામાં આવે છે. આ ગુણસ્થાન એકલા જૈનોએ જ કલ્પ્યાં કે સર્જ્યાં છે એવું કંઇ જ નથી. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એવી ત્રણ સંક્ષિપ્ત ભૂમિકાઓ તો તમે સાંભળી હશે. જૈનદર્શને એ જ સ્થિતિને જરા વિસ્તારીને ચૌદ ભૂમિકાના રૂપમાં ગોઠવી છે. એમ કહેવાય છે કે યોગવાસિષ્ઠ જેવા વેદાન્તના ગ્રંથમાં પણ સાત અજ્ઞાનની અને સાત જ્ઞાનની એમ ચૌદ આત્મિક ભૂમિકાઓનું વર્ણન છે. સાંખ્યયોગદર્શન પણ ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂદ્ધ એવી પાંચ ચિત્તભૂમિકાઓ વર્ણવે છે. ચૌદ ભૂમિકાઓનું એ ટુંકું વર્ગીકરણ છે એમ ખુશીથી કહી શકાય. બૌદ્ધદર્શનમાં પણ આધ્યાત્મિક વિકાસને પાંચ ભૂમિકામાં પૃથગ્જન, સોતાપન્ન આદિ રૂપે સમાવી દીધો છે. આ રીતે આપણા બધા જ આર્યદર્શનોએ સંસારથી મોક્ષ સુધીના ક્રમ અને સ્થિતિ, તેમજ કારણો ઉપર પુષ્કળ પ્રકાશ નાખ્યો છે.

ગુણસ્થાનો ચૌદ છે પણ એ ઉપરથી ગામ કે શહેર-ની જેમ દૂર દૂર હશે, વચ્ચે કંઇ સંબંધ જ નહિ હોય એમ નથી માનવાનું. માત્ર એને બુદ્ધિગમ્ય બનાવવા ચૌદ ભૂમિકાઓ વર્ણવેલી છે. માણસ પ્રવાસ કરતો અસંખ્ય સ્થાનોને સ્પર્શતો જાય છે, પણ એ બધાનું વર્ણન કરવાનો એને અવકાશ નથી મળતો. એ તો વચ્ચે મોટા શહેરો કે ગામડા આવ્યાં હોય તેનું જ થોડું વિવેચન કરશે. તે જ પ્રમાણે આત્માની પરિણતિઓ તો પાર વિનાની હોય છે–એક રીતે એ ગુણસ્થાનો જ છે. પાણીના પ્રવાહને કોઈ અમુક માપથી ઓળખે અથવા સમયના વિભાગને અમુક નામથી ઓળખે તો તેથી કરીને એના સાવ નોખા ભાગ નથી પડી જતા–અખંડ પ્રવાહ તો અટૂટ જ રહે છે. તે જ પ્રમાણે આ ગુણસ્થાનોને જુદા જુદા નામથી ઓળખાવવા છતાં આત્મવિકાસનો, સ્વરૂપાચરણનો ક્રમ અટુટ અને એકધારો જ રહે છે. ગુણસ્થાનોની એક અખંડ સીઢી છે. પગથિયાં જુદાં જુદાં દેખાય તો પણ આરોહણના ક્રમમાં કંઈ ફેર નથી પડતો. પ્રથમના ચાર ગુણસ્થાનનો સંબંધ સમ્યગ્દર્શન સાથે છે. બાકીનાનો સમ્યક્ચારિત્રની સાથે. સંક્ષેપમાં આપણે તે જોઇ લઈએ–

૧ લું મિથ્યાત્વઃ સમ્યગ્દર્શન કે સમ્યક્ચારિત્ર વગરની પ્રાણીની આ ભૂમિકા હોય છે. નાના જીવ–જંતુથી માંડી મહાપંડિતો અને રાજામહારાજાઓ પણ આ ભૂમિકામાં પડ્યા હોય છે.

૨ જું સાસાદનઃ મિથ્યાત્વ ગુણસ્થાનના અનંતાનુબન્ધી કષાયો અહીં પણ હોય છે. અહીં માત્ર મિથ્યાત્વ નથી હોતું એટલે એ પ્રથમના ગુણસ્થાન કરતાં ચઢિયાતું છે. આ ભૂમિકા ઉપરના પ્રાણીને અજ્ઞાની કહેવાય, પણ મિથ્યાત્વી ન કહેવાય. બાકી, અનંતાનુબંધી કષાય હોવાથી મિથ્યાત્વમાં કયારે સરી પડે તે કહેવાય નહિ- આ ગુણસ્થાનવાળો જીવ પડે તો પ્રથમ ભૂમિકાએ પહોંચે. સાસાદનનો સમય ક્ષણમાત્રનો હોય છે. જ્યારે કોઇ સમ્યક્ત્વી સમ્યક્ત્વથી પડે છે ત્યારે એકાદ પળ આ પગથિયે અટકે છે.

૩ જું મિશ્રઃ અહીં અનંતાનુબંધી કષાય નથી હોતા એટલે આ પ્રથમની બે પગથી કરતાં ઊંચે સ્થાને છે, છતાં અહીં પૂર્ણ વિવેક નથી હોતો—સમ્યક્ત્વ અને મિથ્યાત્વનું મિશ્રણ હોય છે, તેથી જ એ ગુણસ્થાન પણ મિશ્ર ગુણસ્થાનના નામથી ઓળખાય છે.

પુરાણી ટેવો એકદમ પીછો નથી છોડતી. નવું દર્શન પામવા છતાં જીવ જૂના સંસ્કારોથી ખેંચાય છે. મિશ્ર ગુણસ્થાનની ભૂમિકા ઉપર એવું દ્વંદ્વ વર્તે છે. અહીંથી બે માર્ગ જાણે ફંટાતા લાગે છે. કાં તો નીચે પડે—મિથ્યાત્વમાં અને કાં આગળ ઉન્નતિ કરે.

૪ થું અવિરત સમ્યક્ત્વઃ અહીં જીવને સમ્યગ્દૃષ્ટિ લાધે છે. અવિરત કહેવાનું કારણ એટલું જ કે આ ભૂમિકા ઉપર

સંયમ બહુ હળવો હોય છે. મન, વચન કે કાયા ઉપર તેની નજીવી અસર રહે છે.

૫ મું દેશવિરતિ: દેશ એટલે અંશ: સમ્યગ્દૃષ્ટિ જીવ અહીં પહોંચ્યા પછી વ્રતધારી બને છે. મહાવ્રતોને ધારણ કરવા જેટલું સામર્થ્ય ન હોવાથી શ્રાવકના બાર વ્રતો વિગેરે પાળવાની એનામાં યોગ્યતા આવે છે. એના આર્ત્ત, રૌદ્રધ્યાન, મંદ હોય છે. સ્વાધ્યાય, સંયમ, તપ, દેવગુરુભક્તિ જેવી પવિત્ર કરણીમાં એને રસ પડે છે.

૬ ઠું પ્રમત્તવિરતિ: અહીં અહિંસાદિ પાંચ મહાવ્રતોનું પાલન હોય છે, પણ પ્રમાદનો સંભવ છે. કર્ત્તવ્યનો માર્ગ દૃષ્ટિ સન્મુખ સ્પષ્ટ હોય ખરો, પણ આલસ્યાદિના કારણે અનાદરબુદ્ધિ ઉપજે એનું નામ પ્રમાદ. વિકથા, કષાય, ઇન્દ્રિયવિષય, નિદ્રા, પ્રણય વિગેરે એ પ્રમાદના ભેદો છે. પ્રમાદ એટલે ખાસ કરીને અહીં પ્રમાદની તિવ્રતા જ સમજવાની છે.

૭ મું અપ્રમત્તવિરતિ: સંયમી માણસ અનેક વાર પ્રમત્ત-માંથી અપ્રમત્ત અને અપ્રમત્તમાંથી પ્રમત્તમાં આવ-જા કરે છે. કર્ત્તવ્યની અંદર ઉત્સાહ કે ઉલ્લાસ અખંડિત રહે એ અપ્રમત્તાવસ્થા અને ઉત્સાહ મંદ પડે એટલે પ્રમત્ત અવસ્થા.

૮ મું અને ૯મું અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ: સમ-ભાવના એવા અપૂર્વ પરિણામ ઉલ્લસે કે જેવા પહેલાં કોઈ વાર ન અનુભવ્યા હોય તેથી તે અપૂર્વકરણ કહેવાય. આત્મિક ઉત્થાનમાં આ પરિણામોની નિર્મળ ધારા વહે છે. એ તદ્દન

નવીન લાગે છે. એ જ પ્રમાણે અધ્યવસાયોની અનિવૃત્તિ એટલે દ્રઢતા હોવાથી અનિવૃત્તિ ગુણસ્થાનક કહ્યું છે.

૧૦ મું સૂક્ષ્મસંપરાયઃ મોહનીય કર્મની વીસ જેટલી પ્રકૃતિઓ ઉપશાંત અથવા ક્ષય થયા બાદ ફક્ત સૂક્ષ્મ ખંડસ્વરૂપ લોભ–કષાયનું અસ્તિત્વ હોવાથી એને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક કહેવામાં આવે છે.

૧૧ મું ૧૨ મું ઉપશાંતમોહ અને ક્ષીણમોહઃ આ બન્ને પૂર્ણ સમભાવવાળા ગુણસ્થાન છે. માત્ર ફેર એટલો જ કે ઉપશાંતમોહીનો સમભાવ સ્થાયી નથી હોતો. ક્ષીણમોહીનો સ્થાયી હોય છે.

૧૩ મું સયોગં કેવલીઃ અહીં શુદ્ધ ક્ષાયિકભાવ, ઉત્કૃષ્ટ ક્ષાયિક સમ્યક્ત્વ તથા નિશ્ચય ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર વર્તે છે. આત્માનો અહીં પરમ વિકાસ હોય છે. એમને કેવલી, અર્હન્ત, સર્વજ્ઞ, જિવન્મુક્ત કે સ્થિતપ્રજ્ઞ ગમે તે નામથી સંબોધો. આ સ્થિતિ મેળવ્યા પછી નીચે પડવાપણું નથી રહેતું.

૧૪ મું અયોગ કેવલીઃ અંતિમ સ્થિતિમાં કેવળી જ્યારે એકાદ ક્ષણને માટે પૂર્ણ નિશ્ચલ બની જાય ત્યારે એ નિશ્ચલ અવસ્થા અયોગ કેવલીની અવસ્થા કહેવાય.

શાસ્ત્રીય પરિભાષાની પકડમાંથી એ વર્ણનને જો આપણે બહાર કાઢીએ તો સામાન્ય માણસ પણ એ સમજી શકે.

(૧) **જડ-અબૂઝ**—એવી ભૂમિકાના જીવો આ પગથિયા ઉપર હોય છે કે જેમને બંધ કે મુક્તિનો વિચાર-જ નથી આવતો. સામાન્ય રીતે આપણે બંધનોથી, ગુલામીથી કંટાળીએ છીએ—એ કંટાળો અથવા તો વેદના જ મુક્તિનાં સાધન વિચારવાની પ્રેરણા આપે છે.

( ૨ ) જેમના દિલમાં મુક્તિની તમન્ના જાગી હોય છે—જેમણે એ માટે થોડો પ્રયત્ન કર્યો હોય છે, પણ અહીં પતનનો બહુ ભય રહે છે. ત્રીજે પગથિયેથી પડ્યો હોય તે અહીં અટકે છે—બહુ થોડી વારને માટે.

( ૩ ) **શિથિલ શ્રદ્ધા**—અહીં મુક્ત બનવાની ઈચ્છા તો છે, પ્રયત્ન પણ છે—માત્ર શ્રદ્ધાનું બળ શિથિલાવસ્થામાં હોય છે. ચોથા પગથિયાથી જે પડે તે અહીં અટકે.

( ૪ ) **સાચી ધગશ**—આ સ્થિતિએ પહોંચનાર સાચી ધગશ ધરાવતો બને છે. બહારથી જોતાં એ નિરુદ્યમી કે નિષ્ક્રિય લાગે, પણ મુક્તિની ચીણગારીઓ અંતરમાં ઊડતી રહે છે. પહેલા પગથિયાથી સીધા અહીં આવી શકાય છે. ખરૂં કહીએ તો આ બીજું પગથિયું પણ છે. આ પગથિયે મારું-તારું એ પ્રકારનો ભાવ મંદ પડવા માંડે છે. ક્રોધ, માન, માયાની ચંડાળ ચોકડી પણ દબાવા લાગે છે.

( ૫ ) **કર્ત્તવ્યપરાયણતા**—આ પગથિયે કર્ત્તવ્યપરાયણતાનો આરંભ થાય છે. અહીં કોના પ્રત્યે પોતાનું શું કર્ત્તવ્ય છે તે સમજાય છે. કર્ત્તવ્યની દૃષ્ટિએ અગિયાર ભેદ બતાવવામાં આવ્યા છે, પણ અહીં એ વાત જવા

દઈશું. માત્ર અહંતા અને મમતાને મીટાવી દેવા-નિષ્કામ કર્મયોગ જેને કહેવામાં આવે છે તેને અનુકૂળ બનવાના એ સાધનો છે એટલું કહેવું બસ થશે. આ પગથિયે પહોંચનાર બીજાને માર્ગદર્શક બની શકે છે.

( ૬ ) **આળસ્ય-પ્રમાદ**-સાતમા પગથિયે પહોંચનાર સાધક અહીં થોડો આરામ લેવા થોભે છે. થોડી વધુ તૈયારી પણ કરી લેવાની હોય છે.

( ૭ ) **આળસરહિત**—ખરેખરો જાગૃત અને સાવધ. પૂરી તમન્ના અને સ્ફુર્તિવાળો સાધક આ પગથિયે પહોંચી શકે છે. એની આત્મશ્રદ્ધા અને બળ એટલાં અદ્ભૂત હોય છે કે સામાન્ય માણસને તે શાંત સરોવર જેવો જ લાગે.

( ૮ ) **આત્મદર્શી**—આ ભૂમિકાએ પહોંચનાર, પોતાની અંદર રહેલી શક્તિને બરાબર ઓળખી લે છે. દુનિયાનાં કષ્ટ કે આફતની એ બહુ પરવા નથી કરતો. એમની પાસે પહોંચીએ એટલે આખું વાતાવરણ જાણે બદલાઈ ગયું હોય એમ લાગે. જેમની મુખમુદ્રા જોતાં જ સંદેહ ઓગળી જાય એમ કહેવાય છે તે પૈકીના આ પુરુષો હોય છે. સફળતા અથવા સિદ્ધિ એમનાથી બહુ દૂર નથી રહેતી.

( ૯ ) **સમદર્શી**—આ વર્ગના સંતોને ક્રોધ, માન, માયાની ભૂતાવળ હવે ડારી શકતી નથી. એમનામાં એક

નવી જ શક્તિનો ધોધ વહેવા લાગે છે. એમણે પોતાની અંતર્નિહિત તાકાત એટલે અંશે સ્ફુરાવી હોય છે કે એમનામાં અહંતા કે ઘમંડ જેવું કંઈ રહેવા પામતું નથી,

( ૧૦ ) **મુક્તિના પથિક**--અહીં પોતાપણાનો સર્વથા નાશ નહિ તો પણ એની ઉપર પૂરો કાબૂ આવી ગયો હોય છે. એમની પ્રસન્ન અને નિર્મળ મુખમુદ્રામાં એક પ્રકારની જાદૂઇ અસર હોય છે. એમની આસપાસ જિજ્ઞાસુઓ અને ભક્તજનોની ભીડ જામવા લાગે છે. વસ્તુતઃ એ મુક્તિમાર્ગના પથિક હોય છે.

( ૧૧ ) **ઉપશાંત**—દસમી ભૂમિકાવાળાને આ અગિયારમા પગથિયે આવવું જ પડે એવો નિયમ નથી. આ પગથિયું બહુ જોખમવાળું ગણાય છે. જેમણે પોતાની અંદરના કામ–ક્રોધાદિ દુશ્મનોનું માત્ર દમન કર્યું હોય છે તેમની સામે એ ચંડાળ–ચોકડી બંડ ઉઠાવે છે.

(૧૨) **મોહનાશ**—જેમણે મોહ–મમતાનો નાશ કર્યો હોય છે તે આ પગથિયે પહોંચે છે. જીવન્મુક્ત બનવામાં હવે એમને બહુ વિલંબ નથી લાગતો. આટલી ઊણપ રહે છે તે પણ કર્મની સાથે એક વાર ઘનિષ્ટ પરિચય હતો તેને લઇને. એટલે કે સીંદરી બળી જાય, છતાં વળ રહી જાય તેની જેમ છેલ્લી અસર રહી જાય છે. આ ભૂમિકાએ પહોંચ્યા પછી પડવાપણું નથી.

( ૧૩ ) **જીવન્મુક્ત**-( અર્હંત ) કર્મનો વળગાડ

અહીં છૂટી જાય છે. કેવળ આત્મા અને આત્માનો સ્વાભાવિક ઉદ્યોત અને ઉદ્યમ પ્રત્યક્ષ થાય છે. દેહ હોય પણ નામ માત્રનો. આથી વધુ શક્તિમાન આત્મા દેહમાં રહી શકે નહિ. આ પુરુષમાં લોકોને આકર્ષવાનું અજબ ખેંચાણ હોય છે. એમની વાતો સીધી સાદી હોય છતાં એમાં અપૂર્વતા લાગે. એમની પાસે કોઈ અપવિત્રતા કે વેરવિરોધ ટકી શકે નહિ. ક્રાંતિ અને શાંતિ હાથમાં હાથ મીલાવે. બકરી ને વાઘ એક આરે પાણી પીવે એમ જે કહેવાય છે તે આવા પુરુષોના પુણ્યબળથી.

(૧૪) **સિદ્ધ**–સંસારની સાથે એમને કંઇ નીસબત નથી રહેતી.

આ ચૌદ ગુણસ્થાનકો જૈનધર્મમાં કહ્યા છે, પણ તે ઉપરથી એકલા જૈનોને જ એની સાથે સંબંધ છે એમ નથી માનવાનું. પ્રાણીમાત્રને આત્મપ્રગતિના માર્ગમાં એ પગથિયા પસાર કરવા જ પડે છે. જૈન તત્ત્વચિંતકોએ આત્મ-વિકાસની એ સીઢી પુષ્કળ અનુભવ અને ચિંતનના પરિણામે રચી છે. જૈન સિદ્ધાંત પક્ષપાતશૂન્ય છે. જૈન ધર્મમાં માને અથવા પોતાને જૈન કહેવરાવે તો જ આ સીઢી ચડી શકે એમ નથી. અંતરના પરિણામોની જેટલે અંશે શુદ્ધિ હોય, કષાયો-ની જંજાલમાંથી જેટલે અંશે છૂટા થવાય તેટલા અંશે આ પ્રગતિની સીઢી ઉપર સૌ કોઇનો એક સરખો અધિ-કાર છે. શાસ્ત્રીય પરિભાષામાં ગુણસ્થાનકની વર્ણના વિસ્તારથી કરવામાં આવી છે–એને લોકભોગ્ય વાણીમાં

દર્શાવવી એ જરા મુશ્કેલ કામ છે, છતાં અહીં એ પ્રકારની થોડી હિમ્મત કરી છે. એમાં ભૂલચૂક હોય તો સુજ્ઞજનોએ દરગુજર કરવી.

# સુભાષિત

યૌવનના ઉન્માદથી જેમ ચેતતા રહેવાનું છે, તેમ લક્ષ્મીના ઉન્માદથી પણ સાવધ રહેજો. સભ્યતા અને પવિત્ર સંસ્કાર હોય તો લક્ષ્મીનો વૈભવ સુગંધમય બને છે.

卐 卐 卐

આગળ ધંધો, પાછળ ધંધો
ધંધામાં યે ધંધો
પણ જે ધંધામાં યે ધર્મ કરે
તે સાહેબકો બંદો.

卐 卐 卐

જીવ–અજીવના અનુભવજ્ઞાનને ભેદજ્ઞાન કહેવામાં આવે છે. એ ભેદજ્ઞાન શાસ્ત્રાર્થ કરવા માટે, પાંડિત્યનો દંભ કરવા માટે નથી; પણ હું કોણ અને મારું શુદ્ધ સ્વરૂપ શું તે જાણવા માટે એનો ઉપયોગ છે.

卐 卐 卐

પુણ્ય એટલે આત્માનો પ્રકાશ અને પાપ એટલે વિનય-વિવેકની જડતા–અંધકાર. અંધકારમાંથી પ્રકાશમાં જવાને સૌ કોઇ ઝંખે છે. ઝંખના સાચા દિલની હોય તો કોમળ અંકુર જેમ પત્થરના કઠણ હૈયાને ભેદીને બહાર નીકળે છે અને પ્રકાશના દર્શન મેળવે છે તેમ આપણે પણ પ્રકાશ પામીએ.

—ઉપા. શ્રી દેવચંદજી મહારાજ

# સંઘસેવક

મોટી સભા કે પરિષદ મળવાની હોય અને સ્વયં-સેવકોની જરૂર પડે તો એક કહેતાં એકવીસ સ્વયંસેવકો હાજર થઈ જશે. નાના–મોટા જમણવાર કે ઉત્સવમાં પણ પોતાની સેવા આપનારા નૌજુવાનોની ખોટ નહિ દેખાય. મંડળમાં અથવા સંસ્થામાં અધિકારીઓની જગ્યા ભરવી હશે તો એક પ્રમુખ કે મંત્રીને બદલે ખુશીથી દસ મંત્રીઓ અને પાંચ જેટલા પ્રમુખો જડી જશે–સામાન્ય સભ્યોની નામમાળા તો એટલી લાંબી બનશે કે કોરો કાગળ દીપી નીકળશે. આ બધાં દ્રશ્યો અને વર્ણનો વાંચતાં આપણને સહેજે એમ લાગે કે આજે સેવાભાવ વધ્યો છે—લોકોમાં સેવાભાવની ભરતી આવી છે. પહેલાં જે એમ કહેવાતું કે સેવાધર્મ તો યોગીઓને પણ અગમ્ય છે તેને બદલે આજે સેવાભાવ ઘણો સસ્તો બની ગયો છે એમ પણ લાગે. નામની પાસે 'સંઘનો સેવક' લખવાનો રિવાજ એટલો બધો પ્રચલિત છે કે સંઘસેવક બનવા મથનારે કયા ગુણો કેળવવા જોઈએ તે તરફ ભાગ્યે જ કોઈનું લક્ષ જતું હશે.

શોભાની ખાતર સેવક કહેવડાવનારા કે પ્રસિદ્ધિની ખાતર આગળ પડનારા સેવકોની વાત જવા દઈએ તો જેના અંતરમાં સંઘસેવાની, ધર્મની સેવાની કે રાષ્ટ્રની સેવાની ધગશ સતત જળતી રહેતી હોય એવા વિરલા જ મળશે. એવા સેવકો ધર્મ, સંઘ અને રાષ્ટ્રનું ગૌરવ છે, દેશનું ખરૂં ધન છે—આશા અને શ્રદ્ધાનું વિરામસ્થાન છે.

સાચો સેવક કદિ સાંસારિક સિદ્ધિ કે પ્રતિષ્ઠાની પાછળ ઘેલો નથી બનતો. સંઘસેવક કે લોકસેવકનો રાહ ફૂલથી છવાયેલો નથી હોતો. એને તો ડગલે ને પગલે કાંટા વાગે છે. પણ એવી સામાન્ય મુશ્કેલીઓથી જનતાનો સેવક પાછું પગલું નથી ભરતો–જેણે શ્રદ્ધાપૂર્વક એમ માન્યું કે પોતે સેવાભાવી છે તેને અંગત સુખ, આરામ કે યશની પરવા નથી હોતી. જે ક્ષણે સેવકના દિલમાં એવું પ્રલોભન જાગે કે બીજા હજારો ભાઈઓ પુષ્કળ ધનસંચય કરે છે અને લહેર ઉડાવે છે, સેંકડો ભાઈઓ એવા છે કે જે વરસે–છ મહિને એકાદ સભામાં કે સમિતિમાં જઈને પ્રસિદ્ધિની કલગી પહેરી આવે છે તો મારે એકલાએ જ આ સ્થિતિમાં શા સારુ પડી રહેવું–આવું પ્રલોભન જાગે તો સમજવું કે પોતે સેવકપદના ગૌરવને અયોગ્ય છે. કેટલાકો સામાન્ય સાંસારિક સગવડોનો કે વૈભવનો ઉપરછલો ભોગ ખુશી આપી શકે છે પરંતુ એમને કીર્ત્તિની મોહિનીના પાશમાંથી બચવું મુશ્કેલ થઈ પડે છે. જે સંઘસેવક બનવા માગતો હોય અને એવો ને એવો જ

નિર્દોષ સેવક રહેવા માગતો હોય તેણે આવા પ્રલોભનોથી હંમેશા સાવધ રહેવું જોઈએ. યશ કે પ્રતિષ્ઠાની પાછળ ભીખારીની જેમ ફરનારા એને મેળવી શકતા નથી. એનો અર્થ એવો નથી કે સંઘસેવકના ગળામાં કીર્ત્તિદેવી પોતાનો હાર નાખે જ નહિ–કીર્ત્તિ કે પ્રતિષ્ઠા મળી જાય તો પણ પોતે એનો અધિકારી નથી એમજ તે તો માને. ભૂલેચૂકે પણ જો આવા પ્રલોભનમાં સંઘસેવક ફસાય તો પોતે ભૂલ કરી છે એમ માની ભવિષ્યમાં વધુ સાવચેત રહેવાનો તેણે સંકલ્પ કરવો જોઈએ.

આ તો સેવકપણાની ભૂમિકાની વાત થઈ. સંઘ-સેવકનો કર્ત્તવ્ય દોર નિશ્ચિત અને દૃઢ હોવો જોઈએ એટલે કે એ જો ચંચળવૃત્તિનો હોય–આજે એક ધ્યેય સ્વીકારે અને કાલે સવારે બીજો નિર્ણય કરી બેસે તો લોકોને સાચી દોરવણી ન આપી શકે. કેટલીક વાર સંઘ-સેવકો ખૂબ ઊહાપોહને અંતે નિર્ણય કરે છે, એમાં સમાજ કે સંઘનું શ્રેય છે એમ જાહેર કરે છે, પરંતુ એની સામે જેવો વંટોળ ઊભો થયો–થોડો વિરોધ જાગ્યો કે તરત જ એમને પાઘડી ફેરવી બાંધવાની જરૂર લાગે છે. નિશ્ચયની દૃઢતાને અભાવે આવા સેવકો લોકોની શ્રદ્ધા મેળવી કે કેળવી શકતા નથી. જેઓ ભય કે સ્વાર્થને અંગે પોતાના માર્ગમાંથી પીછેહઠ કરે છે તેઓ પ્રગતિને પાછી ઠેલે છે અને બીજા નવા સેવકના રાહમાં પણ કાંટાની જાળ પાથરે છે. મોટા–હિમ્મતભર્યા ઠરાવો કરવા અને એ રીતે વીરતા

બતાવવી તેના કરતાં જે કંઈ વ્યવહારિક અને તત્કાળ સિદ્ધ થઇ શકે એમ હોય તેવા ઉપાયોનું અવલંબન લેવું વધારે ઉચિત ગણાય. સંઘસેવકે પોતાની અને પોતે જે સમુદાયની અંદર વસે છે તેની શક્તિની મર્યાદા આંકવામાં પછાત ન રહેવું જોઈએ. મુદ્દાની વાત એટલી જ છે કે સંઘસેવક પોતે શ્રદ્ધાપૂર્ણ હોવો જોઈએ. બીજાઓની જેમ ઢચુપચુ કે ચંચળ ન હોય.

સંઘસેવકને માટે બીજું એક ભયસ્થાન છે—અને તે અભિમાન. સંઘસેવક હોવાનો દેખાવ કરનાર, બે હાથ જોડીને ભલે ઊભો રહે, વિનયની વાણી બોલવામાં પણ ભલે કંજુસાઈ ન રાખે, પણ તે ઉપરથી એ નિરભિમાન છે એમ લોકો માની લેતા નથી. એમાં નાટકીય ઢંગ હોવાનો સંભવ છે. સરકારી અધિકારીઓ પણ પત્રવહેવારની ભાષામાં પોતાને "આપનો આજ્ઞાંકિત—નમ્ર સેવક" તરિકે ઓળખાવે છે. પણ એને આપણે કૃત્રિમ વિનય સિવાય બીજું કંઈ નથી માનતા. મોટા દેખાવોમાં સંઘસેવક પોતાની નમ્રતા દાખવે તે ઉપરથી તેનો તોલ નથી થતો—નાના નાના વહેવારમાં, રોજીંદી વાતચીતમાં અને પરસ્પરના સંબંધોમાં એણે પોતાની નિરભિમાનતા બતાવી આપવી જોઇએ. જે માણસે અભિમાનને તીલાંજલી આપી હોય છે તેને કોઇ દુશ્મન નથી હોતો. પોતાની નમ્રતાના બદલામાં એ લોકોનો પ્રેમ મેળવે છે અને એ જ એની ખરી મૂડી બની જાય છે. નિરભિમાન બનવું એટલે સ્વમાનનો પણ ત્યાગ કરવો

એવો એનો અર્થ નથી. સ્વમાન ગયા પછી વ્યક્તિત્વ જ નથી રહેતું. પણ અહીં તો આપણે જેને હુંપદ અથવા ઘમંડ કહીએ છીએ તેની જ વાત થાય છે. જે સંઘસેવક છે તે પોતાના વ્યક્તિત્વને ઉજ્જવળ રાખવા છતાં ગર્વને લોકસમુદાયમાં ઓગાળી દે છે.

ઘણીવાર સામાન્ય સંસારીના જીવનમાં નિરાશાનાં મોજાં ફરી વળે છે. તો પછી સંઘસેવકના જીવનમાં એવા કટોકટીના પ્રસંગો આવે એમાં આશ્ચર્ય નથી. સંઘસેવકે વિરોધ માટે પૂરતી તૈયારી રાખવી જોઇએ. જાણી જોઇને એ સંઘર્ષ કે વિરોધ પેદા ન કરે, પણ જેણે રૂઢીબધ્ધતા, વહેમ, અજ્ઞાન સામે મોરચા માંડયા હોય તેને વિરોધ-વટોળ વચ્ચે સપડાવું જ પડે. એ વખતે અંતરમાં આશા અને શ્રધ્ધાનો દીપક ઓલાવા ન પામે એની પૂરી તકેદારી રાખવી જોઇએ. સંઘ કે સમુદાયનો દરેક માણસ પોતાનું હિત કે કલ્યાણ વિચારી શકે એમ હંમેશા નથી બનતું. વિશાળ સમૂહમાં રૂઢીપ્રેમીઓ અને ટૂંકો સ્વાર્થ જોનારા પણ હોય છે. તેઓ શુભ પ્રવૃત્તિના હાર્દ સુધી પહોંચી શકતા નથી. એમની સંખ્યા મોટી હોય તો સમાજસેવક ભારે દુશ્મનાવટ વહોરી લે છે. નાના વર્તુલમાં સંઘસેવકને ઘણી અથડામણો વેઠી લેવી પડે છે. જેમને પોતાના આત્મીય કે સ્વજન માન્યા હોય છે તેઓ જ કેટલીવાર વિરોધીની છાવણીમાં ભળી જાય છે. આવા વિરોધીનું બળ શરૂઆતમાં એટલું મૂંઝવનારું હોય છે કે સંઘસેવકની

ઘણીખરી શક્તિ એમાં જ ખરચાઈ જાય છે.

કોઈ પણ સુધારક કે શ્રેયસ્કર પ્રવૃત્તિનો ઇતિહાસ તપાસો તો પ્રારંભમાં એનો પ્રચંડ વિરોધ થયેલો દેખાશે. એ વિરોધ શમ્યા પછી લોકો કંઈક વિચાર કરવા પ્રેરાય છે. શ્રેયસ્કર પ્રવૃત્તિના તમામ અંશોનો એકી સાથે કદાચ સ્વીકાર ન થાય, તો પણ એમાં પોતાનું હિત, કલ્યાણ હતું એમ માની તેની થોડી-ઘણી મહત્તા કેટલાકો મુક્તકંઠે સ્વીકારે છે. સંઘસેવકમાં આશાવાદનો પ્રાણવાયુ ન હોય તો તે આવા પ્રચંડ વિરોધો અને સંઘર્ષો સામે ટકી ન શકે.

ભગવાન મહાવીર અને ગૌતમ બુદ્ધદેવના જીવનમાં આવા કેટલાય પ્રસંગો બનેલા તમને યાદ હશે. ગોશાળા અને જમાલી જેવા ભગવાનના નિકટના સંપર્કમાં રહેનારાઓએ એક દિવસ એમનો વિરોધ કરેલો-જૂદા પડી ગએલા. અને ગૌતમ બુદ્ધના સંબંધમાં તો એમ કહેવાય છે કે એમના વહાલા અને અત્યંત આજ્ઞાંકિત શિષ્ય આનંદે પણ ગૌતમદેવને કહી દીધેલું કે "મારે ને તમારે હવે નહિ બને-લ્યો આ તમારું કમંડળ!" આનંદ જેવા આત્મીયે ગૌતમ બુદ્ધદેવને આ શબ્દો સંભળાવેલાઃ એ કાળના બન્ને પુરુષોને એમના સમયમાં ઘણી વિટંબણાઓ વેઠવી પડેલી, છતાં એમણે પોતાના આશા અને શ્રદ્ધાના દીપકને ઓલાવા ન દીધો. વિશ્વનું પરમ હિત તેઓ સાધી શક્યા-એ પ્રકાશના આધારે આજે પણ લોકોને સન્માર્ગ મળે છે.

સેવક અને સામાન્ય જનના દેહ એક જ પ્રકારની માટીથી ઘડાયેલા હોવા છતાં સૌથી મહત્ત્વનો ભેદ એટલો

જ હોય છે કે સાચા સંઘસેવકનું દિલ પોલાદનું હોય છે. એની ઉપર ગમે તેટલા પ્રહારો થાય, પણ નિરાશાને કે અશ્રદ્ધાને ફરકવા દેતા નથી. એમને પૂરી ખાત્રી હોય છે કે આ વંટોળ એક દિવસે જરૂર શમવાનો—લોકો પોતે જ પોતાનું કલ્યાણ સમજવાના અને જેનો વિરોધ કરે છે તે જ માર્ગે કલ્લોલ કરતા ચાલવાના.

સંઘસેવકના રાહમાં જો આવી મુશ્કેલીઓ, કસોટીઓ ન હોય તો પછી સામાન્ય સંસારી અને અડગ સંઘસેવકના જીવનમાં ભેદ જેવું જ ક્યાં રહે છે? સંઘસેવક કસોટીઓ અને વિરોધોના કડવા ઘુંટડા ગળા નીચે ઉતારવા છતાં, જાણે કે અમૃતઘુંટ પીતો હોય એમ જ માને. એ વર્ત્ત-માનમાં નહિ, પણ ભવિષ્યમાં દૃષ્ટિ કરેઃ આજનો દિવસ વીત્યા પછી આવતી કાલે લોકો કેટલા માર્ગાનુસારી બનશે એનો વિચાર કરે, અને એમાંથી જ અખૂટ પ્રેરણા મેળવે.

સંઘસેવક એકલે પંડે બધો ભાર ઉપાડી શકતો નથી. એને સાથીઓ, સહકારી કાર્યકર્ત્તાઓની મદદ લેવી પડે છે. જેની સાથે અવારનવાર સંબંધમાં આવવું પડતું હોય—જેમની પાસેથી કામ લેવાનું હોય તેમની સાથે મીઠો વાત્સલ્યભર્યો સંબધ જળવાઈ રહેવો જોઈએ. કેટ-લેક સ્થળે આવા સહકારીઓમાં જેવો જોઈએ તેવો સંપ કે સદ્ભાવ દેખાતો નથી—બહારથી સંઘની સેવા ઉઠાવવા છતાં અંદર અંદર મનદુઃખ કે મતભેદ રહે છે. એટલે પણ એ સંઘ દ્વારકે નથી પહોંચતો. એક જ ઉદ્દેશ ધરા-વનારા, એક જ પ્રવૃત્તિ પાછળ ભેખ લેનારા ભાઈઓ પણ જો પરસ્પરના સંબંધમાં નીખાલસ, ઉદાર અને

વાત્સલ્યભાવવાળા ન હોય તો પરિણામે સારી સંસ્થાઓ પણ વગોવાય છે.

આપણે વિશ્વપ્રેમની ઘણી મોટી વાતો કરીએ છીએ, પણ જો આપણા સાથી-સંગાથીઓના નાના વર્તુલમાં વાત્સલ્યભાવનો થોડો પરિચય ન આપી શકીએ, એક-બીજાની ઉણપો અને ઉદ્ધતાઇને ખમી-ખમાવી ન શકીએ તો વિશ્વપ્રેમની વાતોનો કંઈ અર્થ જ નથી રહેતો. વિશ્વને તો આપણે શી રીતે પહોંચી શકવાના હતા? આપણા સાથી-સંગાથીઓ પ્રત્યે પ્રીતિ કે વાત્સલ્યભાવ દાખવી શકીએ તો એ જ વાત્સલ્ય વિસ્તરતું વિશ્વપ્રેમરૂપ બની જવાનું. જે સંઘસેવકને ઘણા સહકારીઓ સાથે સંપર્કમાં આવવાનું બને છે અને સંઘર્ષણ થવા છતાં સંયમ અને વાત્સલ્ય દાખવવાની તક મળે છે તેઓ સદ્ભાગી છે. કોઇની સાથે ન બને એટલે સૂતરનો તાંતણો તોડીને ફેંકી દે તેમ પોતાનો સંબંધ તોડી નાખનારા તો હજારો જણા નીકળશે. માત્ર એવે પ્રસંગે સંયમ, ક્ષમાશીલતા દાખવી સંઘહિત, સમાજ-સંગઠનને અબાધિત રાખનારા જ ખરે-ખરા સંઘસેવકના બિરૂદને દીપાવે છે.

સેવાનું વ્રત લેવું કઠણ છે, પણ એને ઠેઠ લગી નભાવવું અતિશય કઠણ છે. સેવા એ જ જેનો જીવનમંત્ર હોય, સંઘસેવાને જ પોતાનું જીવનસાર્થક્ય માનતો હોય અને સંઘસેવાના માર્ગમાં નડતી મુશ્કેલીઓને ફૂલના હાર જેવી ગણતો હોય એવો બડભાગી તો કોઇકજ નીકળશે. આવા સંઘસેવકો જ સંઘને ઘડે છે-સમાજને સુગઠિત કરે છે અને પોતાની પાછળ અક્ષય કીર્ત્તિ મૂકી જાય છે.

# ભ૦ મહાવીર

જૈન સંસ્કૃતિનું શુદ્ધ સ્વરૂપ જેને જાણવું હોય, જૈન સિદ્ધાંતમાં પ્રરૂપેલા ત્યાગ–વિરાગ–ક્ષમા અને આત્મકલ્યાણની દિવ્ય શક્તિ સમજવી હોય તેને ભગવાન મહાવીરના જીવનની નાની–મોટી સર્વ ઘટનાઓ માર્ગદર્શક બની રહે છે. જૈનો ભ૦ મહાવીરને આસન્નઉપકારી માનીને એમના નામસ્મરણની સાથે જ મસ્તક નમાવે છે. સાંપ્રદાયિકતાની ખાતર નહિ, પણ અતિહાસિક દૃષ્ટિથી જોઈએ તો પણ સિદ્ધાર્થ રાજાના એ પુત્ર–વર્ધમાનકુંવર–મહાવીરસ્વામીએ જ અંધકારમાં ભટકતા પ્રાણીઓને આંખો અને પ્રકાશ આપ્યો હતો. ચકખુદયાણ અને મગ્ગદયાણ –ચક્ષુ આપનાર અને માર્ગ દર્શાવનાર તરિકેની એમની ખ્યાતિ અને ઉપકારકતા આજે સૌ કોઇ સ્વીકારે છે. તેઓ રાજકુમાર હોવા છતાં આત્માના કલ્યાણ તેમજ વિશ્વના મંગળ અર્થે ખરેખરી સિંહવૃત્તિથી ત્યાગ–વિરાગના માર્ગે વિચર્યા હતા. જે વખતે યજ્ઞાદિમાં હોમાતા પશુઓના બલિદાનને લીધે પવિત્ર ભૂમિ રક્તરંગી બની હતી અને બીજા અન્યાયો તથા પાખંડોનો પણ પાર નહોતો રહ્યો ત્યારે ભગવાન મહાવીરે કષ્ટો અને ઉપસર્ગોની પરંપરા સહન કરીને પણ અહિંસા–સત્યનું સ્વરૂપ પ્રબોધ્યું અને એ રીતે અંધકારના થરના થર વિખેરી નાખ્યા. અજ્ઞાનમાં સડતી અને અનેકવિધ અત્યાચારોથી છુંદાતી પશુ–પ્રાણી અને માનવીની મોટી સંખ્યાએ છૂટ-

કારાનો દમ લીધો. આત્મકલ્યાણ અને લોકકલ્યાણ એ એ ભિન્ન ભિન્ન વસ્તુઓ નથી, પણ એક જ ઢાલની બે બાજુઓ છે એમ એમણે પોતાના જીવનવ્યવહારથી બતાવી આપ્યું. ભગવાન મહાવીરે સત્ય-અહિંસાનો પ્રચાર કરતાં અથવા તો પ્રકાશનું આંજણ આંજતાં અજ્ઞાનીઓ તરફથી જે ઉપસર્ગો સહ્યાં છે તે વાંચતાં આપણે રોમાંચ અનુભવીએ છીએ. ભયંકરમાં ભયંકર ગણાતા ઉપસર્ગો પણ ભગવાનના કંઠમાં ફૂલના હાર બની જતા હોય અને આજે હજારો વર્ષ પછી પણ એમાંથી શીતળ સુવાસ વહેતી હોય એમ લાગે છે. આત્માનું શ્રેય અને વિશ્વના પ્રાણી માત્રનું મંગળ એ જેનું ધ્યેય બને છે તેનો માર્ગ કેટલો કપરો હોય છે તે આ મહાવીરપ્રભુના જીવન-ચરિત્રથી જણાય છે. અજ્ઞાનીઓ તો એમનો વિરોધ કરે, પરંતુ દેવો અને ભલભલા પંડિતોએ પણ એમની સામે ઝંઝાવાત ઉપજાવેલો. ભગવાનની સહિષ્ણુતા અને કરુણાની અમીધાર-માં વેર-વિરોધ તણાઈ જાય છે. જેઓ વિરોધ કરતા હતા તેઓ જ એમના ચરણ ચૂમે છે. અસાધારણ કરુણા અને ક્ષમાનો પ્રભાવ તો મહાવીરપ્રભુના ચરિત્રમાં જીવંત બન્યો હોય એમ સ્પષ્ટ દેખાય છે.

વૈદિક સભ્યતા કે જેનાં મૂળ રસ-કસ શોષાઈ ગયાં હતાં, માત્ર દંભ આડંબર ને નીરસ ક્રિયાકાંડ અવશેષ રહ્યાં હતાં તેમાં ભ૦ મહાવીરે શ્રમણસંસ્કૃતિનું રસ-સિંચન કર્યું. ગૌતમસ્વામી જેવા એ જમાનાના પ્રખર

પંડિતો—જેઓ કેટલીયે શંકાના જાળાં—જાંખરાં વચ્ચે અટવાઈ જવાથી મૂળ અને શુદ્ધ માર્ગ જોઇ શકતા નહોતા, તેમને, એમની પોતાની શાસ્ત્રશૈલીથી સમજાવ્યા અને શંકા—શલ્યરહિત બનાવ્યા. ગણધરવાદમાં આ હકીકત બહુ સ્પષ્ટપણે રજૂ કરવામાં આવી છે. શંકાનું નિરાકરણ થતાં જ ઈન્દ્રભૂતિ જેવા એમના સમયના સમાજનેતા પ્રભુ મહાવીરના માર્ગનો અંગીકાર કરે છે. સામાન્ય માનવીની શક્તિ અને ધીરજ ખૂટી જાય એવાં કાર્યો ભ૦ મહાવીરની દીર્ઘ તપસ્યા અને કરુણાના પ્રતાપે સહેજે સિદ્ધ થતાં હોય એમ લાગે છે.

ભગવાન મહાવીરે હિંસા, અજ્ઞાન અને વહેમના કાદવમાં ગળાબૂડ બની ગએલી જનતાનો ઉદ્ધાર કર્યો, ચંડકૌશિક જેવા વિષધરને પણ પોતાની અસીમ ક્ષમાશક્તિથી ઉદ્ધર્યો એટલું જ નહિ પણ પ્રાણી માત્રની અંદર જે અદ્‌ભુત સત્તા રહેલી છે તેનો મેઘગંભીર સ્વરે ઉપદેશ કર્યો. જન્મથી કોઈ ઉચ્ચ નથી, નીચ નથી—અસંખ્ય દેવદેવીઓના કલ્પિત ભય કે ત્રાસથી ગભરાઇ જઇને પોતાને પામર માની લેવાનું નથી એ પ્રકારની નિર્ભયતાનો મંત્ર પણ ભગવાને જ સંભળાવ્યો.

ગુલામી કંઈ એક જ પ્રકારની નથી હોતી. આજે આપણે રાજકીય ગુલામીમાંથી છૂટવાને ઘણું મથીએ છીએ—રાજકીય સાથે આર્થિક અને ઔદ્યોગિક ગુલામીનો ત્રાસ પણ ઓછો નથી. પરંતુ વાસનાની ગુલામી કેવી ભયંકર હોય છે, એ ગુલામીના મૂળ કેટલા ઊંડા હોય છે તેમજ

એ વાસનાની ગુલામી બીજી કેટલી ગુલામીઓ ઉપજાવે છે તેનો ખરો ખ્યાલ શ્રમણસંસ્કૃતિ જ આપે છે. ભગવાન મહાવીરે ખરૂં કહીએ તો સાંસારિકતાની ગુલામીમાંથી પ્રાણીમાત્રને મુક્ત કરવાનો પ્રથમ નિનાદ સુણાવ્યો.

એ રીતે જેણે ભયંકર ઉપસર્ગો વેઠીને જગતને આંખો આપી, પ્રકાશ આપ્યો, માર્ગ દર્શાવ્યો તે પુરુષ જગતવંદનીય તથા પ્રાતઃસ્મરણીય બને એમાં આશ્ચર્ય નથી. ભ૦ મહાવીરનું જીવન પ્રેરણાનો એક અખંડ ઝરો છે. જે કોઇ એ ચરિત્રનું પાન કરશે, અને જે તેમાંના પવિત્ર સંસ્કાર ઝીલશે તેને માર્ગ અને પ્રકાશ મળી રહેશે. ભગવાન મહાવીરનું જીવન એટલું પ્રતાપી અને પ્રકાશમય છે કે એ વિષે અહીં વધુ વિવેચન કરવાની જરૂર નથી.

માત્ર એટલું કહેવું અહીં બસ થશે કે ભક્તિની ગુલામી કે અંધશ્રદ્ધાથી પ્રેરાયેલી ઘેલછા પ્રભુ મહાવીરને અભિપ્રેત નથી. તેમનો જીવનસંદેશ કેવળ જ્ઞાન, ભક્તિ કે પુરૂષાર્થ પુરતો મર્યાદિત નથી. એમણે તો વારંવાર એકજ વાત કરી છે કે કર્મમળથી લેપાયેલો માનવી પરવશ ને દુર્બળ રહેવાનો—કર્મબંધનમાંથી મુક્ત બનેલો માનવી જ સર્વ સુખ, આનંદ, સત્ય-શિવ-સૌંદર્યનો અધિકારી બનવાનો. પ્રત્યેક પ્રાણીને મુક્તિની એ સીઢી ઉપર ચડવાનો હકક છે અને શિવસુંદરીની વરમાળ પહેરવાની પણ સૌને સરખી સત્તા છે. આ મંત્રમાં જ માનવજાતિના ઉધ્ધારના બીજ પડ્યાં છે. એ બીજ મંત્ર આપનાર પ્રભુ મહાવીરને કોટીકોટી પ્રણામ હોજો !